પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૪-૧૧-૨૦૨૫-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૦૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# સૌથી ગીચ વસ્તી ધરાવતા ટોપ ટેનમાં સુરત પાંચમા ક્રમે

## વિશ્વની સૌથી ધનિષ્ઠ આબાદી ધરાવતા વિશ્વના ટોચના ૧૦ શહેરોમાં મુંબઈ પ્રથમ અને અમદાવાદ ૯માં ક્રમે હોવાનો સંયુક્ત રાષ્ટ્રનો રિપોર્ટ

### સુરતમાં પ્રતિ ચોરસ કિલોમીટર ક્ષેત્રમાં ૨૪ હજાર લોકોનો વસવાટ

નવી દિલ્હી, તા. ૨૪

દેશની વસતિ ગણતરી પ્રક્રિયા આગામી વર્ષથી શરૂ થશે અને તેમાં ભારતીયોની સંખ્યા ૧૫૦ કરોડ કે તેથી વધુ હશે તે નિશ્ચિત છે પણ દેશમાં વધતી વસતી અને ભારતનું ક્ષેત્રફળ તો તેટલું જ છે તેથી વધારે વસતિના કારણે વસવાટ ગીચ થયા છે.

ખાસ કરીને મોંઘા આવાસ અને ગરીબી એ લોકોને ઝુપડપટ્ટી કે તેવા આવાસોમાં વસવાની ફરજ પાડી છે. તેમાં શહેરીકરણ પણ વધી રહ્યું છે અને હાલ તો સંયુક્ત રાષ્ટ્રસંઘનો એક રિપોર્ટ કહે છે કે દેશના ધનિષ્ઠ-ગીચ-વસતિ ધરાવતા વિશ્વના ૧૦ મોટા મહાનગરોમાં ગુજરાતના બે મહાનગરો સુરત અને અમદાવાદનો સમાવેશ થાય છે

દેશના કુલ ૪ મહાનગરો ટોપ-૧૦ ધનિષ્ઠ આબાદી ધરાવતા શહેરોમાં સ્થાન મેળવે છે. સૌથી વધુ ચોંકાવનારુ એ છે કે વિશ્વના ટોપ-૧૦ ધનિષ્ઠ-પ્રતિ ચોરસ કિલોમીટર સૌથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં મુંબઈ પ્રથમ સ્થાને છે.



મુંબઈમાં પ્રતિ સ્ક્રેપ કિલોમીટર ૨૭૦૦૦ લોકો રહે છે તો આ યાદીમાં ગુજરાતનું સુરત પ્રતિ ચોરસ કિલોમીટર રહેતા લોકોમાં ૨૪૦૦૦ની વસતિ સાથે ચોથા સ્થાને અને અમદાવાદ આ યાદીમાં નવમાં ક્રમે પ્રતિ સ્કવેર કી.મી. ૨૨૦૦૦ની વસ્તીએ સાથે છે અને દેશનું આઈટી લીટી બેંગ્લોર ૧૦માં ક્રમે છે.વિશ્વના શહેરીકરણ અંગેના ૨૦૨૫ના રિપોર્ટમાં આ માહિતી અપાઈ છે. જેમાં ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા ૫૦ મોટા શહેરોમાં ૩૧ એશિયામાં છે. રસપ્રદ બાબત એ છે કે આ ૫૦માં એશિયા-આફ્રિકાના જ દેશો છે.પશ્ચીમના દેશોમાં વધુ વિશાળ ક્ષેત્રફળ અને ઓછી વસ્તીના કારણે ગીચતાની કોઈ સમસ્યા નથી. ખાસ કરીને ગરીબી અને શહેરો તરફ રોજગારી-શિક્ષણ વિ. માટે જવાની મજબૂરીના કારણે આ સ્થિતિ છે.શા માટે શહેરીકરણ વધી રહ્યું છે તેના માટે ૫૧૦ વસાહતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને તેમાં ભારત-નાઈજેરિયા, પાકિસ્તાન, કોંગો ઈજીપ્ત-બાંગ્લાદેશ અને ઈથોપીયાએ ૨૦૨૫થી૨૦૫૦ સુધીમાં વધુ ૫૦ કરોડની વસતિ વધારશે જે દુનિયાની કુલ વસતિના ૫ડઘા લોકો આ દેશોમાં શહેરીકરણનો ભોગ બનશે.ગુજરાતની વાત કરીએ તો સુરત, અમદાવાદ સહિતના મહાનગરોની 'હદ' વધારાઈ રહી છે. આસપાસના વિસ્તારો તેમાં ભેળવવામાં આવી રહ્યા છે તે 'ગેપ' પણ ઝડપથી ભરાઈ જાય છે અને અનેક ક્ષેત્રે અગાઉથી જ ગીચ વસતિ ધરાવતો હોય છે.

રાષ્ટ્રસંઘના રિપોર્ટ મુજબ અમદાવાદમાં

અનુસંધાન પાના ૭ પર



# હી મેન ધર્મેન્દ્રનું ૮૯ વર્ષે દુઃખદ નિધન

## દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના ઘરની બહાર બેરિકેડ, સિક્યોરિટીમાં વધારો : વિલે પાર્લે સ્મશાન ઘાટની પણ સુરક્ષા વધારાઈ

મુંબઈ, તા. ૨૪

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રનું નિધન થયું છે. ઘણા દિવસોથી ઘર પર જ તેમની સારવાર ચાલી રહી હતી. આ દરમિયામન પરિવાર વચ્ચે દેઓલ હાઉસમાં એક્ટરે અંતિમ શ્વાસ લીધા છે. ૮૯ વર્ષીય એક્ટરને શ્વાસ લેવામાં તકલીફ થતાં ૩૧ ઓક્ટોબરે રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૨ નવેમ્બરે તેમને રજા આપવામાં આવી તે પહેલાં તેમણે ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. એવામાં ૧૧ નવેમ્બરે તેમના મૃત્યુની ખોટી અફવાઓ વ્યાપકપણે ફેલાઈ હતી, જેના કારણે તેમનાં પત્ની અને એક્ટ્રેસ હેમા માલિની અને દીકરી ઈશા દેઓલે નિવેદનો આપીને પુષ્ટિ કરી હતી કે તેઓ જીવિત છે અને સ્વસ્થ થઈ રહ્યા છે.પીઢ એક્ટર ધર્મેન્દ્રને ૧૨ નવેમ્બરના રોજ બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તેઓ બે દિવસથી વેન્ટિલેટર પર હતા. ધર્મેન્દ્રને ૧૦ નવેમ્બરના રોજ શ્વાસ લેવામાં તકલીફને કારણે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૧ નવેમ્બરની સવારે, મીડિયામાં એક્ટરના મૃત્યુના ખોટા સમાચાર આવ્યા, જેના પછી તેમની પુત્રી ઈશા દેઓલ અને પત્ની હેમા માલિનીએ નારાજગી વ્યક્ત કરી.ધર્મેન્દ્રને ૧૨ નવેમ્બરના રોજ બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ૧૩ નવેમ્બરના રોજ, પોતાના ઘરેથી નીકળતી વખતે, સની દેઓલે મીડિયા સામે પોતાની નારાજગી વ્યક્ત કરી. હાથ જોડીને, સનીએ ફોટોગ્રાફરો અને પાપારાઝીને પૂછ્યું, "તમારા ઘરે પણ માતા-પિતા અને બાળકો છે. તમને શરમ નથી આવતી?" આ દરમિયાન સની દેઓલે કેટલીક અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો.

# ચીફ જસ્ટીસ પદ માટે સુર્યકાંતને શપથ લેવડાવતા રાષ્ટ્રપતિ મુર્મુ

### શપથવિધિ બાદ સીજેઆઈ સુર્યકાંત બીઆર ગવઈને ભેટી પડયાં

નવી દિલ્હી, તા. ૨૪

સોમવારે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જસ્ટિસ સૂર્યકાંતને ભારતના ૫૩મા ચીફ જસ્ટિસ (CJI) પદના શપથ લેવડાવ્યા હતા. શપથ બાદ CJI સૂર્યકાંતે રાષ્ટ્રપતિ ભવનમાં PM મોદી અને અન્ય લોકો સાથે મુલાકાત કરી હતી.શપથ લીધા બાદ જસ્ટિસ સૂર્યકાંત ભૂતપૂર્વ CJI બીઆર ગવઈને ભેટી પડ્યા અને તેમના



માતાપિતાને પણ પગે લાગ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં બ્રાઝિલ સહિત સાત દેશોના મુખ્ય ન્યાયાધીશો અને સુપ્રીમ કોર્ટના જજ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા.

રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું કે આટલું મોટું આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળ CJIના ??શપથ

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તરાખંડના ગામડાઓમાં ભવ્ય લગ્ન સમારંભો પર પ્રતિબંધ

### સામાજીક દૂષણ નાબુદ કરવા પ્રથમ તબક્કામાં ૨૪ ગામડાઓમાં પહેલ

નવી દિલ્હી, તા. ૨૪

ઉત્તરાખંડના ચક્રાતા પ્રદેશના લગભગ બે ડઝન ગામોએ સામૂહિક રીતે ફાસ્ટ ફૂડ, મોંઘા ભેટો અને ભવ્ય લગ્ન સમારોહ પર પ્રતિબંધ મૂક્યો છે. આનો ઉદ્દેશ્ય વધતા સામાજિક દબાણને ઘટાડવાનો અને જૂની પરંપરાઓને પુનર્જીવિત કરવાનો છે. જૌનસર બાવર પ્રદેશના ગામ પ્રતિનિધિઓએ સર્વસંમતિથી આ નિયમો સ્થાપિત કર્યા છે જેથી લગ્નો તેમના સાંસ્કૃતિ તરફ પાછા ફરી શકે અને પરિવારો પર આર્થિક બોજ ન પડે. ગ્રામ પરિષદ નિયમો તોડનાર કોઈપણ વ્યક્તિને રૂા લાખનો દંડ ફટકારશે.

દોહા ગામના વડા રાજેન્દ્ર તોમરેએ જણાવ્યું હતું કે લગ્નોમાં સંપત્તિના પ્રદર્શનથી આ વિસ્તારમાં દેખાડો કરવાની સ્પર્ધા ઉભી થઈ છે. તેમણે કહ્યું, "આ ધાર્મિક વિધિઓ એક પ્રકારની સ્પર્ધા બની ગઈ હતી અને પરિવારો પર બિનજરૂરી દબાણ લાવી રહી હતી." નવા નિયમો લાગુ કરનારા ગામોમાં દાઉ, દોહા, છુટાઉ, બાજાઉ, હિંગો અને કટ્રીનો સમાવેશ થાય છે.

આ નિર્ણય હેઠળ, લગ્નની મિજબાનીઓમાં ચાઉમીન, મોમોઝ અને અન્ય ફાસ્ટ ફૂડ નાસ્તા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં

અનુસંધાન પાના ૭ પર

# આવતી કાલે અયોધ્યા રામ મંદિરમાં ભવ્યાતિ ભવ્ય ધર્મ ધજા રોહણ મહોત્સવ

## રામ મંદિરના ૧૯૧ ફુટ ઉંચા શિખર પર પ્રથમ વખત વડાપ્રધાન મોદી ધર્મ ધજા ફરકાવશે

નવી દિલ્હી, તા. ૨૪

અયોધ્યા રામ મંદિર માટે બનાવાયેલ ધર્મધ્વજ (ધજા) જન્મભૂમિ પર પહોંચી ગયો છે. આ ધજા ગુજરાતમાં અમદાવાદના ૬ કારીગરો દ્વારા ૨૫ દિવસમાં બનાવવામાં આવ્યો હતો. પીએમ મોદી ૨૫ નવેમ્બરના રોજ સમારોહ દરમિયાન રામ મંદિરના ૧૯૧ ફૂટ ઊંચા શિખર પર પ્રથમ વખત ધજા ફરકાવશે.

આવતીકાલે, પીએમ મોદી અયોધ્યામાં આશરે ૧,૧૦૦ મીટર લાંબા રોડ શો કરશે. સાત સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે બપોરે સમારોહની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પહોંચશે. RSS વડા મોહન ભાગવત પણ આજે બપોરે અયોધ્યા આવી રહ્યા છે. કથાકાર દેવકીનંદન ઠાકુર આજે જ અયોધ્યા પહોંચી ચૂક્યા છે.

ATSકમાન્ડો અને CRPFના જવાનોએ રામ જન્મભૂમિ અને આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે. રામ મંદિર માટે પાંચ લેયરની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં SPG (સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ), NSG કમાન્ડો અને ATSનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને PAC પણ સુરક્ષામાં સામેલ છે. યુપી પોલીસની સાથે સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ (SSF) ની સંપૂર્ણ ટીમ પણ તહેનાત છે. કમાન્ડો દરેક હિલચાલ પર નજર રાખી રહ્યા છે.

આ સમારોહમાં રામ મંદિરના નિર્માણ માટે ૨ કરોડ રૂપિયાથી વધુનું દાન આપનારા ૧૦૦ દાતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. લખનઉ, અયોધ્યા અને આસપાસના ૨૫ જિલ્લાઓના લોકો અને ખેડૂતો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. સમારોહમાં શંકરાચાર્યોને આમંત્રણ આપવામાં આવ્યું નથી.

અમદાવાદના કારીગરો દ્વારા બનાવવામાં આવેલ રામ મંદિરમાં ફરકાવવામાં આવનાર ધજા અનેક રીતે અનોખી છે. આ ધજા ખાસ નાયલોન પેરાશૂટ ફેબ્રિકમાંથી બનાવવામાં આવી છે જે તેને સૂર્ય, વરસાદ અને ભારે પવનથી રક્ષણ આપશે. ભેજ અને તાપમાનની અસરો ઘટાડવા માટે તેમાં ડબલ-કોટેડ સિન્થેટિક સ્તર છે. ધજામાં સૂર્યવંશ, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીકો છે.

# મહારાષ્ટ્રમાં વિદ્યાર્થીના આપઘાત બાદ ભાષા વિવાદ વધુ વકર્યો

### વિદ્યાર્થીના આપઘાત અંગે ભાજપે મનસે ઉદ્ધવને જવાબદાર ઠેરવ્યા

મુંબઈ, તા. ૨૪

લોકલ ટ્રેનમાં મરાઠી ન બોલવા બદલ કેટલાક લોકોએ માર માર્યા બાદ એક મરાઠી યુવકે આત્મહત્યા કર્યા બાદ ઠાકરે બંધુઓ અને ભાજપ વચ્ચે રાજકીય વિવાદ વધુ વકર્યો છે. ભાજપે આ યુવકની આત્મહત્યા માટે મનસે અને ઉદ્ધવ સેનાની દ્વેષપૂર્ણ વિચારસરણીને જવાબદાર ઠેરવી છે.

મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમના નેતૃત્વમાં, પાર્ટીએ શિવાજી પાર્કમાં બાળાસાહેબ ઠાકરેની સમાધિ પર દ્વેષપૂર્ણ વિચારસરણી ધરાવતા નેતાઓના સારા નસીબ માટે સામૂહિક પ્રાર્થના કરી. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેએ ભાજપ અને આરએસએસ પર નિશાન સાધતા કહ્યું કે તેઓ નફરત ફેલાવી રહ્યા છે.

અમિત સાટમે કહ્યું, "આ દુઃખદ ઘટનાએ સમગ્ર મહારાષ્ટ્રમાં ગુસ્સો ફેલાવ્યો છે. કેટલાક રાજકીય પક્ષો સમાજમાં ઝેર ફેલાવવા માટે ભાષાકીય અને પ્રાદેશિકવાદનો ઉપયોગ કરી રહ્યા છે." તેમણે ભાષાકીય અને પ્રાદેશિક વિવાદો માટે ઠાકરે ભાઈઓ, ઉદ્ધવ અને રાજને જવાબદાર ઠેરવ્યા.

આ દરમિયાન, ઉદ્ધવ ઠાકરેએ ભાજપ પર ભાષાના આધારે લોકોને


અનુસંધાન પાના ૭ પર

# સિંધ પ્રાંત અંગે સુરક્ષામંત્રી રાજનાથ સિંઘના નિવેદનથી પાક. ભડકયું

### ભારતે તોપનું નાળચુ સિંઘ બાજું ફેરવતા પાકે. કાશ્મીર મુદ્દે મંત્રણાની ઓફર કરી

નવી દિલ્હી, તા. ૨૪

ભાગલા સમયે પાકિસ્તાનનો ભાગ બનેલા સિંધ પ્રાંત સભ્યતાની દ્રષ્ટીએ હંમેશા ભારતનો અભિન્ન અંગ રહ્યું છે અને કોણ જાણે સિંધ પણ એક સમયે ભારતનો ભાગ બની શકે છે તેવા સંરક્ષણમંત્રી રાજનાથસિંઘના વિધાનોથી પાક



ભડકી ઉઠયુ છે.ભારત પર વિસ્તારવાદી નીતિ અપનાવવાનો આરોપ મુકી દુનિયાએ તેના તરફ ધ્યાન આપવું જરૂરી છે તેવી કાગારોળ શરૂ કરી દીધી છે. પાક. વિદેશ મંત્રાલયે એક વિધાનમાં કહ્યું કે ભારતના સંરક્ષણમંત્રીના આ પ્રકારના વિધાનોને કઈ રીતે વિચારે છે.તે દર્શાવે છે અને સ્થાપીત સચ્ચાઈ (કે સિંઘ પાકનો ભાગ છે) ને પડકારવા માંગે છે તે આંતરરાષ્ટ્રીય કાનુન, માન્યતા પ્રાપ્ત સીમાઓ અખંડતા અને દેશની સંપ્રભુતાનું ઉલ્લંઘન છે. પાકે રાજનાથના વિધાનોને વિસ્તારવાદી હિન્દુત્વની વિચારધારા પણ દર્શાવી હતી.ભારત એક તરફ પાક. કબ્જાના કાશ્મીરને ગમે તે સમયે છોડાવી લેશે તે નિશ્ચિત છે તો પાકના બલુચ પ્રાંતમાં જે આઝાદીનો નારો છે તેમાં ભારત કુશળ ડિપ્લોમેટીક ચાલ ચાલે છે તે સમયે પાકમાં પણ પંજાબ જે રીતે સતાનું કેન્દ્ર ખાસ

અનુસંધાન પાના ૭ પર

# પેશાવરમાં અર્ધલશ્કરી દળના હેડ ક્વાટરમાં આત્મઘાતી હુમલો

### પાક. સુરક્ષા દળોએ અન્ય બે હુમલાખોરોને ઠાર માર્યા

પેશાવર, તા. ૨૪

સોમવારે પાકિસ્તાનના પેશાવરમાં અર્ધલશ્કરી ફ્રન્ટીયર કોર્પ્સ (FC) ના મુખ્યાલય પર હુમલો કરવામાં આવ્યો હતો. પેશાવરના કેપિટલ સિટી પોલીસ ઓફિસર ડૉ. મિયાં સઈદ અહેમદે મીડિયાને જણાવ્યું હતું કે ફ્રન્ટીયર કોર્પ્સ (FC) મુખ્યાલય પર હુમલો કરવામાં આવ્યો છે. "અમારા દળો જવાબ આપી રહ્યા છે અને સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે."એફસી મુખ્યાલયના ગેટ પર એક આત્મઘાતી હુમલાખોરે પોતાને ઉડાવી દીધો. વિસ્ફોટ પછી ગોળીબારનો અવાજ સંભળાયો. સુરક્ષા દળોએ બે હુમલાખોરોને ઠાર માર્યા અને વિસ્તારને સીલ કરી દીધો.પાકિસ્તાનમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ઘટનાઓમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે, ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં. નવેમ્બર ૨૦૨૨માં TTP એ સરકાર સાથે યુદ્ધવિરામ સમાપ્ત કર્યા પછી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે.સપ્ટેમ્બરમાં પણ ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં એફસી મુખ્યાલય પર હુમલો કરવાનો પ્રયાસ થયો હતો, જેમાં છ સૈનિકો શહીદ થયા હતા અને પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા.પાકિસ્તાન સેનાએ ભારતીય પ્રોક્સી ફિત્ના-ઉલ-ખ્વારીજ પર આરોપ લગાવ્યો છે, જે પાકિસ્તાન તાલિબાન (TTP) ના લડવૈયાઓનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે, જે આ હુમલા માટે જવાબદાર છે.

અનુસંધાન પાના ૭ પર


પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# સુરત શહેર ભાજપ દ્વારા 'સર' અંગે વિશેષ ડ્રાઈવ

**સંગઠનના આગેવાનો, સાંસદ, ધારાસભ્યઓ નગર સેવકો સહિત આગેવાનો વિવિધ બુથો ઉપર હાજર રહી કામગીરી માં મદદરૂપ બન્યા**

સુરત, તા.૨૪

ચૂંટણી પંચ દ્વારા SIR હેઠળ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (સ્પેશિયલ ડ્રાઈવ) ચાલી રહ્યો છે જે અંતર્ગત આજે સુરત મહાનગર ખાતે પણ મતદાર યાદી સુધારણા SIR ની કામગીરી ચાલી રહી છે, આજે ચૂંટણી પંચ દ્વારા SIR અભિયાન અંતર્ગત યોજાયેલી વિશેષ ડ્રાઈવ માં શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ ની આગેવાની હેઠળ ઉધના ખાતે આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ મીરાનગર શાળા નંબર ૨૦૬-૨૦૭ તથા મરાઠી શાળા ખાતે ઉપસ્થિત રહી કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું

ત્યાર બાદ સુરત શહેર SIR ના પ્રભારી શ્રી પિયુષ ભાઈ દેસાઈ (પૂર્વ ધારાસભ્ય શ્રી ) કેન્દ્રીય વિદ્યાલય ઈચ્છાનાથ-૧ કે જે ગુજરાત રાજયના ડેપ્યુટી મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી નું બૂથ છે તેની મુલાકાત લીધી ત્યારબાદ સેન્ટ ઝેવિયર સ્કૂલ ઘોડદોડ રોડ,S.D. જૈન સ્કૂલ, અગ્રસેન સ્કૂલ સીટી લાઈટ ભટાર ખાતે આવેલ સોગાયો સ્કૂલ ની મુલાકાત લીધી હતી અને BLO દ્વારા થઈ રહેલ કામગીરી ની સરાહના કરી હતી, મતદાર યાદી સુધારણા ઝુમ્મેશને વધુ પ્રભાવશાળી બનાવવા અને દરેક પાત્ર મતદાન નું નામ મતદાર યાદી માં નોંધાય તે માટે માર્ગદર્શક ચર્ચાઓ સાથે આયોજનને વેગ આપવામાં આવ્યો હતો

# સુરત મનપા પેન્શનર્સ એસો.ની પ્રથમ સામાન્ય સભા યોજાઇ

**સંગઠનના પ્રમુખ તરીકે પ્રેમજીભાઈ ચાવડાની વરણી**

સુરત, તા.૨૪

સુરત મહાનગરપાલિકા પેન્શનર્સ એસોસિયેશન, સુરત" ની તા. ૨૨/૧૧/૨૦૨૫ ના રોજ પેન્શનરોના પ્રશ્નોને વાચા આપવા સ્થાપના કરવામાં આવી છે. આ પેન્શનર્સ એસોસિયેશનમા હાલમાં આશરે ૮૫૦ સભ્યોનું ગ્રુપ છે જે ગ્રુપ થકી શ્રી. પ્રેમજીભાઈ ચાવડા તથા તેમની ટીમે કાયદેસર પેન્શનરોનુ એસોસિયેશન બને તે માટે મહેનત કરી છે જે ફળ સ્વરૂપે આજરોજ સીટીઝન હોલ, અડાજણ ખાતે માજી ડેપ્યુટી કમિશનર પ્રદિપસિંહ ઝાલાનાં અધ્યક્ષ સ્થાને પ્રથમ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૨૦૦ થી ૨૫૦ પેન્શનર ભાઈ બહેનો હાજર રહ્યા હતા જે કાર્યક્રમ નો આરંભ દિપ પ્રગટાવીને કર્યો. ડાયસ ઉપર હાજર મહેમાનો ઝાલા, દારૂવાલા , ભાવસાર, મોરે, યોગેશભાઈ દેસાઈ, પ્રમોદભાઈ નાયક, પ્રેમજીભાઈ ચાવડા એ પ્રાસંગિક પ્રવચન કરી આ એસોસિયેશના પ્રમુખ તથા હોદ્દેદારો, કારોબારી સભ્યોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી પ્રમુખ શ્રી. પ્રેમજીભાઈ ચાવડાની વરણી કરાઈ અને તેમણે આ સામાન્ય સભાનું સંચાલન કરી એજન્ડા મુજબ કાર્યવાહી જવી કે બંધારણ, એસોસિયેશન નો હેતુ,આખી સંચાલન બોડી, રજીસ્ટ્રેશન, ભવિષ્ય ના કાર્યો, ફી, વિ. સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા ત્યારબાદ ભોજન લઈ આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવયુ

# મોરા ભાગળની ગુરૂકૃપા વિદ્યાલયને પુસ્તક મિત્ર એવોર્ડ અર્પણ કરાયો

**સુરતની જાણીતી સંસ્થા MOEC દ્વારા શાળાનું સન્માન કરાયું**

સુરત, તા.૨૪

જહાંગીરપુરા એસ.એમ.સી. કોમ્યુનિટી હોલ ખાતે વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિ વિકસે, વાંચન પ્રત્યેનો પ્રેમ વધે તથા વિદ્યાર્થીઓ સ્ટોરી, બાયોગ્રાફી, મુલ્યશિક્ષણ વગેરેની પહેલ બદલ પ્રદર્શન દરમ્યાન સુરતની ૪૦ વર્ષ જુની અને જાણીતીમાય ઓન ઈંગ્લીશ કોચિંગ સંસ્થાના ફાઉન્ડર અને ઓર્થર યશવંત વ્યાસ દ્વારા મોરાભાગળ સ્થિત ગુરૂકૃપા વિદ્યાલયને પુસ્તક મિત્ર એવોર્ડ અર્પિત કરાયો હતો. કાર્યક્રમમાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.નૈલેષ પટેલ અને આચાર્યશ્રી મેઘા મહેતાને શાળામાં પુસ્તક રિવ્યુ, રીડિંગ ચેલેન્જ તથા ભાષાની અભિવ્યક્તિ કેળવવાના અભિગમ બદલ પુસ્તક મિત્ર એવોર્ડ એનાયત કરાયો હતો. નબળા વિદ્યાર્થીઓમાં વાંચનની આવડત વધે, વિદ્યાર્થીઓ વધુમાં વધુ પુસ્તક, મેગેઝીન, ન્યુઝ પેપર તથા



જુદા જુદા ઈ-લાઈબ્રેરી અને ઈ-સ્ટોર એપનો ઉપયોગ કરી પોતાની સર્જનાત્મકતા વધારે તે હેતુથી શાળાને આ એવોર્ડ આપી સન્માનિત કરાયા હતાં. લેખક યશવંત વ્યાસે જણાવ્યુ હતું પુસ્તક મિત્ર એવોર્ડ થકી શાળા અને શહેર પુસ્તક અને વાંચન પ્રત્યે વધુ સજાગ બનશે. આ પ્રસંગે તેમને માતૃભાષા થકી મળેલું શિક્ષણ એ જ ઉત્તમ શિક્ષણ વિચાર આધારિત સ્વલિખિત માય ઓન ઈંગ્લિશ ગ્રામર ગ્રંથ પુસ્તક શાળાને ભેટમાં આપ્યુ હતું.શાળાના સંચાલક ડૉ.વિજય પટેલે વિદ્યાર્થીઓને પુસ્તક અને લાઈબ્રેરીની વ્યવસ્થા થકી સમૃદ્ધ બની પરિવારમાં વાંચન અને સંસ્કૃતિનું નિર્માણ કરવા પહેલ કરવા જણાવ્યુ હતું.વાંચન અને પુસ્તક પ્રેમ બદલ શાળાના વિદ્યાર્થી, શિક્ષકો અને વાલી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતાં. શાળાના વાઈસ પ્રિન્સિપલ વંદનાબેન પટેલ દ્વારા MOECનાં ફાઉન્ડર યશવંત વ્યાસ અને તેમની ટીમના સભ્યોને શાળાને પુસ્તક મિત્ર એવોર્ડ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરાગામના ખારી કાંઠામાં હજારો માછલીઓના મોત

**દૂષિત પાણીના કારણે ગંભીર પર્યાવરણીય સંકટ**

સુરત, તા.૨૪

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના મોરા ગામ નજીક ખારી કાંઠા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી અવાર-નવાર ઔદ્યોગિક વિસ્તારમાંથી મળ-મૂત્ર તથા કેમિકલ મિશ્રિત અત્યંત ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કારણે ખારી કાંઠાના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ નહિવત્ થઈ ગયું છે અને પાણીનો રંગ કાળો પડી ગયો છે, જેના પરિણામે



આજરોજ સવારથી અનેક પ્રજાતિની હજારો માછલીઓ તણાઈને કાંઠે આવી અને મૃત્યુ પામી છે. સ્થાનિક ખેડૂતો તથા માછીમારોના જણાવ્યા અનુસાર આવી ઘટના છેલ્લા ઘણા સમયથી વારંવાર બની રહી છે, જેના કારણે ખારી કાંઠાનું જળજીવન લગભગ નાશ પામ્યું છે. આ ઉપરાંત આ ગંદા પાણીનો ઉપયોગ ખેતરોમાં સિંચાઈ માટે થતાં પાકને પણ ભારે નુકસાન થઈ રહ્યું છે અને પર્યાવરણ તથા જાહેર આરોગ્યને ગંભીર જોખમ ઊભું થયું છે. આ બાબતે ગ્રામજનો તથા પર્યાવરણ પ્રેમીઓએ તાત્કાલિક ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), જિલ્લા કલેક્ટર તથા સ્થાનિક પ્રશાસનને આ ગંભીર પ્રદૂષણની તપાસ કરી દોષિત ઔદ્યોગિક એકમો સામે કડક કાર્યવાહી કરવા તેમજ ખારી કાંઠાને પ્રદૂષણમુક્ત કરવા રજુઆત કરવામાં આવેલ છે. આ ઘટના પર્યાવરણના સંરક્ષણ માટે ગંભીર ચિંતાનો વિષય છે અને વહીવટી તંત્રનાં તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે. તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શનભાઈ નાયક દ્વારા જણાવાયું છે.



તાપી જિલ્લા ના ડોલવણ તાલુકા માં પાઠકવાડી થી અંબિકા નદી સુધી રસ્તા માં આવેલા નીચાણ વિસ્તાર માં નાળા નું કામ પુર જોસ ચાલું થઈ ગયું છે. પદમડુંગરી ઇકોટોરીઝ ની બાજુમાં સમશાની માં પાઠકવાડી થી ચૂનાવાડી રસ્તો ચોમાસુ વધારે આવતા વાહન વહેવાર બંધ થતા આજુબાજુ ના ગામના લોકોને વધારે જેહમત કરવી પડતી હતી તીયારે તંત્ર જાન થતા રસ્તાની ઉંચાઈ ઉઘારી છે.

# 'સર'માં ગર્ભવતી મહિલાઓને પણ બીએલઓની કામગીરી સોંપાઈ

**કર્મચારી યુનિયન દ્વારા રજૂઆત છતાં ઓર્ડર રદ થયા નથી**

સુરત, તા.૨૪

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયન અને સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઇઝ. સ્ટાફ યુનિયન ના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ અને મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ એક નિવેદનમાં જણાવે છે કે,સુરત મહાનગરપાલિકાના આવશ્યક સેવા સિવાયનો તમામ સ્ટાફ પાછલા દસ દિવસથી SIR ની કામગીરી તથા સંકળાયેલ હોય,તમામ કામગીરી હાલ ઠપ થયેલ છે. કાયમી કર્મચારી ઉપરાંત,પટાવાળા,બેલદાર, એપ્રેન્ટીસ કર્મચારીઓનો પણ સહાયક તરીકે નો પણ ઓર્ડર નીકળતા ઘણી બધી ઓફિસોની કામગીરી બંધ થયેલ છે.મોટા ભાગના નાગરિક સુવિધા કેન્દ્રોની કામગીરી બંધ થઇ ગઇ છે.જોવા જેવી બાબત તો એ રહી કે,સામાન્ય સંજોગ સિવાયના માંદગીના કિસ્સા ધરાવતા કર્મચારીઓના પણ બીએલઓમાં ઓર્ડર થયેલ છે. કર્મચારીઓ મૂંઝવણમાં મુકાયેલ છે.તેથી પણ વિશેષ દયા અને માનવતા નેવી મૂકી ગર્ભવતી મહિલાઓના પણ આવા સંજોગોમાં ઓર્ડર કાઢવામાં આવેલ છે તેમજ અનેક રજૂઆત તેઓ દ્વારા કરવા છતાં પણ ઓર્ડર રદ કરેલ નથી.

વહેલી સવારથી કર્મચારીઓ વિસ્તારમાં જઈ ફોર્મ ઉઘરાવે છે અને લોકોના અનેક જાતના મેણા ટોણા સાંભળે છે અને ફોર્મ જમા કરવાનું નામ નથી દેતા.તો બીજી તરફ વિધાનસભાઓ માંથી અધિકારીઓ કર્મચારીઓને ટાર્ગેટ આપી દબાણ કરી કામગીરી કરવા તેમજ નોટિસ આપવામાં આવે છે.આમ અમારી માંગણી છે કે SIR ની કામગીરી દબાણ રહિત અને શાંતિપૂર્વક કરાવવામાં આવે તેમજ માંદગી સાથે સંકળાયેલ, શુભ અને અશુભ પ્રસંગ હોય તેવા સંજોગોમાં તેમજ ખાસ કરીને ગર્ભવતી મહિલાઓના કિસ્સામાં તેઓને કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવે.જેથી તમામ કર્મચારીઓ પોતાની કામગીરી સારી રીતે કરી શકે.



**શ્રી ગોપાળલાલજી મહારાજશ્રી મંદિર ખપાટિયા ચકલા સુરત ખાતે બિરાજતા શ્રી ગોપાળલાલજી મહારાજશ્રીને અન્નકૂટ ધરવામાં આવ્યો હતો મોટી સંખ્યામાં વૈષ્ણવોને દર્શન એવમ પાઠ ભજન કીર્તન કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પૂર્ણિમાબેન પથ્થરવાળાએ કર્યું હતું.**

# ચેમ્બરના ટેક્સટાઈલ મશીનના પ્રદર્શનને સાંપડેલો ભારે પ્રતિસાદ

**સીટેક્ષ એક્સ્પોમાં બે દિવસમાં ૨૪ હજાર જેટલા વિઝીટર્સ નોંધાયા**

સુરત, તા.૨૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ટેક્ષ્ટાઈલ મશીનરી એક્સ્પો 'સીટેક્ષ–૨૦૨૫' યોજાયું છે, જેને સુરત ઉપરાંત આખા દેશમાંથી જુદા જુદા રાજ્યોના વિઝીટર્સનો જબરજસ્ત પ્રતિસાદ મળી રહયો છે.




ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એકઝીબીશનમાં હાઈ સ્પીડ વેલ્વેટ એરજેટ, હાઈ સ્પીડ વૉર્પિંગ મશીન, હાઈ સ્પીડ સરકયુલર મશીન, હાઈ સ્પીડ રેપિયર લુમ, હાઈ સ્પીડ એરજેટ લુમ, હાઈ સ્પીડ વોટરજેટ લુમનું પ્રદર્શન થઇ રહયું છે. વિસ્કોસ તેમજ પોલિએસ્ટરનું પ્રોડકશન કરનારા એરજેટ મશીનો પણ પ્રદર્શિત કરવામાં આવી રહયું છે.

સુરત ટેક્ષમેક ફેડરેશનના જોઈન્ટ સેક્રેટરી શ્રી ભાવેશ વઘાસિયા અને ટ્રેઝરર શ્રી મહેન્દ્ર કુકડીયાએ જણાવ્યું હતું કે, એકઝીબીશનમાં ઈન્ડસ્ટ્રીયલ ફેબ્રિકસ માટે ગ્લાસ ફાયબર મશીનને ભારતમાં પ્રથમ વખત સીટેક્ષ એક્સ્પોમાં લોન્ચ કરવામાં આવ્યું છે. આ મશીનરી ઈલેકટ્રીક સરકીટ, કાર, બિલ્ડીંગ કન્સ્ટ્રકશન માટે તેમજ રેલ્વે ટ્રેકમાં નીચે મૂકવામાં આવતું ફેબ્રિક બનાવે છે. ઈન્ડસ્ટ્રીમાં મલ્ટીપર્પઝ ઉપયોગમાં લેવાતું ફેબ્રિક આ મશીનરી બનાવે છે, આથી સુરત સહિત ગુજરાત ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોથી વિઝીટર્સ પણ નવી ટેકનોલોજીવાળી મશીનરીની માહિતી મેળવવા એકઝીબીશનની

અનુસંધાન પાના ૭ પર

# સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ ટ્રસ્ટના નવા હોદ્દેદારોની વરણી

સુરત, તા.૨૪




સુ મો વ અડાજણ રાંદેર ટ્રસ્ટના સન ૨૦૨૫ -૨૦૨૮ માટે નવા હોદ્દેદારોને વરણી થઇ.જેમાં પ્રમુખ નટવર ભૂતવાલા તત્કાલીન પૂર્વ પ્રમુખ અતુલ હલવાવાલા ઉપપ્રમુખ મિતેશ જરીવાલા અને યોગેશ દલાલ, મંત્રી પંકજ ગાંધી અને ગિરીશ મોદી તથા ખજાનચી પ્રવીણ ઓલિયાવાળા ની વરણી થઈ







# આર.એમ.પી.એસ. સ્કૂલના બળકો શોપિંગ મોલની મુલાકાતે

અંકલેશ્વર, તા.૨૪

આર.એમ.પી.એસ. ફ્લાઈંગ કિડ્સ શાળા ની ત્રણેય શાખાઓ (દિવા રોડ, અંદાડા તથા જીઆઈડીસી) ના બાળકો દ્વારા ડીમાર્ટ શોપિંગ મોલની વિઝીટ કરવામાં આવી હતી. શાળા દ્વારા આ પ્રકારની વિઝીટ અવારનવાર કરવામાં આવે છે . જેનો હેતુ બાળકોમાં વ્યવહારુ જ્ઞાન વધારવાનો છે. પ્લેગ્રુપ થી સિનિયર કેજી ના બાળકો દ્વારા આ વિઝીટ દરમિયાન મોલમાં મળતી વિવિધ વસ્તુઓ તથા અલગ અલગ ડિપાર્ટમેન્ટ, પેમેન્ટ કાઉન્ટર વગેરે વિભાગોની મુલાકાત કરવામાં આવી. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને ઝીણવટ પૂર્વકની માહિતી આપવામાં આવી જેના થકી બાળકોમાં ખરીદી કેવી રીતે કરવી તથા ત્યાં ઉપસ્થિત સ્ટાફ તથા અન્ય સાથે કેવી રીતે વર્તવું સન્માન આપવું વગેરે જેવી બેઝિક સમજ આપવામાં આવી હતી. આ વિઝીટ દરમિયાન શાળાના આચાર્ય શ્રીમતી અર્ચના નેગી પટેલ તથા શાળાના ઓપરેશન હેડ શ્રી દર્શન જૈન સર હાજર રહ્યા હતા જેઓએ બાળકોના ઉત્સવમાં વધારો કર્યો હતો.

# સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ૧૨ કલાકમાં બે અંગદાન

**ઓડિશા રહેતા પરિવારના ૪૮ કલાક કાઉન્સેલિંગ પછી સહમતિ મળતા સફળ અંગદાનથી કુલ છ દર્દીઓને મળશે નવી જિંદગી**

સુરત, તા.૨૪

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૧૨ કલાકમાં બે અંગદાન થયા છે. વધુ એક સફળ અંગદાન ઓડિશાના વતની પ્રધાન પરિવારે બ્રેઈનડેડ સ્વજનના અંગોનું દાન કરી માનવતા મહેકાવી છે. મૂળ ઓડિશાવાસી અંગદાતાનો પરિવાર ઓડિશા રહેતો હોવાથી નવી સિવિલની ટીમ, SOTTOના સભ્યો, ઓડિશા સમાજ પરિવારના સહકારથી બે દિવસના સતત પ્રયત્નો અને સમજણ બાદ આ પરિવારે પોતાના પ્રિયજનના અંગદાન માટે સહમતિ આપતા બે દિવસમાં કુલ છ દર્દીઓને નવા જીવનની આશા મળી છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડના મહત્તમ કિસ્સાઓમાં અંગદાન થઈ રહ્યા છે. ત્યારે આજે મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના બેગુનિયાપાડા ખલીકોટના આમ્બઝર નુઆપલ્લી સ્થિત રહેતા પ્રધાન પરિવારના ૩૯ વર્ષીય બ્રેઈનડેડ પંચુભાઈ કબિરાજના લીવર અને બે કિડનીના દાનથી જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે. નવી સિવિલ હોસ્પિટલથી ૧૨ કલાકમાં બે અંગદાન સાથે આજે ૮૫મુ સફળ અંગદાન થયું છે. મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના બેગુનિયાપાડા ખલીકોટના આમ્બઝર નુઆપલ્લીના વતની અને હાલ કામરેજના પરબગામની શુભ સોસાયટીમાં રહેતા પંચુ પ્રધાન તા.૧૭મી નવેમ્બરના રોજ સવારે ૯.૦૦ વાગ્યે શરીર સંતુલન ગુમાવતા પડી ગયા હતા. સ્થાનિક જાગૃત નાગરિકે કંપનીમાં કામ કરતા સહકર્મચારી સોમનાથભાઈ કોલ કરીને જાણ કરી હતી. સોમનાથભાઇ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ બોલાવી સ્મીમેર હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ સ્વાસ્થ્યમાં સુધાર ન જણાતા વધુ સારવાર અર્થે ૧૦૮માં સુરત સિવિલ હોસ્પિટલમાં

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બર અને સ્કોબાના દ્વારા સહકારી બેંકો માટે બેન્કીંગ કોન્કલેવ યોજાયો

**ગુજરાતની સહકારી બેંકો સમગ્ર દેશ માટે રોલ મોડલ : સતિષ મરાઠે**

સુરત, તા.૨૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ધી સાઉથ ગુજરાત કો–ઓપરેટિવ બેન્કસ એસોસિએશન લિમિટેડ (સ્કોબા)ના સહયોગથી શનિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અવધ ઉટોપિયા, સુરત ખાતે બેન્કીંગ કોન્કલેવ– ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. સહકારી બેંકો માટે સર્વસમાવેશક વિકાસની થીમ પર કેન્દ્રિત આ કોન્કલેવમાં રાષ્ટ્રીય બેન્કીંગ અગ્રણીઓ, નીતિ ઘડવૈયાઓ અને સહકારી ક્ષેત્રના હિતધારકોએ ભારતની સહકારી બેન્કીંગ ઈકો સિસ્ટમમાં ઉભરતી તકો અને પડકારો અંગે ચર્ચા કરી હતી. સમગ્ર દક્ષિણ ગુજરાતની સહકારી બેંકોના આ કોન્કલેવને બે ભાગમાં વિભાજીત કરાયું હતું, જેમાં પ્રથમ ઉદ્‌ઘાટન સમારોહમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના ડિરેકટર શ્રી સતિષ મરાઠેએ નીતિગત સુધારાઓ, સહકારી નાણાંકીય વ્યવસ્થાને મજબૂત કરવા માટે આરબીઆઇના વિઝન અને ગ્રામીણ અને અર્ધ–શહેરી ભારતમાં સર્વસમાવેશક વિકાસને ટેકો આપવા માટે સહકારી બેંકોની નિર્ણાયક ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.

ટેકનિકલ સેશનમાં સહકારી બેંકોના નવા છત્ર સંગઠન એવા રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ (એન.યુ.સી.એફ.ડી.સી.), નવી

અનુસંધાન પાના ૭ પર



# માસમા ક્લસ્ટરની પ્રાથમિક શાળામાં સેનેટરી પેડનું વિતરણ

**વિદ્યાર્થીનીઓને ગુડ ટચ બેડ ટચની સમજણ અપાઈ**

સુરત, તા.૨૪

સમગ્ર શિક્ષા, ગાંધીનગર આયોજીત ગર્લ્સ એજ્યુકેશન શાખાનાં ઓ.આઈ.સી. દર્શનાબેન સુથાર તેમજ બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જર દ્વારા એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ અન્વયે બાળ અધિકારોનાં સંરક્ષણ માટે અનેકવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. તરુણ-તરુણીઓમાં વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે જેમકે તેમનાં શરીરમાં આવતાં શારીરિક ફેરફાર, માનસિક ફેરફાર વગેરે. જેનાથી શાળાઓમાં તરુણીઓને હાજરી પિરિયડ્સ દરમિયાન અનિયમિત જોવા મળતી હતી. આ મૂંઝવણનો ઉકેલ મળી રહે અને તરુણીઓનો શરમ સંકોચ દૂર થાય તેવાં હેતુથી ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, માસમા સંલગ્ન પ્રાથમિક શાળાઓમાં સેનેટરી પેડનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે થકી વિદ્યાર્થીનાં શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ્ય કેળવવાની જરૂરિયાત છે તેવી સમજ પ્રાપ્ત થયેલ. આરોગ્ય અને સુખાકારી વિદ્યાર્થીનાં વ્યક્તિત્વ વિકાસ માટે વર્તમાન

અનુસંધાન પાના ૭ પર

# આતંકનો એક નવો ચહેરો

તાજેતરમાં દિલ્હીની જીવલેણ આતંકી ઘટનામાં ડૉક્ટર- પ્રોફેસર ઈજનેર જેવાં ભણેલાગણેલા સંડોવાયા છેપ સવાલ એ છે કે શિક્ષિત-બુદ્ધિજીવીઓ આવી ના-પાક હરકતો કેમ કરે છે? આનો જવાબ શોધવા માટે જગતભરમાં કુખ્યાત આતંકવાદીઓની કરમ કુંડળી ચકાસીએ તો એમાંના મોટાભાગના શિક્ષિત છે, છતાં એ બધા આતંકવાદના આડે રવાડે ચડ્યાં છે, કારણ જાણવાં વિચારવાં જેવાં છેપ

તાજેતરમાં પાટનગરમાં જે જબરજસ્ત કાર બ્લાસ્ટ થયા એનાથી દેશ આખો ચોંકી ઊઠ્યો છે, કારણ કે એ ઘટનાથી આતંકવાદનો એક અલગ જ ચહેરો બહાર આવ્યો છે.

જોકે આ ઘટના મૂળ સમજવા માટે આપણે થોડા ફ્લેશબેકમાં -ભૂતકાળમાં જવું પડશે, કારણ કે દિલ્હીનાં ૨૦૨૦નાં રમખાણોના કેસમાં દિલ્હી પોલીસની રજૂઆતના કારણે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ'નો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (ઝઝછ)ના વિરોધમાં ભડકેલાં તોફાનો દરમિયાન ભડકાવનારાં ભાષણો આપવા બદલ એ વખતે શરજીલ ઈમામની ધરપકડ થઈ હતી. શરજીલ ઈમામને ભડકાવનારાં ભાષણોના કેસમાં ૨૦૨૪માં જામીન મળી ગયા , પણ રમખાણો ભડકાવવા માટે અનલોફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (છછ) હેઠળ થયેલા કેસમાં જામીન મળ્યા નથી તેથી શરજીલ જેલની હવા ખાય છે.

શરજીલે જામીન માટે કરેલી અરજીનો વિરોધ કરતાં દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં શરજીલ ઈમામના ભડકાવનારાં ભાષણોના વીડિયો રજૂ કરીને રજૂઆત કરી કે, શિક્ષિત વ્યક્તિઓ આતંકવાદી બને ત્યારે અત્યંત ખતરનાક બની જાય છે. દિલ્હી પોલીસે એવી રજૂઆત પણ કરી કે, ડોક્ટરો અને એન્જિનિયરોમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાવાની ફેશન થઈ ગઈ છે. ભારતમાં આ લોકો સરકારી ખર્ચે ભણે છે અને પછી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય છે.

થોડા સમય પહેલાં દિલ્હી પાસેના ફરિદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો સાથે ૪ ડોક્ટર ઝડપાયા હતા અને દિલ્હીમાં સુસાઈડ એટેક કરીને ૧૩ લોકોનો જીવ લેનારો ડો. ઉમર મોહમ્મદ પણ ડોક્ટર હતો જ્યારે ઈમામ ઈજનેર છે. આવા ભણેલાં ગણેલાં અને વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો કેમ આતંકવાદી બને છે એ મુદ્દો ચર્ચામાં આવી ગયો છે.

દિલ્હી પોલીસે પોતાની રજૂઆતમાં 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' શબ્દ વાપરેલો તેથી મીડિયા અને સોશ્યલ મીડિયાએ આ શબ્દને પકડી લીધો છે તેના કારણે આ શબ્દ સૌની જીભે ચડી ગયા છે. આ અગાઉ ગૃહમંત્રી અમિત શાહે પણ આવી ના-પાક પ્રવૃતિ કરનારા માટે 'અર્બન ટેરરિસ્ટ' શબ્દ વાપર્યો હતોપ સોશ્યલ મીડિયા પર તો આજે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' ટ્રેન્ડ કરી રહ્યા છે.

દિલ્હી પોલીસે તો શરજીલ ઈમામ અને ફરિદાબાદના ડોક્ટરોના સંદર્ભમાં રજૂઆત કરી પણ વાસ્તવમાં વિશ્વમાં 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' જેવાં શબ્દો બહુ વરસોથી અસ્તિત્વમાં છે. તેનું કારણ એ કે, વિશ્વમાં આતંકવાદ અને ખાસ તો ઈસ્લામના નામે ચલાવાતો આતંકવાદ ફેલાવવામાં આ કહેવાતા 'ઈન્ટેલેક્ચ્યુઅલ' એટલે કે બુદ્ધિજીવી લોકો મોટો અને મહત્ત્વનો ભાગ ભજવે છે.

દુનિયામાં સૌથી વધારે વગોવાયેલા અને કુખ્યાત આતંકવાદી સંગઠનો ઊભાં કરનારા જિહાદી આતંકવાદીઓ ભણેલાગણેલા જ છે. યાસર અરાફતથી માંડીને ઓસામા બિન લાદેન સુધીના આતંકવાદી સરદારો 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' જ હતા. દુનિયાના કુખ્યાત આતંકીઓ પર નજર નાખશો તો આ વાત સ્પષ્ટ સમજાઈ જશે.

નાઈન ઈલેવનના હુમલા દ્વારા અમેરિકા જ નહીં, પણ આખી દુનિયાને હચમચાવી દેનારો ઓસામા બિન લાદેન મિકેનિકલ એન્જિનિયર હતો તો તેનો ખાસ સાથી અયમાન ડો. અલ ઝવાહીરી સર્જન હતો. નાઈન ઈલેવનના હુમલામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં પ્લેન ઘુસાડીને તબાહી સર્જનારો મોહમ્મદ અટ્ટા આર્કિટેક્ટ હતો!

પેલેસ્ટાઈનની રચના માટે હથિયારો ઉઠાવનારા 'ફતહ'ના સ્થાપક યાસિર અરાફત કેરો યુનિવર્સિટીમાં ભણ્યા હતા. ભારતને પરેશાન કરી દેનારો હફીઝ સઈદ પ્રોફેસર છે તો સંસદ પર હુમલાના કેસનો દોષિત અફઝલ ગુરુ ડોક્ટર હતો. 'સિમી'નો સ્થાપક યાસિન ભટકલ એન્જિનિયર હતો.

મુંબઈમાં ૧૯૯૩ના બ્લાસ્ટની ઘટનામાં સંકળાયેલો યાકુબ મેમણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો તો ઈન્ડિયન મુઝાહિદ્દીનનો મંસૂર પીરભોય સોફ્ટવેર એન્જિનિયર હતો અને યાહૂમાં કામ કરતો હતો. 'વોશિંગ્ટન સ્ટ્રીટ જર્નલ' ના પત્રકાર ડેનિયલ પર્લનું અપહરણ કરીને હત્યા કરનારો ઓમર શેખ 'લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ'માં ભણ્યો હતોપ

આ તો થોડાંક નામ ગણાવ્યાં પણ આવાં તો બીજાં કેટલાંય નામ ગણાવી શકાય. કાશ્મીર અને ત્રિપૂરા આસામના ત્રાસવાદમાં પણ ઘણા વકીલ-શિક્ષક અને પ્રોફેસરો સંડોવાયેલા હોવાના પૂરાવા મળ્યા છે,

સામાન્ય માન્યતા એવી છે કે અભણ લોકો આતંકવાદના રસ્તે ચડે છે, પણ વિશ્વના કુખ્યાત આતંકવાદીઓની ક્રમૂંઝી તપાસો તો ખબર પડશે કે મોટા ભાગના આતંકવાદી ભણેલાગણેલા છે.

સવાલ એ છે કે, ભણેલાગણેલા લોકો આતંકવાદના રસ્તે કેમ ચડે છે?

આતંકવાદ સભ્ય સમાજની નિશાની નથી એ ઉમેરવાની જરૂર નથી. પોતાની વિચારધારા પ્રમાણે દુનિયાના બીજાં લોકોને જીવવાની ફરજ પાડવી ને એ રીતે વર્તવા તૈયાર ના હોય તેમને મારી નાખવા એ જંગાલિયત કહેવાય તેથી આતંકવાદ જંગાલિયતનો રસ્તો છે તેમાં બેમત નથી. જે કોઈ આતંકવાદના રસ્તે ચડે એ સભ્ય ના કહેવાય ન જાનવર જ કહેવાય. એ જોતાં આ બધા ભણેલાગણેલા જાનવર જ છે અને તેનું એક અને મુખ્ય કારણ આતંકવાદનું મુસ્લિમોમાં થયેલું ગ્લોરિફિકેશન છે.બીજા શબ્દોમાં આતંકવાદને વધુ પડતી મહત્તા આપવામાં આવે છે,

સૌ એવું માને છે કે, મદરેસાઓમાં અપાતું ધાર્મિક શિક્ષણ આતંકવાદને પોષવામાં મોટી ભૂમિકા ભજવે છે. મદરેસાઓમાં ભણાવનારા કટ્ટરવાદી હોય છે તેથી છોકરાંના મનમાં કોમવાદનું ઝેર રેડે છે. તેના કારણે એ લોકો બીજાં ધર્મનાં લોકોને પોતાના દુશ્મન જ સમજે છે ને આખી દુનિયા પર ઈસ્લામના ઝંડા ફરકાવવાનાં સપનાં જોતાં થઈ જાય છે એવું આપણે માનીએ છીએ પણ આ માન્યતા સંપૂર્ણ સત્ય નથી. સત્યનો બીજો હિસ્સો એ પણ છે કે, સુશિક્ષિત મુસ્લિમોના માનસમાં પણ આ ઝેર ભરાય જ છે. આ ઝેર ભરવા માટે એક સુવ્યવસ્થિત ઝુંબેશ પણ ચાલે છે કેમ કે ભણેલાગણેલા લોકો આતંકવાદના રસ્તે વળે તો અભણ લોકોને આતંકવાદ તરફ વાળવા બહુ સરળ થઈ જાય.

મુસ્લિમોને નામે જિહાદ ચલાવતાં 'અલ કાયદા' તથા 'ઈસ્લામિક સ્ટેટ'(આઈએસ) જેવાં સંગઠનો પોતાની પ્રવૃત્તિઓને ગ્લેમરાઈઝ કરે છે- રૂપકડી ચીતરે છે, જેમાં ભણેલા મુસ્લિમો એનાથી અંજાઈને પણ આતંકવાદ તરફ વળે છે. આવાં આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલાં લોકોને ભરપૂર પ્રસિદ્ધિ અપાય છે. ઈસ્લામિક દેશોમાં તેમની વાહવાહી કરવામાં આવે છે તેના કારણે સુશિક્ષિત મુસ્લિમોને પણ હીરો બનવાની ચળ ઊપડી આવે છે.

આ ચળના કારણે એ યુવકોની મતિ ભ્રષ્ટ થઈ જાય છે ને આતંકવાદી સંગઠનો તરફ આકર્ષાય છે. એક વાર માણસ ઈસ્લામિક આતંકવાદી સંગઠન ભણી વળે પછી કશું કામ કર્યા વિના અય્યાશીની જિંદગી જીવવા મળે છે તેથી પાછા વળવું શક્ય નથી રહેતું. મોટા ભાગના સુશિક્ષિત મુસ્લિમો ડિગ્રી મેળવે છે પણ તેમનું ધર્મનું જ્ઞાન શૂન્ય જ હોય છે કેમ કે ઈસ્લામનું ધર્મનું બધું જ્ઞાન અરબી ભાષામાં છે તેથી જિહાદી આકાઓ તેમને ધર્મના નામે પઢાવે એ પટ્ટી એ લોકો પઢે છે. આ રીતે આતંકી આકાઓ તેમનું બ્રેન વોશ કરી નાખતા હોય છે. એ લોકો એવી ભૂરકી છાંટે છે કે માણસને તેમની વાત સાચી લાગે. મઝહબ માટે શહીદ થવાથી જન્નત મળશે અને ત્યાં હૂર-અક્ષત કુંવારી પરી જેવી ક્ધયા પણ મળશે !

સોશ્યલ મીડિયા પર ને આતંકીઓના સર્કલમાં આવા લોકોને રીતસરના માથે જ ચડાવી દેવાય છે ને તેના કારણે જોશમાં આવી ગયેલા યુવાનો આગળપાછળનું વિચાર્યા વિના કોઈ કલ્પી પણ ના શકે તેવાં કાંડ કરી નાખે છે.આ સ્થિતિ ખરેખર ગંભીર છે. ભણેલાંગણેલાં લોકોમાં આતંકવાદી સંગઠનો સાથે જોડાવાનું જે ગ્લેમર છે તેનો ઉપાય કરવો જરૂરી છે. આતંકવાદી સંગઠનો ઈસ્લામના નામે વિકૃતિ ફેલાવે છે અને યુવકોને આતંકવાદને રવાડે ચડાવે છે. ઈસ્લામ કોઈ નિર્દોષની હત્યા કરવાની વાત કરતો નથી ને આ જ વાત મુસ્લિમ સમાજના મોભીઓએ મુસ્લિમ છોકરાંને શીખવવી પડે. બહુમતી મુસ્લિમો પણ પોતાનાં સંતાનોને આ બધી વાતોથી દૂર રહે એના પ્રયાસ કરે છે, પણ બધા મુસ્લિમોને તેનાથી દૂર નથી રાખી શકાતા ને એ નહી થાય ત્યાં સુધી આવા આતંકવાદનો કોઈ અંત નથી એ ચાલ્યા કરશે.



## પ્રાઈમરી માર્કેટ પાયો છે તો સેક્ધડરી માર્કેટ છે મકાન



આપણે ગયા સપ્તાહમાં રોકાણનાં સાધનો વિશે ચર્ચા કરી, જેમાં શૅરબજારની વાત થઈ. આ વખતે આ જ વિષયમાં આગળ વધીએ.સ્ટોક માર્કેટને ઈક્વિટી માર્કેટ પણ કહેવાય છે, જેમાં જોખમ જરૂર હોય છે. જોકે રોકાણકારોને તેમની આવક વધારવા માટે એ સક્ષમ પણ બનાવે છે. સ્ટોક માર્કેટમાં જાહેર માલિકીના કંપનીઓના શેર્સ સ્ટોક એક્સચેન્જ પર ખરીદી કે વેચી શકાય.

બીજા શબ્દોમાં કહીએ તો શૅરબજાર જાહેર જનતાને ઈક્વિટી શેર્સ મારફત કંપનીના માલિક (તેના શેર્સના પ્રમાણમાં) બનવાની તક ઓફર કરે છે.

મૂડી એકત્ર કરવાની ઈચ્છા ધરાવતી કંપનીઓ માટે સ્ટોક માર્કેટમાં સારી અને સરળ તક મળે છે. કંપનીઓ બૅંકો અથવા નાણાં સંસ્થાઓ પાસેથી ધિરાણ લે તે કરતાં શૅરબજારમાં આઈપીઓ લાવી નાણાં ઊભા કરે એ તેને માટે વ્યાજ વિનાની મૂડી મેળવવા જેવું થાય છે. અલબત્ત, કંપની ડિવિડંડ રૂપે શેરધારકોને વળતર આપે છે. જોકે આ માટે તેને બંધન હોતું નથી. તે વ્યાજના બોજ જેવું ભારે હોતું નથી. કંપની નફો કરે તો ડિવિડંડ આપે યા ન આપે, પણ બૅંકોનું વ્યાજ તો તેણે નફો કે ખોટ હોય, ફરજિયાત ભરવું પડે છે.

શૅર્સની ઓફરથી લઈ લે-વેચના સોદા પ્રાઈમરી માર્કેટ એ છે, જ્યાં સિક્યોરિટીઝ જાહેર જનતાને ઓફર કરી સૌપ્રથમ મૂડી સર્જન કરવામાં આવે છે. આ એક ઓપન સ્ટોક માર્કેટ છે, જ્યાં કંપનીના શેર્સને પહેલીવાર ઓફર કરવાની સાથે વેચવામાં આવે છે, જેથી તેને 'આઈપીઓ' (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) કહે છે. હાલ આપણે આ સમય અને ઓફરોના પ્રવાહને સતત જોઈ રહ્યા છીએ. આઈપીઓ બાદ શૅર બજારમાં લિસ્ટેડ થાય છે, જ્યાં તેમાં લે-વેચ થાય છે, જેથી તેને સેક્ધડરી માર્કેટ કહેવાય છે. સેક્ધડરી માર્કેટમાં રોકાણકારો શેરદલાલ કે પેટાદલાલ મારફત સ્ટોક્સમાં લે-વેચના સોદા કરી શકે રોકાણ કરી શકે છે.

રોકાણકાર શેરધારક બને છે

કંપનીઓ પોતાના ભાવિ પ્રોજેક્ટો માટે નાણાં એકત્ર કરવાના ઈરાદાથી શેર્સ ઈશ્યૂ કરે છે. આ ઉપરાંત કંપનીના માલિક કંપનીમાંથી પોતાનો હિસ્સો છૂટો કરે એ પ્રક્રિયા દરમિયાન પણ કંપની શેર્સ ઈશ્યુ કરી શકે છે. ભવિષ્યમાં કંપનીને થનારા લાભને પ્રાપ્ત કરવાની ગણતરી સાથે આ શેર્સને રોકાણકારો દ્વારા ખરીદવામાં આવે છે. ડિવિડંડના રૂપે નફો થઈ શકે છે તેમ જ જ્યારે શેર્સનો ભાવ વધે ત્યારે રોકાણકારો શેર્સનું વેચાણ કરી કેપિટલ ગેઈન રૂપે પણ નફો પ્રાપ્ત કરી શકે છે. આ શેર્સના રોકાણની પ્રક્રિયા કઈ રીતે કામ કરે છે એ સમજવા માટે ઉદાહરણનો ઉપયોગ કરીએ , જેમકે કોઈ કંપનીને પોતાના વેપારના વિકાસ માટે દસ કરોડ રૂપિયાની મૂડીની જરૂર છે. કંપની પાસે ભંડોળ એકત્ર કરવાના બે વિકલ્પ છે.

એક તો તે બૅન્ક પાસેથી વ્યાજે નાણાં ઉછીનાં લે અથવા તો તે તેના મિત્ર અને પરિવાર પાસેથી નાણાં એકત્ર કરે. આમાં જે નાણાં આપવા-રોકવા તૈયાર થયા એમને કંપનીમાં શેરધારકો બનાવાયા. આ લોકો શેરધારકો બનતા કંપનીને વ્યાજની ચુકવણીની જવાબદારીમાંથી મુકિત રહે છે. જ્યારે આમાંથી કોઈને પોતાના નાણાંની જરૂર પડે

તો તેણે બીજા શેરધારક અથવા નવા રોકાણકારોને એ શેરો વેચી શકે છે, જેમાં તેને ખરીદી કરતા ઊંચો ભાવ મળે છે, કારણ કે હવે કંપની વિસ્તરણને લીધે બહેતર સંજોગોમાં આવી હતી. આ મિત્રોની વાત જાહેર જનતાને સમાન રીતે લાગુ પડે.

કંપનીના શૅર જ્યારે લિસ્ટેડ થાય ત્યારે આ જ રીતે શેરધારકો શેર વેચીને છુટા થઈ શકે, જેમાં નફો કે નુકસાન એ સમયના ભાવ મુજબ થઈ શકે. ડિવિડંડ નહીં તો વૃદ્ધિ અહીં કંપનીના શૅર પર ડિવિડંડ ન મળે તો પણ બજારમાં ભાવ વૃધ્ધિનો લાભ મળવાની શકયતા હોય છે, જે કંપનીની કામગીરી પર આધાર રાખે છે. જો સ્ટોક માર્કેટમાં રોકાણ આટલું સરળ અને લાભદાયી હોય તો શા માટે આપણે બધા સ્ટોકમાં રોકાણ કરતા નથી? કારણ કે સ્ટોક માર્કેટમાં વળતરની ગેરેન્ટી હોતી નથી. અમુક લિસ્ટેડ કંપનીઓ ડિવિડંડની જાહેરાત કરે છે, જ્યારે અમુક કંપનીઓ જાહેરાત કરતી નથી. કંપનીઓ પર ડિવિડંડની ચુકવણી કરવાનું બંધન હોતું નથી. સ્ટોકના ભાવ વધે ત્યારે તમને તે મારફતે પ્રોફિટ થઈ શકે છે પણ જો કંપની દેવાળું ફૂંકે તો તમારા સ્ટોકની કંઈ કિંમત ન રહે એવું પણ બની શકે. સ્ટોક માર્કેટમાં રોકાણ માટેનું સૂત્ર એ જ છે કે જેટલું વધુ જોખમ, રોકાણ પર એટલું વધુ વળતર, પરંતુ આ જોખમ એટલે વળતર જ એવું પાકકું કે નિશ્ર્ચિત હોતું નથી.

### પાયાની જરૂરીયાત

કેપિટલ માર્કેટના રોકાણકાર બનવા માટે સૌપ્રથમ પેન કાર્ડ, બૅન્ક એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટ આવશ્યક છે. ત્યાર બાદનું પગલું 'સેબી' રજિસ્ટર્ડ બ્રોકરને પસંદ કરવાનું અને કેવાયસી ફોર્મ ભરવાનું તેમ જ બ્રોકર-ક્લાયન્ટ એગ્રીમેન્ટ કરવાનું છે. એ પછી બ્રોકર યુનિક ક્લાયન્ટ આઈડી ફાળવે છે, જે રોકાણકારની આઈડી-ઓળખ તરીકે કામ કરે છે. ત્યાર બાદ સિક્યુરિટીઝના ખરીદ-વેચાણના સોદા કરી શકાય છે.

બ્રોકર ઈક્વિટી, ડેટ, ડેરિવેટિવ્સ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ, આઈપીઓ વગેરેના ખરીદી/વેચાણ જેવી વિવિધ સેવાઓ ઓફર કરે છે. ઘણી બૅન્ક પણ ઈક્વિટી, ડેટ, ડેરિવેટિવ્સ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ, આઈપીઓ વગેરેના ખરીદી/વેચાણ માટે ફિઝિકલી તેમ જ તેમની વેબસાઈટ મારફતે સુવિધાઓ ઓફર કરે છે. આ સરળ વ્યવસ્થા અને માર્ગને સમજ્યા બાદ અભ્યાસ અને ધીરજ રોકાણકારોને સંપત્તિસર્જનના માર્ગે લઈ જઈ શકે છે.

# સ્થાપત્ય ને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અર્થાત્? કૃત્રિમ બુદ્ધિ એ ભવિષ્યનું નિર્ધારણ કરી શકવા સમર્થ વિજ્ઞાનની એક મહત્ત્વની શોધ છે. વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં, કળાની દરેક સંભાવનામાં, માનવીય સગવડતા સાચવવામાં તથા અપેક્ષા સંતોષવામાં, સુખાકારી અને સલામતીના સંદર્ભમાં, સમાજની માનસિકતા માં-લગભગ પ્રવર્તિત અને સંભવિત દરેક બાબતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હાવી થઈ જશે. સ્થાપત્ય આમાંથી બાકાત ન રહી શકે. અત્યારથી જ એ વિચારવું પડે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્થાપત્યનાં ક્ષેત્રને વધુ સમૃદ્ધ, વધુ ઉત્પાદન લક્ષી, વધુ કાર્યક્ષમ, વધુ યથાર્થ કેવી રીતે બનાવી શકે. દરેક ક્ષેત્રની જેમ અહીં પણ સ્થાપત્ય અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એકબીજાના પૂરક બને તે ઈચ્છનીય છે.



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશ્લેષણ કરવામાં અને ચોક્કસ ધારાધોરણ અનુસાર નિર્ણય આપવામાં વધુ સક્ષમ છે. જુદી જુદી માહિતીનું જો વિશ્લેષણ કરી માહિતી અનુસાર રચનાકીય નિર્ણય લેવાના હોય તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચોક્કસ મદદરૂપ થઈ શકે.

મકાનની સંભવિત કિમત કેટલી હશે, સ્થાનિક કાયદા અનુસાર કેટલી અને કેવા પ્રકારની સંભાવનાઓ છે, કેવા પ્રકારની માળખાગત રચના મકાનને વધુ મજબૂતાઈ આપી શકે, મકાન ઉપર તડકા-છાંયડાની અસર કેવી રહેશે, માનવીય વ્યવહારની પેટર્ન પ્રમાણે કેવા પ્રકારનું આંતરિક આવનજાવન તથા વિવિધ સ્થાનો વચ્ચેનો પરસ્પરનો સંબંધ વધુ અસરકારક રહેશે, જુદી જુદી સામગ્રીની આવરદા તથા ક્ષમતાના સંદર્ભમાં મકાનમાં કેવા પ્રકારનાં રખરખાવની આવશ્યકતા રહેશે.

વિશેષ પ્રકારની ઉપયોગિતાવાળા મકાનોમાં કેવા પ્રકારની વિશેષ વ્યવસ્થા જરૂરી રહેશે અને તેનું અસરકારક આયોજન કેવી રીતે શક્ય બને, વિશેષ પરિસ્થિતિમાં મકાનને વિશેષ મજબૂતાઈ આપવા માટે કેવા પ્રકારનું પ્રયોજન યોગ્ય રહેશે, સમગ્ર મકાનમાં ઊર્જાનું નિયંત્રણ કેવી રીતે સફળ રહી શકે, કોઈપણ તકનીકી બાબતની કાર્યક્ષમતા મકાનની રચનામાં ઓપ્ટિમાઈઝ કેવી રીતે કરી શકાય – આ અને આવી બાબતો સકારાત્મકતાથી સ્થાપત્યમાં ફાળો આપી શકે.

મકાનના બાંધકામમાં તેમ જ વપરાશમાં ઊર્જાની ખપત કેવી રીતે ઓછી કરી શકાય, ઈલેક્ટ્રોનિક ઉપકરણો દ્વારા મકાનની સલામતી નિર્ધારિત કરવામાં કેવી મદદ કરી શકે, મકાનના ઉપયોગ વખતે સગવડતાની માત્રા કેવી રીતે વધારી શકાય, મકાનનું જે તે અંગ ઉપયોગકર્તાની અપેક્ષા મુજબ કેવી રીતે હંગામી આંતરિક બદલાવ લાવી શકે, કેવા પ્રકારના માપદંડ કેવું પરિણામ આપી શકે, સૂચિત રંગ વ્યવસ્થાથી સમગ્ર દ્રશ્ય કેવું ઊભરશે અને તેની મનોવૈજ્ઞાનિક અસર કેવી રહેશે, અને આ બધી બાબતોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી વધુ અસરકારક રીતે નિર્ધારિત કરી શકાય. પરિણામે મકાન વધુ સ્વીકૃત, વધુ ઉપયોગી તેમ જ વધુ રસપ્રદ બની શકે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સહયોગથી તાત્કાલિક થોડા ફેરફાર કરી રચનાના વિકલ્પો વિશે વિચારી શકાશે, પર્યાવરણ પર થનારી અસરને સચોટ રીતે સમજી શકાશે, મકાનના વિવિધ અંગોની સ્થિતિનું ઝીણવટ ભર્યું મોનિટરિંગ શક્ય બનશે, કટોકટી કે અકસ્માત સમયે રક્ષણની સંભાવના વધુ સ્પષ્ટ બનશે, તકનીકી વ્યવસ્થા દ્વારા જે તે પરિસ્થિતિનું ભાવનાત્મક સમીકરણ સમજી શકાશે, સ્થપતિના વિચારોને તાત્કાલિક ધોરણે વર્ચ્યુઅલ રિયાલિટીમાં કન્વર્ટ કરી મકાન અસ્તિત્વમાં આવે તે પહેલાં જ કેટલીક બાબતોની ચકાસણી શક્ય બનશે.

વધુ યથાર્થ માહિતીનો વધુ યથાર્થ ઉપયોગ શક્ય બનશે, પ્લાનિંગની કેટલીક બાબતોમાં સ્થપતિએ સંમિલિત થવાની જરૂરિયાત નહીં રહે, સમગ્ર સંરચનાનું નિયમન સરળ બનશે, બાંધકામની પ્રક્રિયામાં સમયને ઓપ્ટિમાઈઝ કરી શકવાની સંભાવના વધશે, પ્રોજેક્ટ મેનેજમેન્ટ વધુ સરળ બની શકશે, રચના-નિર્ધારણ તેમ જ બાંધકામની વિવિધ પ્રક્રિયા વચ્ચેનું સંકલન પરિણામ લક્ષી બની શકશે, અને આ બધાને કારણે સમગ્રતામાં સમય, શક્તિ તથા સંસાધનોમાં બચત શક્ય બનશે.

આ બધી સકારાત્મક બાબતો સાથે સ્થપતિએ પોતાના અભિગમમાં પણ કંઈક ફેરબદલ કરવો પડશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કઈ માહિતી પૂરી પાડવી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જ્યારે કોઈ પરિણામ દર્શાવે ત્યારે તેનું મૂલ્યાંકન શેના આધારે કરવું, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા જે કંઈ દર્શાવવામાં આવે તેમાં માનવીય ભાવનાઓનો ઉમેરો કઈ રીતે કરી શકાય.

માનવીય સંવેદનાઓ કે તકનીકી પરિણામ વચ્ચેની નિર્ણાયક સ્થિતિમાં માનવીય મૂલ્યોને કેવી રીતે જાળવી શકાય,

સ્થાપત્યની તકનીકી બાબતો માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું મહત્ત્વ સ્વીકારી શકાય પરંતુ સ્થાપત્યની કળાત્મક બાબતોને કેવી રીતે અસરકારક બનાવી શકાય, ભવિષ્યની અનિર્ધારિત બાબતોને કેવી રીતે નિર્ધારિત કરી ડિઝાઈનમાં તેનો સમાવેશ કરી શકાય, શેના માટે ટેકનોલોજી પણ નિર્ધારિત રહેવું અને શું પોતાને હસ્તક રાખવું – આ

અને આવી બાબતો માનવીના હસ્તક જ રહેશે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને માનવીય ભાવનાઓ વચ્ચે સંતુલન જળવાવવું જોઈએ. બંનેનું મહત્ત્વ છે અને બંનેને મહત્ત્વ મળવું જોઈએ. બંનેને પોતાની ક્ષમતા અને સંદર્ભ અનુસાર સ્થાન મળવું જોઈએ. સ્થાપત્ય એક જટિલ રચના છે જેમાં સમાજ, વિજ્ઞાન, વ્યક્તિગતતા, સંસ્કૃતિ, પરંપરા, કળા તેમ જ રાજકીય અને આર્થિક બાબતો સંકળાયેલી હોય છે.

આમાંની કેટલીક બાબતોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ખરેખર મદદરૂપ થઈ શકે, પરંતુ બધી બાબતમાં નહીં. જ્યાં જેની જરૂરિયાત હોય અને જ્યાં જેનું સ્થાન ઈચ્છનીય હોય તે અનુસાર નિર્ણયો લેવાવાં જોઈએ. બધી જ બાબતો કોઈ એક પરિબળને-એક પરિમાણને-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને સોંપી ન દેવાય.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ સાધન છે. સાધનનો ઉપયોગ સાધન તરીકે જ થવો જોઈએ. સાધન જ્યારે માલિક બનવાનો પ્રયત્ન કરે ત્યારે પ્રશ્ન થાય. માલિક માનવી છે અને પોતાની અનુકૂળતા માટે માનવીએ સર્જેલું માળખું એટલે ટેકનોલોજી, પરંતુ જો માનવી ટેકનોલોજી દ્વારા મળતી અનુકૂળતાને અનિચ્છનીય માત્રા સુધી વધારવાની ઈચ્છા રાખશે અને ટેકનોલોજીને વધારે મહત્ત્વ આપવા માંડશે તો ટેકનોલોજી માલિકના સ્થાને ક્યારેક પહોંચી પણ જશે.માનવી દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સીમા નિર્ધારિત થવી જોઈએ, નહીં કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા માનવીનું ક્ષેત્ર નિર્ધારિત થાય.

તંત્રી લેખ...-

**સોમવાર, તા. ૨૪ નવેમ્બર ૨૦૨૫**

## દુબઈમાં તેજસ અકસ્માતથી ભારતની ક્ષમતા સામે સવાલ

દુબઈમાં યોજાયેલા એર-શો દરમ્યાન ભારતીય બનાવટનાં ફાઈટર વિમાન તેજસને નડેલા ગમખ્વાર અકસ્માતે દેશના સ્વદેશી શત્ર ઉત્પાદનના મંત્રને મોટો આંચકો આપ્યો છે. શુક્રવારે આ પ્રતિષ્ઠિત એર-શોમાં ભારતનાં આ વિમાનનું હવાઈ ડેમોન્સ્ટ્રેશન થઈ રહ્યંઅ હતું ત્યારે તેજસ અચાનક નિયંત્રણ બહાર થયું હતું અને તૂટી પડ્યું હતું. આ કમનસીબ બનાવમાં વાયુસેનાના કાબેલ ટેસ્ટ પાઈલટનો જીવ પણ ગયો હતો. આ બનાવે ભારતના શત્રોનાં ઘરઆંગણે વિકાસ અને ઉત્પાદનના મહત્ત્વાકાંક્ષી પ્રોજેટકની સામે ગંભીર સવાલ ખડા કર્યા છે. આજે દુનિયામાં જંગ માટે હવાઈ તાકાત વિસ્તારવા પર સતત ધ્યાન અપાઈ રહ્યંઅ છે ત્યારે ભારતે ૪.૫મી પેઢીના મલ્ટિ રોલ કોમ્બેટ વિમાન તેજસ વિકસાવ્યું છે. વર્ષોની મહેનત અને વિલંબ બાદ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) દ્વારા આખરે તૈયાર થયેલાં તેજસને હવાઈ સલામતી, જમીન પર હુમલા અને નજીકના હવાઈ જંગની ક્ષમતા સજ્જ કરાઈ છે. ભારે હળવા અને નાનું કદ હોવાને લીધે તેજસ હવામાં અનોખી ઝડપ અને સચોટ ઉડ્ડયન કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, આ વિમાનમાં તેના પાઈલટની સલામતી માટે ખાસ જીરો જીરો ઈજેક્શન સીટ લગાવાઈ છે. સાવ નીચેનાં સ્તર સુધી પાઈલટને કટોકટીમાં વિમાન છોડવામાં મદદ કરી શકે છે. આ ખાસિયત આધુનિક વિમાનોમાં હવે અનિવાર્ય બની ગઈ છે. તેજસમાં આ બધી ખૂબીઓ હોવા છતાં તેને અકસ્માત નડયો તે બાબત ચોંકાવી મૂકે તેવી છે. વળી તેના પઈલટ પણ છેલ્લી ઘડીએ પોતાનો બચાવ કરી શક્યા નહીં તે પણ ભારે ચિંતા જગાવે તેવી હકીકત છે. આમ આ અકસ્માતે સંખ્યાબંધ સવાલો ખડા કર્યા છે જેના જવાબ શોધવા માટે ઝીણવટભરી તપાસ અનિવાર્ય બની છે. વળી તેજસનો આ પ્રથમ અકસ્માત ન હતો. આ અગાઉ માર્ચ-૨૦૨૪માં પણ જેસલમેરમાં આ વિમાન પરીક્ષણ દરમ્યાન તૂટી પડયું હતું. જો કે, સદ્નસીબે તે અકસ્માતમાં પાઈલટનો બચાવ થયો હતો. હવે બે વિમાન અકસ્માતને લીધે તેનાં કારણોની વિગતે તપાસ થવી જોઈએ. વળી એ પણ તપાસ થવી જોઈએ કે, આ બન્ને અકસ્માતો કોઈ યોગાનુયોગ હતા કે તેમાં કોઈ કાવતરાંએ કામ કર્યું હતું તેની તપાસ થવી જોઈએ. છેલ્લા થોડા સમયથી તેજસને લીધે ચીન અને પાકિસ્તાન જેવા દેશોના પેટમાં તેલ રેડાયું છે. આ વિમાનથી ચીનના ફાઈટર વિમાનો ઝાંખા પડી રહ્યાં હોવાની પણ ચર્ચા ચાલતી હતી. આવામાં આ અકસ્માતની પાછળ કોઈ ભાંગફોડ કે કાવતરું હોવાની શંકાની પણ તપાસ થવી જોઈએ. વળી જો વિમાનમાં ખરેખર કોઈ ટેકનિકલ ખામી હોય તો પણ તેને શોધવાની તાકીદની જરૂરત છે. દુબઈ એર-શોમાં થયેલા અકસ્માતે વિશ્વમંચ પર ભારતની ક્ષમતા સામે સવાલ ખડા કર્યા છે અને ભવિષ્યમાં આ વિમાનો અન્ય દેશોને વેચવાની શક્યતા સામે પણ જોખમ સર્જાયું છે. મહત્ત્વની બાબત એ છે કે, ભારતે તેના ફાઈટર

વિમાનોની ઘટના ઉકેલ રૂપે તેજસ વિમાનોની ખરીદીનો મોટો ઓર્ડર એચએએલને આપેલો છે. જો વિમાન સલામત ન હોય તો દેશની સલામતી કઈ રીતે શક્ય બની શકે. વળી આ અકસ્માત તેજસનાં ઉત્પાદનને થંભાવી દે એવા સંજોગો ઊભા થાય તો તે ભારતીય હવાઈ સલામતી માટે વધુ ગંભીર પડકાર સમાન બની રહે તેમ છે. એચએએલે તેજસ વિમાનની આ કસોટીનો ઝડપભેર શોધવો રહ્યો.

## સ્વૈચ્છિક ગોલ્ડ કન્ટ્રોલ

સોનાંના ભાવ ગમે તેટલા વધે તો પણ લોકોનો મોહ ઘટતો નથી. તાજેતરના મહિનાઓમાં - સોનાંના ભાવમાં ધરખમ વધારો થયો હોવા છતાં માંગ અને ખરીદીમાં ઓટ આવતી નથી. સોનાંની ખરીદી લોકો 'બચત' માટે કરે છે કે સામાજિક મોભા અને પ્રદર્શન માટે? બચત માટે નક્કર સોનાંને બદલે અન્ય વિકલ્પો સરકારે પણ આપ્યા છે. દાયકાઓ પહેલાં કેન્દ્રના નાણાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ સોનાં ઉપર નિયંત્રણો મૂક્યાં હતાં. ચોવીસ કેરેટના બદલે ઓછા કેરેટના અલંકારોની શરૂઆત થઈ, છતાં ગોલ્ડ કન્ટ્રોલ એક્ટના અમલમાં નાણાપ્રધાન સફળ થયા નહીં, ત્યારે ઉત્તરાખંડની ગ્રામીણ મહિલાઓએ સુવર્ણ અલંકારોના 'પ્રદર્શન' ઉપર સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકીને સામાજિક સુધારાની નવી શરૂઆત કરી છે, તેથી તેઓ અભિનંદનના અધિકારી છે. રાજ્યના 'કેદાડ' અને ઈન્દ્રોલી ગામમાં આ નિયમ લાગુ થઈ ગયો છે અને મહિલાઓને માત્ર ત્રણ આભૂષણ પહેરવાની છૂટ આપવામાં આવી છે, તેમાં ઝુમખા નથી, મંગળસૂત્રનો સમાવેશ થાય છે, એટલું જ નહીં આ નિયમનો ભંગ કરનારને પચાસ હજારનો દંડ પણ ભરવાનો રહે છે. આ નિયમ લાવવા પાછળ સોનાંની વધતી કિંમતોનું કારણ અપાયું છે. એક ગ્રામજનના કહેવા પ્રમાણે સોનાંની ઊંચી કિંમતોનાં કારણે પરિવારમાં ખોટી તાણ ઊભી થતી હતી, તેનાં પરિણામે આવો નિયમ અમલી બનાવાયો છે. વાસ્તવમાં અન્ય રાજ્યોની મહિલાઓએ ઉત્તરાખંડનું અનુકરણ કરવું જોઈએ. લગ્નપ્રસંગે સુવર્ણ અલંકારોનું પ્રદર્શન કરવાની સ્પર્ધામાં ગરીબ પરિવારો બરબાદ થાય છે. દીકરીઓના લગ્નપ્રસંગ ખુશીને બદલે પરિવારો માટે પારાવાર સંકટનો બની જાય છે, તેથી મહિલા મંગળદળ અને યુવા મંગળદળના આગેવાનોએ સમાજની મહિલાઓને અનુરોધ કર્યો છે કે, નાક-કાનના દાગીના તથા એક મંગળસૂત્ર સિવાય અલંકારોનું પ્રદર્શન કરવું નહીં. આ ઉપરાંત લગ્નપ્રસંગે શરાબ - દારૂની પાર્ટી રાખનાર પરિવારનો સામાજિક બહિષ્કાર થશે એવી જાહેરાત પણ થઈ છે. હવે દેશભરમાં કેટલાં મહિલામંડળો ઉત્તરાખંડનું અનુકરણ કરશે?

**ચોવીસ કેરેટના બદલે ઓછા કેરેટના અલંકારોની શરૂઆત થઈ, છતાં ગોલ્ડ કન્ટ્રોલ એક્ટના અમલમાં નાણાપ્રધાન સફળ થયા નહીં, ત્યારે ઉત્તરાખંડની ગ્રામીણ મહિલાઓએ સુવર્ણ અલંકારોના હ્રપ્રદર્શન' ઉપર સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકીને સામાજિક સુધારાની નવી શરૂઆત કરી છે,**

### આગામી વર્ષે ચૂંટણી છે, ત્યારે એમ કે સ્ટાલિન અને મમતા બેનરજી 'હાથ'ને કેટલો સાથ આપશે?

# કોંગ્રેસના મોરચાનું ભાવિ શું ?

### ચૂંટણીપંચ ઉપર બેફામ આક્ષેપો થાય તો રાહુલ ગાંધી સામે કાનૂની પગલાં લઈ શકાય

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવ્યાં પછી રાષ્ટ્રીય રાજકારણમાં મુખ્ય પ્રશ્ન છે - વિપક્ષ ક્યાં છે? કોંગ્રેસના ઈન્ડિ - મોરચાનું ભાવિ શું? ભાજપને સત્તા ઉપરથી હટાવવા માટે કોંગ્રેસે આ 'મોરચો' - માંચડો ઊભો કર્યો પણ તેના પાયા હવે હચમચી ગયા છે. બિહારે વિપક્ષોમાં અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. રાહુલ ગાંધીએ મતચોરીના આક્ષેપ કર્યા અને એટમબોમ્બ - તથા હાઈડ્રોજન બોમ્બના પ્રયોગ કર્યા પણ અખિલેશ યાદવ અને અન્ય પક્ષોએ તાળીઓ પાડી નહીં અને લોકોએ અંગૂઠા બતાવ્યા! હવે રાહુલ ગાંધી સામે મોટો પડકાર છે : જનતાનો વિશ્વાસ કેવી રીતે મેળવવો? 'મોત કા સૌદાગર' અને 'ચોકીદાર ચોર હૈ'થી વોટચોરી - સુધીના મુદ્દાથી કોંગ્રેસ હાંસીપાત્ર બની છે અને અન્ય રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો હવે રાહુલ ગાંધી - કોંગ્રેસને 'દાદ' આપવા તૈયાર નથી. દાદાગીરીનો તો પ્રશ્ન જ નથી! હવે રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ અને મતદારયાદીને નિશાન ઉપર લેવાની જાહેરાત કરી છે. એમની ભૂલ અને ખોટા મુદ્દા બદલ જનતા સમક્ષ માફી માગવાને બદલે ચોરી ઉપર સીનાજોરી છે! લોકતંત્ર બચાવવાનાં બહાનાં પણ અસરકારક નથી. જો નેતાગીરી અને વિપક્ષી નીતિ નહીં બદલાય તો પક્ષમાં ફરીથી ભંગાણ પડવાની શક્યતા છે. ચૂંટણીપંચ ઉપર બેફામ આક્ષેપો થાય તો રાહુલ ગાંધી સામે કાનૂની પગલાં લઈ શકાય, પણ એમની ધરપકડ કે સજા થાય તો ઈન્દિરા ગાંધીની જેમ - કાનૂની લડતનો રાજકીય લાભ લેવાના પ્રયાસ થાય, આથી જ ભાજપ સરકાર રાજકીય લડત આપીને એમને મહાત કરશે. ગાંધી પરિવાર - રોબર્ટ વાડરા સહિત - સામે ભ્રષ્ટાચારના કેસ તો આગળ વધશે. ભાજપ - હવે ગુજરાતના વિકાસ મોડેલ પછી બિહારને સામાજિક ન્યાયનું મોડેલ બનાવશે અને રાષ્ટ્રહિતને આગળ કરશે. પાકિસ્તાની આતંકવાદ ઉપર આખરી પ્રહાર થાય તો નવાઈ નહીં. આગામી વર્ષે બંગાળમાં મતદારયાદી અને બાંગલાદેશી ઘૂસણખોરોનો મુદ્દો મુખ્ય હશે. બાંગલાદેશમાં ચૂંટણી પહેલાં હિન્દુવિરોધી ભાષણોના પડઘા પશ્ચિમ બંગાળમાં પડી રહ્યા છે. ચૂંટણી દરમિયાન હિંસાચાર થાય કે થવાની શક્યતા હોય તો જંગલરાજ સામે રાષ્ટ્રપતિ શાસન અથવા ભારતીય સેનાની દેખરેખમાં મતદાન કરવાનો વિકલ્પ હશે. તામિલનાડુમાં બિહારની જેમ 'સામાજિક ન્યાય'નો મુદ્દો સર્વોપરી હશે. સત્તા માટે એક મંચ ઉપર ઊભા રહીને હાથ ઊંચા કરનારા નેતાઓના બીજા હાથ છૂટા હતા - અથવા તો બીજા હાથમાં છૂરી તૈયાર હતી! એમનાં હિત-સ્વાર્થ એકબીજા સાથે ટકરાતા હતા અને હજુ ટકરાય છે. બિહારમાં આપણે જોયું કે, ઈન્ડિ મોરચાનું સ્થાન મહાગઠબંધનને મળ્યું. રાહુલ ગાંધીના સ્થાને તેજસ્વી યાદવ હતા. કોંગ્રેસ હંમેશાં પ્રથમ સ્થાને રહેવાનું પસંદ કરે છે, પણ બિહારમાં લાચારી હતી. જો બહુમતી મળી હોત તો પણ યશ તેજસ્વીને મળે અને ઉત્તરપ્રદેશમાં પણ યાદવ કુળના અખિલેશનો 'હાથ' ઊંચો રહે તો કોંગ્રેસના 'હાથ'નું મહત્ત્વ શું? આ પ્રશ્ન અને શંકા મૂળભૂત હોવાથી મૈત્રીકરારમાં પ્રામાણિકતાનો અભાવ હતો તે પરિણામે પુરવાર કર્યું છે. આવી જ સ્થિતિ તામિલનાડુ અને બંગાળમાં છે. આગામી વર્ષે ચૂંટણી છે, ત્યારે એમ કે સ્ટાલિન અને મમતા બેનરજી 'હાથ'ને કેટલો સાથ આપશે? મહારાષ્ટ્રમાં મુંબઈ સુધરાઈ અને મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણી ગાજે છે, ત્યારે કોંગ્રેસે અલગ - ઉદ્ધવ સેનાથી અલગ રહીને ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. 'અસમર્થવાન ભવેત્ સાધુ' જેવી સ્થિતિ છે! શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને ઉદ્ધવ સેના સાથે કોંગ્રેસની સમજૂતી હતી, પણ રાજ ઠાકરેની નવનિર્માણ સેનાનો પ્રવેશ થયો તે પછી ઉદ્ધવ ઠાકરેની સ્થિતિ મજબૂત થઈ છે અને હવે બિહારનાં પરિણામ પછી મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસનું અવમૂલ્યન થયું છે. ટિકિટોની વહેંચણીમાં પણ છેલ્લે ભાગીદારીમાં ભાગ હશે, એવી ધારણા હોવાથી કોંગ્રેસે અલગ રહેવાની જાહેરાત કરી છે. છતાં પડદા પાછળ શરદ પવારને મનાવવાના પ્રયાસ થાય છે તે સફળ થાય તો કોંગ્રેસ અને શરદ પવાર, ઉદ્ધવ અને રાજ ઠાકરે તથા ત્રીજા મોરચામાં ભાજપ - શિંદે સેના અને અજિત પવાર - મહારાષ્ટ્રની ચૂંટણીમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીનું સ્થાન ક્યાં હશે? મુખ્ય જંગ તો ઉદ્ધવ સેના અને ભાજપ વચ્ચે હશે.ભાજપના મોરચામાં અજિત પવાર સૌથી નબળી કડી છે. ભ્રષ્ટાચારના આક્ષેપ ઉપરાંત અજિત પવાર ઉપર વિશ્વાસ નથી. આ ઉપરાંત, શિંદે સેનાના નેતાઓ અને કાર્યકરોને ભાજપમાં ખેંચી લેવાના પ્રયાસ થયા - થાય છે તેથી શિંદે નારાજ છે. એમણે નવી દિલ્હી જઈને ગૃહપ્રધાન અમિત શાહ તથા પક્ષપ્રમુખ નડ્ડા સમક્ષ રજૂઆત કરીને વિરોધ નોંધાવ્યો છે. ભાજપના દરવાજે લાઈનમાં ઊભેલા નેતા - કાર્યકરોને પ્રવેશ નહીં આપવાની માગણી કરી છે, પણ સાથી ભાગીદાર પક્ષને તોડવાની આવી હિલચાલથી ભાજપની પ્રતિષ્ઠા ઝંખવાઈ રહી છે. ઉદ્ધવ ઠાકરેએ પણ એકનાથ શિંદેને ટોણાં મારીને 'રાજકીય નિરાશ્રિત' કહ્યા છે. આવા અહેવાલ અને વિવાદ શિંદે સેનાના નેતા - કાર્યકરોને ઉદ્ધવના શરણે જવાની પ્રેરણા-પ્રોત્સાહન આપશે એમ મનાય છે. ભાજપની નેતાગીરીએ શિંદેને ગર્ભિત ઠપકો પણ આપ્યો છે. મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં ગેરહાજર રહીને ખોટો સંદેશ કાર્યકરોને મળે છે એમ જણાવ્યું છે. શિંદે અવારનવાર ગૃહપ્રધાન અમિત શાહને મળે છે - અને એમને મુલાકાત અપાય છે, તેનો અર્થ એ છે કે, ભાગીદાર પક્ષોને પણ મહત્ત્વ અપાય છે અને મુંબઈ - મહારાષ્ટ્રની ચૂંટણીમાં ભાજપ ત્રિપુટીનો પ્રભાવ બતાવવો જરૂરી છે. શિંદે મુખ્ય પ્રધાન બનવા માગે છે, તે સૌ જાણે છે પણ આ સમય નથી છતાં આશા અમર છે. રાહુલ ગાંધી સતત ચૂંટણીપંચ ઉપર આક્ષેપ કરી રહ્યા છે અને લોકતંત્ર બચાવવાની વાત કરે છે, પણ સુપ્રીમકોર્ટે એમને વખતોવખત ટપાર્યા છે. ઠપકો પણ આપ્યો છે. સુપ્રીમકોર્ટમાં વિશ્વાસ અને આદર હોવો જોઈએ. વિરોધ પક્ષો જવાબદાર હોવા જોઈએ. સુપ્રીમકોર્ટે સરકારને ટપારી છે અને બચાવી પણ છે. તામિલનાડુ અને કેરળની સરકારોએ રાજ્યપાલો વિરુદ્ધ સુપ્રીમકોર્ટને ફરિયાદ કરી હતી કે, વિધાનસભામાં પસાર થયેલા ખરડાઓને મંજૂરી આપવામાં વિલંબ થાય છે અથવા ટાળવામાં આવે છે, તેથી મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવી જોઈએ - પણ કોર્ટે આવી સમયમર્યાદા રાખવાનો ઈનકાર કર્યો છે છતાં કહ્યું છે કે, રાજ્યપાલે આવા ખરડા અભેરાઈ ઉપર મૂકવા નહીં જોઈએ. આ ચુકાદા પછી આ રાજ્યો ચૂંટણીમાં કેન્દ્ર સરકાર વિરોધી મુદ્દો ચગાવી નહીં શકે. હિન્દી ભાષાનો વિરોધ ચૂંટણીમાં થશે, પણ જનમાનસ ઉપર તેની અસર પડે એમ લાગતું નથી. ભાજપને સત્તા મળે નહીં તો પણ સંખ્યાબળ વધવાનો વિશ્વાસ છે, તેથી બિહારની જેમ મહિલાઓને રાજી રાખવા સાથે સામાજિક ન્યાય - પછાત જાતિઓને પ્રોત્સાહન અપાશે. ડીએમકેના મોરચામાં કોંગ્રેસ છે, ત્યારે અન્ના ડીએમકે અને અભિનેતા વિજય ભાજપને કેટલો સાથ આપે છે તે જોવાનું છે. તામિલનાડુ પછી બંગાળમાં પણ રાજવંશ સ્થાપવાના પ્રયાસ છે, તેથી પરિવારવાદની કસોટી થશે. આ રાજ્યોમાં કોંગ્રેસ મોરચા કરતાં પ્રાદેશિક પક્ષનો હાથ ઉપર રહેશે એવી ધારણા છે. એકંદરે કોંગ્રેસના ઈન્ડિ મોરચાનું અવમૂલ્યન થાય છે, ત્યારે ભાવિ શું? એવી ચિંતા નેતાઓ અને કાર્યકરોમાં છે.

### રોગાનનાં સંવર્ધન માટે પ્રયાસો થતા રહ્યા છે. રાજાશાહી જમાનામાં એવી રૂઢિગત માન્યતા હતી

# રોગાનકળા હવે વિલુપ્તપ્રાય નથી...

- ઊંચી હસ્તકળાના પાણીના દામ ઊપજતાં સિનારિયો હવે બદલાઈ ચૂક્યો છે. પ્રવાસનનો અપાર વિકાસ થયો અને સરકારી પ્રોત્સાહન પણ મળતું થતાં ઉમદા કસબીને સારું ઉપાર્જન થવા લાગ્યું છે.

રોગાનકળાને લુપ્ત થતી રોકવા માટે જીવનભર સમર્પિત પરિવારના મોભી અબ્દુલ ગફુર રાષ્ટ્રપતિ ભવનમાં દ્રૌપદી મુર્મુ સમક્ષ ઉપસ્થિત થયા ત્યારે મનમાં ઉચાટ હતો. ભારત જેવી મહસત્તાના સર્વોચ્ચ બંધારણીય વડા સમક્ષ કચ્છના હસ્તકળા કારીગર ખાસ નિમંત્રણ મેળવીને ગયા હોય, એ દુર્લભ ઘટના... દ્રૌપદી મુર્મુએ ખૂબ સાહજિકતાથી રોગાન વિશે જાણ્યું અને વિશેષ તો અબ્દુલ ગફુર ખત્રી ૧૫ વર્ષના દીકરાની આંગળીઓમાંથી પણ બેનમૂન કળા નીતરે છે, એ સાંભળીને બોલી ઊઠયાં કે જ્યારે કોઈ કળા કે વિશેષ આવડત નવી પેઢીને વારસામાં ઊતરે તો જ એ જીવંત રહી શકે...'અબ્દુલ ગફુરજી, આપને યે કામ બહોત અચ્છા કિયા.' આ શબ્દો રોગાનના 'પદ્મશ્રી' કસબીના કાનમાં આજે પણ ગુંજે છે. કચ્છની હસ્તકળા કોઈ નવી વાત નથી રહી. વાચકોને રોગાન, બાંધણી, ખરકી, વણાટ, બ્લોક પ્રિન્ટિંગ બધાં વિશે સમયાંતરે સામગ્રી પીરસાતી રહે છે, પણ કળાનો દરજ્જો હવે બદલાયો છે. એક સમયે ગામડાંમાં રહેતા કારીગર, તેમના પરિવારે માલ વેચવા માટે ખૂબ પ્રયત્ન કરવા પડતા. ગ્રાહકનો સીધો ચહેરો તો જોવા જ ન મળે...

ઊંચી હસ્તકળાના પાણીના દામ ઊપજતાં સિનારિયો હવે બદલાઈ ચૂક્યો છે. પ્રવાસનનો અપાર વિકાસ થયો અને સરકારી પ્રોત્સાહન પણ મળતું થતાં ઉમદા કસબીને સારું ઉપાર્જન થવા લાગ્યું છે. અબ્દુલ ગફુર ખત્રી કહે છે કે કચ્છની દરેક હસ્તકળાને હવે જબ્બર વેગ મળ્યો છે. વેચાણ સારું થાય છે. પ્રવાસીઓ અને કોર્પોરેટ જગત તરફથી માંગ પણ વધી છે અને રણોત્સવ ઉપરાંત રાષ્ટ્રીય -આંતરરાષ્ટ્રીય હસ્તકળા મેળામાં કારીગરોને પ્લેટફોર્મ મળતું થતાં કચ્છ અને કચ્છની હસ્તકળાનું નામ વિશ્વફલક પર જાણીતું થયું છે. હજુ હાલમાં જ ઝુરા ગામના ખરકી કસબી જાનમામદને ચાંદખેડા યુનિવર્સિટી ખાતે 'ગેમચેન્જર ઓફ ભારત' સન્માન એનાયત થયું છે. રોગાન પહેલાં નિરોણા પૂરતી સીમિત હતી, હવે માધાપરમાં પણ કેન્દ્ર વિકસ્યું છે, જે દર્શાવે છે કે રોગાન હવે ડૂબતી કળા નથી, લુપ્ત થવાની નથી... એને મજબૂત આધાર મળી ગયો છે. અબ્દુલભાઈનો આખો પરિવાર રોગાનને સમર્પિત છે. બે ભાઈનાં કુટુંબ મળીને દસેક જણ પારિવારિક વ્યવસાયમાં લાગેલા છે. એક સમયે એવી ભીતિ હતી કે અબ્દુલભાઈ કે તેમના પરિવાર પછી રોગાન લુપ્ત થઈ જશે, પણ આવું ન બને એ માટે ખત્રી પરિવારે ઝનૂનભેર મહેનત કરી છે. જ્યાં જ્યાં તક મળી, ત્યાં નવા વિચાર સાથે રોગાનને પેશ કરી છે. બે વર્ષ પહેલાં ગાંધીનગરમાં જી - ૨૦ અંતર્ગત વિવિધ દેશના નાણામંત્રીઓ, બેન્કોના ગવર્નર્સ, ડાયરેક્ટરોની શિખર બેઠકમાં 'પદ્મશ્રી' કારીગરે ૧૦૦ મીટર લંબાઈનાં કાપડ પર ૨૧ કલાકમાં ૫૮૦ કલાકૃતિનું સર્જન કરીને વિશ્વવિક્રમ રચ્યો હતો. વિદેશી મહાનુભાવો રોગાનનું સર્જન જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા. અબ્દુલ ગફુર ખત્રી પરિવારના સભ્યોએ આ કલાને ટકાવી રાખી છે. એટલું જ નહીં, તેનાં વિસ્તરણ અને ફેલાવા માટે પણ તત્પર છે. સામાન્ય રીતે પરંપરાગત કસબના કસબીઓ ક્લાને પોતાના વારસા પૂરતી જ સીમિત રાખવાનો આગ્રહ રાખે છે, પરંતુ આ ક્લાના કસબીઓએ કેટલીક સંસ્થાઓના સહયોગથી અન્ય જાતિના પરિવારો સુધી પહોંચાડવાના સફળ પ્રયાસો પણ કર્યા છે. રોગાનનાં સંવર્ધન માટે પ્રયાસો થતા રહ્યા છે. રાજાશાહી જમાનામાં એવી રૂઢિગત માન્યતા હતી કે ત્રીઓ રોગાનકલા શીખી શકે નહીં, પરંતુ નિરોણાએ ત્રી સશક્તિકરણની ઉમદા પહેલ અપનાવીને છેલ્લા દોઢ દાયકામાં ગામની અને અન્ય સમાજોની ત્રણસોથી વધુ મહિલાઓને તાલીમ આપીને રોગાનકલાનો કસબ શીખવ્યો છે. રોગાનનું ઉદ્ભવસ્થાન મૂળ પર્શિયા, તુર્કી, ઈરાન, ઈરાક માનવામાં આવે છે. 'પદ્મશ્રી' અબ્દુલ ગફુર ખત્રી કહે છે કે ઈરાન - ઈરાકમાંથી વાયા સિંધ રોગાનનું આગમન થયું છે. એક જમાનામાં ગુજરાતમાં વિરમગામ, અમદાવાદ અને બાવળામાં પણ રોગાનનું અસ્તિત્વ હતું. રાજાશાહી યુગમાં કચ્છના આહીર, ભરવાડ, બન્ની, અનુ. જાતિની મહિલાઓ, હાલેપોત્રા, રાયસીપોત્રા તેમજ નોડે જેવી જ્ઞાતિની ત્રીઓ રોગાનનાં છાપવાળાં પહેરણ ઉપયોગમાં લેતી. કાળક્રમે મશીનયુગનું આક્રમણ થયું. પ્રિન્ટેડ મશીન કાપડના સસ્તા ભાવ અને સુલભતાને લીધે રોગાનવાળું કાપડ ખરીદવાનું બંધ થવા લાગ્યું... રોગાનના કસબીઓ બેકાર બનતાં નિરોણા સિવાય તમામ જગ્યાએથી આ કળા લુપ્ત બની. આજે રોગાન જ્યાં પહોંચી છે, એમાં અબ્દુલ ગફુર તથા ખત્રી પરિવારની દૃષ્ટિ કારણભૂત છે. ૧૯૮૫થી અબ્દુલભાઈએ રોગાનને આર્ટ ફોમમાં લેવાની શરૂઆત કરી. ઝીણા તાર દ્વારા બારીકાઈથી ડિઝાઈનમાં ફેરફાર કર્યા. ધીરે ધીરે દેશ - દુનિયામાં સ્વીકૃતિ વધતી ગઈ. રણોત્સવ, ટેન્ટ સિટીને પગલે કચ્છમાં પ્રવાસીઓનો પ્રવાહ વધ્યો, તેનો લાભ નિરોણાને, રોગાનને પણ મળતો થયો છે, પરંતુ કળા પાછળ જે પરિશ્રમ અને ખાસ્સો સમય માગી લેતી કળાકારીગરી છે, એની તુલનાએ રોગાન હજુ વધુ માન, સન્માન, દામની અધિકારી છે. અબ્દુલભાઈ કહે છે કે બજાર વ્યવસ્થા રોગાનની મુખ્ય સમસ્યા છે. માત્ર પર્યટકો ઉપર કળા ટકી ન શકે. દર વર્ષે દેશ - વિદેશમાં યોજાતા ક્રાફ્ટ મેળામાં રોગાનનું નિદર્શન કરવામાં આવે તો કળાનું ભાવિ વધુ સમૃદ્ધ બને.

### એ લોકો ઝેર ઓકશે ને સામે પણ ઝેર ઓકાશે તેથી માહોલ બગડશે.

# બંગાળમાં બાબરી મસ્જિદ, મતબેંકના રાજકારણનો નવો અધ્યાય

### બાબરી' મસ્જિદના શિલાન્યાસ કાર્યક્રમમાં લગભગ બે લાખ લોકો હાજર રહેશે અને ૪૦૦ ધુરંધરોને સ્ટેજ પર હાજર રખાશે.

ભારતમાં મોટા ભાગના નેતાઓ અત્યંત નીચ માનસિકતા ધરાવે છે. તેમને રાજકીય ફાયદા માટે લોકોને લડાવી મારવામાં કે વધેરી દેવામાં જરાય શરમ નથી આવતી. આ માનસિકતાનો તાજો દાખલો પશ્ચિમ બંગાળના તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીરે પૂરો પાડ્યો છે. કબીરે એલાન કર્યું છે કે, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં તોડી પડાયેલી બાબરી મસ્જિદની યાદ તાજી રાખવા માટે બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ બનાવાશે અને આ પ્રસ્તાવિત બાબરી મસ્જિદનો શિલાન્યાસ ૬ ડિસેમ્બરે કરાશે.૬ ડિસેમ્બર બાબરી મસ્જિદના ધ્વંસની વરસી છે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હિંદુવાદી સંગઠનનોના કાર્યકરોએ કારસેવા દરમિયાન જોશમાં આવી જઈને બાબરી મસ્જિદને તોડી પાડી હતી અને બાબરીના સ્થાને સપાટ મેદાન બનાવી દીધું હતું. આ મસ્જિદના સ્થાને અત્યારે ભવ્ય રામમમંદિર ઊભું છે.

બંગાળના ભરતપુરના ધારાસભ્ય કબીરે એલાન કર્યું છે કે, મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં ૬ ડિસેમ્બરે 'બાબરી' મસ્જિદનો શિલાન્યાસ કરવામાં આવશે અને ત્રણ વર્ષમાં આ મસ્જિદ પૂર્ણ તૈયાર થઈ જશે. હુમાયુનો દાવો છે કે, પોતે ગયા વર્ષે ૧૨ ડિસેમ્બરે 'બાબરી' મસ્જિદના નિર્માણનું વચન આપેલું ને આ વચન પૂરું કરવાની દિશામાં ૬ ડિસેમ્બરે પહેલું પગલું ભરાશે. 'બાબરી' મસ્જિદના શિલાન્યાસ કાર્યક્રમમાં લગભગ બે લાખ લોકો હાજર રહેશે અને ૪૦૦ ધુરંધરોને સ્ટેજ પર હાજર રખાશે. આ ૪૦૦ ધુરંધરો કોણ હશે તેનો ફોડ હુમાયુએ નથી પાડ્યો પણ મોટા ભાગના મુલ્લા-મૌલવીઓ હશે એ કહેવાની જરૂર નથી.હુમાયુ તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્ય છે તેથી મમતા બેનરજીના ઈશારે આ ઉધામા કરી રહ્યા હોવાનું સૌને લાગે, પણ ૬ ડિસેમ્બરે મમતા બેનરજીની કોલકાતામાં યોજાનારી જાહેર સભાને સમાંતર આ કાર્યક્રમ થવાનો છે તેથી ખરેખર મમતાના ઈશારે બધું થઈ રહ્યું છે કે કેમ એ સ્પષ્ટ નથી. કોલકાત્તાના તૃણમૂલ કૉંગ્રેસના કાર્યક્રમમાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી સહિતના દિગ્ગજો હાજર રહેવાના છે.મમતાની પાર્ટી ૧૯૯૨ના બાબરી મસ્જિદ ધ્વંસની વરસીએ સંહતિ દિવસ (એકતા દિવસ) ઉજવવાનાં છે. મમતાનું કહેવું છે કે, રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કવાયત દ્વારા લોકોમાં ભાગલા પડાવવાની ગંદી રમત ભાજપ રમી રહ્યો છે તેથી પોતે લોકોમાં સંવાદિતાનો સંદેશ આપવા આ સભા કરી રહ્યાં છે.મમતા આવી ડાહી ડાહ વાતો કરીવા માટે જાણીતાં છે પણ તેમનો મુખ્ય ઉદ્દેશ તો મુસ્લિમ મતબેંકને પોતાની સાથે જોડી રાખવાનો જ છે. પશ્ચિમ બંગાળમાં આવતા વરસે વિધાનસભાની ચૂંટણી છે ને એ વખતે મુસ્લિમ મતદારો તૃણમૂલ કૉંગ્રેસ સાથે રહે એ માટે ભાજપ તથા તેનાં સાથી સંગઠનોએ બાબરી મસ્જિદ તોડી નાંખેલી તેની યાદ અપાવવા આ બધો ખેલ થઈ રહ્યો છે એ કહેવાની જરૂર નથી. કબીરે બેલડાંગાના શિલાન્યાસ સમારોહનું નિરીક્ષણ કરવા માટે કોલકાતાના કાર્યક્રમમાં નહીં જવાની જાહેરાત કરી છે, અને જાહેર કર્યું છે કે, પોતે ૧૯૯૨ થી દર વર્ષે ૬ ડિસેમ્બરને "કાળા દિવસ" તરીકે ઉજવે છે. તેથી બીજા કોઈ કાર્યક્રમમાં નહીં જાય.કબીરની વાતો પરથી એ મમતાની સામે બાંયો ચડાવીને પડ્યો હોય એવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે, પણ રાજકારણીઓને લુચ્ચાઈમાં કોઈ ના પહોંચે. હુમાયુ કબીર પણ મમતાના ઈશારે આ લુચ્ચાઈ કરી રહ્યો હોય એ શક્ય છે. મમતા હિંદુ મતદારોને આકર્ષવા સંહતિ દિવસ (એકતા દિવસ) ઉજવે ને તેમનો પોઠિયો હુમાયુ કબીર મુસ્લિમ મતબેંકને સાચવવા માટે મુર્શિદાબાદમાં 'બાબરી' મસ્જિદનો શિલાન્યાસ કરાવે એવો દાવ મમતાએ જ ગોઠવ્યો હોય એવી પૂરી શક્યતા છે. ભાજપના નેતા મીડિયા મારફતે જાતે જ ચાણક્ય ને મુત્સદ્દી ને એવાં છોગાં લગાવીને ખુશ થાય છે, પણ મમતા ખરેખર રાજકારણનાં અઠંગ ખેલાડી છે તેથી એ ગમે તે કરી શકે. આ સંજોગોમાં આખું કારસ્તાન મમતાનું જ હોય એ શક્ય છે.ભાજપે હુમાયુની જાહેરાતને મુસ્લિમ તુષ્ટિકરણ ગણાવીને ઝાટકણી કાઢી છે. ભાજપનો આક્ષેપ છે કે, મમતા ધર્મ આધારિત રાજકારણ રમીને લોકોને ભડકાવી રહ્યાં છે અને રાજકીય રોટલો શેકી રહ્યાં છે. ભાજપની વાત સાચી છે પણ એમ તો ભાજપ પણ ક્યાં દૂધે ધોયેલો છે? ભાજપ પણ રાજકીય ફાયદા માટે ધર્મનો ધરાર દુરુપયોગ નફ્ફટાઈથી કરે જ છે તેથી મમતા ને ભાજપમાં બહુ ફરક નથી. આ કારણે હુમાયુ કબીરનાં ગતકડાથી બીજે બધે તો ખબર નથી પણ બંગાળમાં તો માહોલ બગડશે જ.છેલ્લાં કેટલાક વરસોમાં બંગાળ દેશમાં કોમી રમખાણોનું એપી સેન્ટર બની ગયું છે. હુમાયુ કબીરના તૂત ને કરતૂતથી તેમાં નવો અધ્યાય ઉમેરાશે કેમ કે ૬ ડિસેમ્બરે મુર્શિદાબાદમાં ભેગા થનારા મુલ્લા-મૌલવીઓ કે નેતાઓ સત્સંગ તો કરવાના નથી જ. એ લોકો ઝેર ઓકશે ને સામે પણ ઝેર ઓકાશે તેથી માહોલ બગડશે. માહોલમાં ઉગ્રતા પેદા કરાય પછી તેને રમખાણોમાં ફેરવવા માટે બહુ મહેનત કરવાની નથી હોતી તેથી બંગાળમાં ફરી ભડકો થવાનાં પૂરાં એંધાણ છે.આ ભડકાને રોકવા માટે બંગાળના હિંદુ અને મુસ્લિમો બંનેએ સમજદારી બતાવવી જરૂરી છે. હિંદુઓ અને મુસ્લિમો બંને એક વાત સમજે કે, બાબરી મસ્જિદ આ દેશ માટે પતી ગયેલું પ્રકરણ છે ને તેને ફરી ઉઘાડવાના ઉધામા રાજકીય ફાયદા માટે થઈ રહ્યા છે. ભૂતકાળમાં આવા ઉધામાના કારણે હિંદુઓ અને મુસ્લિમો બંનેનાં લોહી રેડાયાં છે, ઘણા પરિવારો નોંધારા બની ગયા છે અને સામાન્ય લોકોને કોઈ ફાયદો થયો નથી. ફાયદો થયો હોય તો માત્ર ને માત્ર નેતાઓને જ થયો છે. આ સંજોગોમાં હુમાયુ કબીર કે બીજો કોઈ મુસલમાન નેતા બાબરી મસ્જિદ બનાવે કે ઔરંગઝેબના નામે મસ્જિદ બનાવે તેનાથી હિંદુઓને કોઈ ફરક પડતો નથી એવી માનસિકતા બતાવે ને મુસ્લિમો આ પ્રકારના કાર્યક્રમોથી દૂર રહીને અવગણે તો હુમાયુ કબીરની હવા નિકળી જાય.મુસલમાન બીજી એક વાત પણ સમજવાની જરૂર છે. ઈસ્લામના પયગંબરો કે બીજાના નામે મસ્જિદો બને કે ધર્મસ્થાનો ઊભાં થાય તેમાં કોઈને વાંધો નથી. મુસ્લિમોને આ દેશમાં પોતાની આસ્થા માટેનાં ધર્મસ્થાનો ઊભાં કરવાનો અધિકાર છે જ પણ એ ધર્મસ્થાનો સાથે બાબર જેવા આક્રમણખોરોનાં નામ જોડાય એ બિલકુલ યોગ્ય નથી કેમ કે આક્રમણખોરોના નામે મસ્જિદો બનાવીને તેમને ગ્લોરિફાય કરવાના ઉધામાની પાછળ મલિન ઈરાદા છે. તેના કારણે મુસલમાનોનું કશું ભલું થવાનું નથી.

# દિલીપ-દેવ-રાજના પ્રારંભ કાળની હીરોઈન્સ કામિની કૌશલ

ફિલ્મમેકર ચેતન આનંદ ઉમા કશ્યપના ભાઈનો મિત્ર હોવાથી 'નીચા નગર'માં એ હીરોઈન બની અને પડદા પર કામિની કૌશલ નામ ધારણ કર્યું. એક સમયના અત્યંત લોકપ્રિય ફિલ્મ મેગેઝિન 'ફિલ્મફેર'ના ૧૯૫૨ના પ્રથમ અંકના કવર પર કામિની કૌશલની તસ્વીર છપાઈ હતી એના પરથી એમની નામનાનો અંદાજ આવી જાય છે. 'નીચા નગર' (૧૯૪૬)ની હીરોઈનથી 'કબીર સિંહ (૨૦૧૯-શાહિદ કપૂરનાં દાદી) અને 'લાલસિંહ ચઢ્ઢા' (૨૦૨૨-ટ્રેનમાં મુસાફરી કરતી વૃદ્ધ શીખ મહિલા) દરમિયાનના ૭૬ વર્ષમાં વિવિધ પાત્રો ભજવી રેટ રેસમાં જોડાયા વિના અભિનયનો આનંદ લીધો એમણેપકામિની કૌશલ લાજવાબ અભિનેત્રી નહોતાં પણ તેમનાં પાત્રો દ્વારા સિને રસિકોના સ્મરણમાં રહેશે એ નક્કી છે. દિલીપ કુમારના નામે હજી એક જ હિટ ફિલ્મ બોલતી હતી અને દેવ આનંદ કે રાજ કપૂરને હજી નામના પણ નહોતી મળી એ સમયે કામિની કૌશલે દિલીપ-દેવ-રાજ સાથે યાદગાર જોડી જમાવી હતી. એક રસપ્રદ વાત એ પણ છે કે આપણા આદરણીય ગાયક-સંગીતકાર નીનુ મજુમદારે 'જેલયાત્રા' નામની ફિલ્મમાં રાજ કપૂરના સ્વરમાં એક ગીત રેકોર્ડ કર્યું હતું અને એ ફિલ્મનાં હીરોઈન કામિની કૌશલ હતાં. પ્રસ્તુત છે તેમની યાદગાર પાંચ ફિલ્મ.

**નીચા નગર (૧૯૪૬):**

ચેતન આનંદની આ ફિલ્મથી કામિની કૌશલે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પા પા પગલી ભરી હતી. 'નીચા નગર'માં ઊંચા લોકો (આર્થિક સમૃદ્ધિ ધરાવતા લોકો) નીચા લોકો (આર્થિક રીતે પછાત)નું શોષણ કરે છે એના પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. ૧૯૪૬ના 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં સન્માન મેળવનારું 'નીચા નગર' પ્રથમ ભારતીય ચિત્રપટ હતું અને એની અભિનેત્રી કામિની કૌશલની પ્રશંસા કરવામાં આવી હતી. એમના પાત્રના મૃત્યુના સીનએ દર્શકો પર ખાસ્સો પ્રભાવ પાડ્યો હતો એવું એ વખતના અહેવાલ દ્વારા જાણવા મળે છે.

ચિત્રપટ અને કથા સાથે ખુદ કામિનીજી એ હદે ઓતપ્રોત થઈ ગયા હતા કે ૨૦૧૩માં ભારતીય સિનેમાની શતાબ્દીની ઉજવણી વખતે 'નીચા નગર'નો ઉલ્લેખ પણ નહોતો કરવામાં આવ્યો એ બાબતે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી: 'મને બહુ દુઃખ થયું, કારણ કે હવે મારી ઉંમર (એ સમયે એ ૮૬ વર્ષનાં હતાં) થઈ છે અને ૭૦ વર્ષ જૂની ફિલ્મ વિસરાઈ જાય એ સ્વાભાવિક છે.' ઉલ્લેખ પણ ન થવાનું મુખ્ય કારણ એ હતું કે એ ફિલ્મ ભારતમાં રિલીઝ જ નહોતી કરવામાં આવી.

**આગ (૧૯૪૮):**

રાજ કપૂર હજી મોટા ગજાના એક્ટર ફિલ્મમેકર નહોતા બન્યા એ વખતની આ ફિલ્મ છે. ૧૯૪૭માં રાજ કપૂરની ચાર ફિલ્મ રિલીઝ થઈ હતી, પણ એ છવાઈ નહોતા ગયા. 'આગ' નિર્માતા-દિગ્દર્શક તરીકે રાજસાબની પહેલી ફિલ્મ હતી. ફિલ્મમાં કામિનીજી 'મિસ નિર્મલા'ના સપોર્ટિંગ રોલમાં હતાં, છતાં એ ભૂમિકામાં પણ દર્શકો પર પ્રભાવ પાડવામાં સફળ રહ્યાં હતાં. વર્ષો પછી રાજ કપૂરે 'આગ'ની કથા તાત્ત્વિક રીતે આગળ વધારવા 'સત્યમ શિવમ સુન્દરમ' બનાવી ત્યારે જૂના જોગીઓએ 'આગ'ના કામિની કૌશલના પાત્રને યાદ કર્યું હતું.

**શહીદ (૧૯૪૮):**

દિલીપ કુમાર-કામિની કૌશલની હીરો-હીરોઈન તરીકે પહેલી ફિલ્મ. આ ફિલ્મ કામિનીજીના વ્યાવસાયિક અને અંગત જીવનમાં મહત્ત્વ ધરાવે છે. દેશની સ્વાતંત્ર્ય લડતને કેન્દ્રમાં રાખી બનેલા આ ચિત્રપટમાં દિલીપ સાબ સ્વાતંત્ર્યવીર રામના પાત્રમાં છે, જ્યારે કામિની કૌશલ શીલાના પાત્રમાં છે જેના સ્નેહ પ્રત્યે રામ ઢળી જાય છે. ફિલ્મમાં બંને એક્ટર વચ્ચેની કેમેસ્ટ્રી દર્શકોને અપીલ કરી ગઈ હતી. ફિલ્મની સફળતાને પગલે દિલીપ કુમારના પગ એક અચ્છા અદાકાર તરીકે જામી ગયા અને કામિની કૌશલને પણ સ્ટાર સ્ટેટસ મળી ગયું.

આ ફિલ્મના શૂટિંગ દરમિયાન દિલીપ કુમાર અને કામિની કૌશલ વચ્ચે પ્રેમના અંકુર ફૂટ્યા હતા. જોકે, એ સમયે કામિનીજી પોતાની બહેનના અવસાન પછી બનેવીને પરણી ગયાં હતાં. એ પ્રેમ પાગલ નહોતો અને સમજદારી દેખાડી બંનેએ એકબીજાને આવજો કરી દીધું. રસપ્રદ વાત તો એ હતી કે કામિનીજીના પતિ એ રિલેશનથી વાકેફ હતા, પણ પોતાની પત્ની કેમ પ્રેમમાં પડી એ સમજી શક્યા હતા એવો ખુલાસો ખુદ કામિનીજીએ જ એક ઈન્ટરવ્યૂમાં કર્યો હતો.

**ઝિદ્દી (૧૯૪૮):**

ધરમદેવ પિશોરીમલ આનંદએ હજી એવરગ્રીન હેન્ડસમ એક્ટરના વાઘા ધારણ નહોતા કર્યા એ વખતની આ ફિલ્મ છે. 'હમ એક હૈં' અને અન્ય બે આવતાની સાથે વિસરાઈ ગયેલી ફિલ્મ કરનારા એક્ટરની આ પ્રથમ હિટ ફિલ્મ હતી. ફિલ્મમાં કામિની કૌશલનું પાત્ર આશા પૂરણ (દેવ આનંદ)ના ગળાડૂબ પ્રેમમાં છે, પણ જાલિમ સંજોગો તેમને વિખૂટા પાડે છે અને વાર્તામાં લાગણી અને નાટ્ય તત્ત્વ છલકાય છે. ફિલ્મની પ્રશંસા કરનારાઓએ કામિની કૌશલની અદાકારીની પ્રશંસા કરી એમને રોલ મોડલ લેખાવ્યા હતાં. અભિનેત્રીની પ્રતિભાને વધુ એક સર્ટિફિકેટ મળી ગયું.





## બિરાજ બહુ (૧૯૫૪)

શરદબાબુ-શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર નવલકથા 'દેવદાસ' જન્મી એના ત્રણ વર્ષ પહેલા 'બિરાજ બહુ' નવલકથા લખાઈ હતી. નામાંકિત ફિલ્મમેકર બિમલ રોયએ હિન્દીમાં 'દેવદાસ' બનાવી એના એક વર્ષ પહેલા 'બિરાજ બહુ' ફિલ્મ બનાવી હતી. ટિપિકલ બંગાળી ગૃહિણીના પાત્ર માટે બિમલદા મધુબાલાને લેવા માગતા હતા પણ ત્યારે એના નામના સિક્કા પડતા હોવાથી એ તગડી ફી માગશે એવી આશંકાના કારણે કામિની કૌશલની વરણી કરી હતી.મધુબાલાને જ્યારે આખી વાતની જાણ થઈ ત્યારે એક બહુ જ મહત્ત્વની ફિલ્મ ગુમાવી હોવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો. ડિરેક્ટરના કહેવાથી શૂટિંગ શરૂ કરવા પૂર્વે આ નવલકથા પોતે વીસેક વાર વાંચી હોવાનો ખુલાસો કામિનીજીએ એક ઈન્ટરવ્યૂમાં કર્યો હતો. ગરીબીમાં જીવતી અને કામ કરી પતિને આર્થિક મદદ કરતી બિરાજ (કામિની કૌશલ) પર લટ્ટુ થયેલો જમીનદાર દેવધર (પ્રાણ) એનું અપહરણ કરી જાય છે.બિરાજના પાત્રમાં કામિની છવાઈ ગયાં હતાં. દુઃખ, પીડા, ક્રોધ અને આંચકો એ બધી લાગણીઓ કામિની કૌશલે આબાદ રીતે પડદા પર રજૂ કરી હતી અને એ અભિનયથી જ ફિલ્મ પ્રભાવી સાબિત થઈ હતી. અનેક લોકોના અભિપ્રાય અનુસાર કામિનીજીની આ સર્વોત્તમ ફિલ્મ હતી. તેમને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો.

# 'લાલો' હિન્દીમાં ડબ કરીને રિલીઝ કરાશે

## ૨૮ નવેમ્બરે ફિલ્મ થિએટરમાં ફરી હિન્દીમાં રિલીઝ થાય એવી શક્યતા

ગુજરાતી બ્લોકબસ્ટર સાબિત થયેલી ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે'એ અત્યાર સુધીમાં લગભગ ૫૦ કરોડની કમાણી કરી લીધી છે અને હજુ પણ આ ફિલ્મ સફળતાપૂર્વક ઘણા થિએટરમાં ચાલી રહી છે. તેણે સૌથી વધુ કમાણી કરનારી કેટલીક ગુજરાતી ફિલ્મોને પણ પાછળ છોડી દીધી છે. લાલો હવે ૭૫ કરોડે પહોંચે તેવી શક્યતા છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ પણ 'વશ'ની જેમ હવે હિન્દીમાં ડબ કરીને રિલીઝ કરવામાં આવશે.

સુત્રો અનુસાર, "આ ફિલ્મને મળેલી ઐતિહાસિક સફળતાના કારણે સમગ્ર દેશમાં તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેથી નોનગુજરાતી લોકોમાં પણ આ ફિલ્મ જોવાની ઉત્સુકતા વધી છે. તેમાંથી પણ કેટલાંક લોકો આ ફિલ્મ સબટાઈટલ્સ સાથે ગુજરાતીમાં જોઈ ચુક્યા છે. તેથી તેમને હિન્દીમાં ડબ થયેલી ફિલ્મ જોવાનું મન થયું છે. તેથી આ ફિલ્મ હવે હિન્દીમાં ડબ થઈ રહી છે. તેનું કામ ચાલુ છે અને પૂરું થવાની તૈયારીમાં છે. જો સમયસર સેન્સર બોર્ડ તરફથી હિન્દી ફિલ્મને સર્ટિફિકેટ મળી જાય તો મેકર્સ ૨૮ નવેમ્બર, શુક્રવારે રિલીઝ થઈ જશે. છતાં એક વખત સેન્સરની મંજુરી મળે પછી ફિલ્મની ટીમ આ અંગે મોટાપાયે જાહેરાત કરશે."

જો 'લાલો-કૃષ્ણ સદા સહાયતે'ની બોક્સ ઓફિસ પર સફરની વાત કરવામાં આવે તો, ફિલ્મ રિલીઝ તો દિવાળી પહેલાં થઈ હતી અને ૧ અઠવાડિયામાં માત્ર ૩૬ લાખ જ કમાઈ હતી. બીજા અઠવાડિયે તેનાથી પણ

ઓછા ૨૮ લાખ મળી શક્યા હતા. પરંતુ ત્રીજા અઠવાડિયાથી કમાલ શરૂ થઈ અને ૭૦ લાખનો કૂદકો માર્યા પછી ચોથા અઠવાડિયે ૧૪ કરોડની કમાણી કરી અને પછી દર દિવસે તેની કમાણી વધતી રહી છે. ૭ અઠવાડિયા પછી આ ફિલ્મ ૭૧ કરોડે પહોંચી જશે એવી આશા છે.





# IFFIના મનોરંજનથી ભરપુર માસ્ટરક્લાસમાં વિધુ વિનોદ ચોપરાએ પોતાની સફરની વાત કરી

ગોવા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં માસ્ટર ક્લાસનો દોર શરૂ થયો છે. જેમાં જાણીતા ફિલ્મ નિર્માતાઓ, કલાકારો અને વૈશ્વિક ફેસ્ટિવલ લીડર્સના દ્વારા વિવિધ માસ્ટર ક્લાસ લેવાય છે. આ સત્રોમાં ફિલ્મ નિર્માતા વિદ્દુ વિનોદ ચોપરાએ તેમની ફિલ્મોના લેખક અભિજાત જોશી સાથે ચર્ચા કરી હતી. જેમાં તેમણે પોતાની ફિલ્મ મેકિંગની સફર વિશે વાત કરી હતી.

'અનસ્ક્રિપ્ટેડ: ધ આર્ટ એન્ડ ઈમોશન ઓફ ફિલ્મ મેકિંગ' ની શરૂઆતમાં અભિજાત જોશીનું નાટક જોઈને વિધુએ તેમને જ્યારે ફિલ્મ લખવા કહ્યું હતું, એ અંગે અભિજાત જોથીએ કહ્યું, "એ ક્ષણ મારા જીવનની સૌથી મહત્વની ક્ષણ હતી. મે મારા જાવનની બધી જ ફિલ્મ એમની સાથે જ કરી છે." પોતાની ફિલ્મની સ્ટાઈલ વિશે વિધુ વિનોદ ચોપરાએ કહ્યું, "તમે હાલ તમારા જીવનના કયા તબક્કે છો, તેના પરથી તમારી ફિલ્મનો વિષય નક્કી થાય છે. મેં જ્યારે પરિંદા બનાવી, ત્યારે હું પોતે એક હિંસક વ્યક્તિ હતો. હવે હું ઘણો ઓછો હિંસક થઈ ગયો છું, અનુપમાને આભારી, જેણે મારી સાથે લગ્ન કર્યા અને મારી સાથે ૩૦ વર્ષ વિતાવ્યા અને મને શાંત કર્યો. પરિંદા બનાવવા પાછળનો સમગ્ર વિચાર જ એ હતો કે આખરે હિંસા તમને ક્યાં સુધી દોરી જાય છે. એ વખતે દેશભરના ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સ એકસાથે મળીને ૧૧ લાખ ભેગા કરીને મારી પાસે આવ્યા અને કહ્યું કે ફિલ્મના અંતમાં અનિલ કપૂર અને માધુરીને મારી નાખશો નહીં, જેકી શ્રોફને મારી નાખો. મેં કહ્યું, હું એવું ન કરી શકું. કારણ કે ફિલ્મનો વિષય જ એ છે કે હિંસા હિંસાની માંગ છે. મેં અંત બદલ્યો નહોતો."

આગળ તેમણે ૧૨ ફેઈલ વિશે જણાવ્યું, "જ્યારે હું આપણાં તંત્રમાં ભ્રષ્ટાચારનું સ્તર જોઉં છું, આ તેનો પ્રતિસાદ હતો. મારો પ્રયત્ન એ જ કહેવાનો હતો કે ચલો પરિવર્તન માટે ઈમાનદાર બનીએ. જો હું એક ટકો વસતી, એક ટકા વહીવટી કર્મચારીઓ કે એક ટકા રાજકીય તંત્રને બદલી શકું તો પણ હું મારી જાતને સફળ માનીશ. હવે હું આવી ફિલ્મ પણ નહીં બનાવી શકું. એ વખતે મેં હું જેને પરણ્યો છું એ સ્ત્રીના પ્રેમ ખાતર ફિલ્મ બનાવી અને એ ફિલ્મમાં દેખાય છે."

ફિલ્મ વિશેની તેમની તૈયારી વિશે વિધુ વિનોદ ચોપરાએ કહ્યું કે "તમે જે ફિલ્મ બનાવો છો, તેના પર તમારી તૈયારી આધારા રાખે છે. તેનો વિષય નક્કી કરે છે કે તમારે કઈ રીતે તૈયારી કરવાની છે."

# સતત સફળતા મેળવતી વિજય દેવરકોંડાની ફૂટડી 'ગર્લફ્રેન્ડ' રશ્મિકા મંદાના

સિનેરસિકો જેના પર જબરા મોહી ગયા છે એવી સ્વરૂપવાન 'નેશનલ ક્રશ' બની ગયેલી રશ્મિકા મંદાના સતત ન્યૂઝમાં રહે છે. હાલમાં જ વિજય દેવરકોંડા સાથે સગાઈ અને પછી લગ્ન થવાના હોવાની વાતો ચગી છે, ત્યાં તેની છેલ્લી તેલુગુ ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ને મળેલી સફળતાની પાર્ટીમાં તેનાં ફિયાન્સે વિજય દેવરકોંડાએ તેના હાથ પર કીસ કર્યું હોવાના વીડિયો સામે આવતાં જ લોકો તેની વાતો કરવા લાગ્યા છે.

વિજય દેવરકોંડા કરતાં નવ વર્ષ નાની એટલે કે ૨૯ વર્ષની રશ્મિકા મંદાનાએ છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં ખૂબ જ સફળતા મેળવી છે. તેમાંય હિન્દી ફિલ્મોમાં શરૂઆત કર્યા પછી તે એક પછી એક સુપરહીટ ફિલ્મો આપી રહી છે. શરૂઆતથી વિવિધ વિષયવાળી ફિલ્મો પસંદ કરનારી રશ્મિકા મંદાનાએ બોલિવૂડની ફિલ્મોમાં પ્રવેશ કર્યો ત્યારે તેની શરૂઆતની ફિલ્મો ફ્લોપ ગઈ હતી.

૨૦૨૨માં અમિતાભ બચ્ચન સાથે આવેલી 'ગુડબાય'એ તેની બોલિવૂડની પહેલી ફિલ્મ હતી. ત્યાર બાદ ૨૦૨૩માં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'મિશન મજનૂ' આવી, પણ તે ફ્લોપ સાબિત થઈ. દક્ષિણની ફિલ્મોમાં તેલુગુ, તમિળ, કન્નડ ફિલ્મોમાં રશ્મિકા મંદાનાની ગણના એક ટોચની અભિનેત્રી તરીકે થાય છે અને ૨૦૧૬થી ફિલ્મોમાં પ્રવેશેલી રશ્મિકા મંદાના અત્યારે સાઉથની ફિલ્મોમાં સૌથી વધારે-તગડો ચેક મેળવનારી અભિનેત્રીઓમાં અવ્વલ છે.

વિજય દેવરકોંડા સાથે રશ્મિકાએ પહેલીવાર ૨૦૧૮માં 'ગીતા ગોવિંદમ' ફિલ્મ કરી અને ૨૦૧૯માં 'ડિયર કોમરેડ' ફિલ્મ કરી ત્યારથી બંને એકબીજાનાં પ્રેમમાં છે અને હવે ૨૦૨૬માં રશ્મિકા અને વિજય દેવરકોંડા રાજસ્થાન-ઉદયપૂરમાં ડેસ્ટિનેશન વેડિંગ કરવાની તૈયારીમાં લાગ્યા છે.

દક્ષિણની કેટલીક ફિલ્મોમાં તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા. હિન્દી ફિલ્મોના ચાહકો તેને ૨૦૨૧માં અલ્લુ અર્જૂન સાથે આવેલી 'પુષ્પા: ધ રાઈઝ'થી ઓળખતા થયા. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ભરપૂર સફળતા મળી અને 'શ્રીવલ્લી' તરીકે રશ્મિકા મંદાના છવાઈ ગઈ. ત્યાર બાદ ૨૦૨૩માં રણબીર કપૂર સાથે આવેલી 'એનિમલ' ફિલ્મમાં તેને ભરપૂર સફળતા મળી અને તેની ગણના 'નેશનલ ક્રશ' તરીકે થવા લાગી.'

આ પણ વાંચોપમનોરંજનનું મેઘધનુષ: જહાન્વી કપૂર સતત ફ્લોપ જતી હોવા છતાં 'સ્ટારકિડ'નો ફાયદો મેળવતી અભિનેત્રી

'એનિમલ' પછી 'પુષ્પા-ટુ- ધ રૂલ'ને પણ બોક્સ ઓફિસ પર અપાર સફળતા મળી અને રશ્મિકા મંદાના હિન્દી ફિલ્મોમાં 'સેટ' થઈ ગઈ. 'પુષ્પા-ધ રૂલ'થી મળેલી સફળતા પછી રશ્મિકા મંદાનાને ફાળે સતત સફળતા જ આવી છે. ૨૦૨૫માં વિકી કૌશલ સાથેની 'છાવા' ફિલ્મે બોક્સ ઓફિસ પર અનેક વિક્રમ નોંધાવ્યા છે. આ ફિલ્મમાં રશ્મિકા મંદાનાએ 'મહારાણી યેશુબાઈ'ની ભૂમિકા ભજવી હતી. ત્યાર પછી આવી સલમાન ખાન સાથે 'સિકંદર' માં, જોકે આ ફિલ્મ બોક્સ ઓફિસ ગજાવી શકી નહોતી, પણ છતાંય તેની ગણના કમર્શિયલી હિટ ફિલ્મોમાં થાય છે.

૨૦૨૫માં જ ધનુષ સાથેની તેની ફિલ્મ 'કુબેરા' રિલીઝ થઈ. મૂળ તેલુગુ અને તમિળમાં બનેલી આ ફિલ્મમાં તેની 'બિન ગ્લેમરસ' ભૂમિકા જોઈને લોકો ચોંકી ઊઠ્યા હતા. આ ફિલ્મને હિન્દી સહિત બધી ભાષામાં સફળતા મળી હતી. ત્યાર પછી આવી આયુષ્યમાન ખુરાના સાથેની 'હોરર કોમેડી' ફિલ્મ 'થમ્મા'. આ ફિલ્મમાં તાડકા-તારિકાની ભૂમિકામાં રશ્મિકા મંદાના પૂર્ણપણે છવાઈ ગઈ હતી. આ ફિલ્મમાં તેણે લોહીતરસી વેમ્પાયર-ડાકણની ભૂમિકા કરી હતી, અને અત્યારે તેની તેલુગુ ભાષી ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' બોક્સ ઓફિસ ગજાવી રહી છે.

આમ, એક પછી એક ડગલે ને પગલે સફળ ફિલ્મ આપનારી રશ્મિકા મંદાના અત્યારે સફળતાનો આનંદ માણી રહી છે. ટૂંક સમયમાં તેની તેલુગુ ફિલ્મ 'માપ્સા' અને હિન્દી ફિલ્મ 'કોકટેલ-ટુ' રજૂ થવાની છે. મોડેલિંગના વ્યવસાયમાંથી ફિલ્મોમાં ઝંપલાવનારી રશ્મિકા મંદાનાને સફળતા ખૂબ સંઘર્ષ પછી મળી છે, પણ સફળતાની સાથે જ તેને મનનો માણિગર વિજય દેવરકોંડા પણ મળી જતાં અત્યારે તે સાતમા આસમાને વિહરી રહી છે.

OTTનું હોટસ્પોટ: ૨૨મી નવેમ્બરથી ૨૮મી નવેમ્બર સુધીપ ટીવી પર શું શું જોવાલાયક છે?

**એમેઝોન પ્રાઈમ વીડિયો:**

ઓટીટી પર 'કાંતારા-ચેપ્ટન વન' તેલુગુ, ક્ધનડ, તમિળ ભાષામાં તો રિલીઝ થઈ ચૂકી છે. પણ વિશ્ર્વભરમાં ૮૦૦ કરોડ રૂપિયાથી વધુ કમાણી કરનારી આ ફિલ્મ હવે પ્રાઈમ વીડિયો પર ૨૭મી નવેમ્બરે જોઈ શકાશે. રિષભ શેટ્ટી દિગ્દર્શિત-અભિનીત આ ફિલ્મમાં તેની સાથે રૂકમણી વસંત, જયરામ, ગુલશન દેવૈયા અને પ્રશાંત શેટ્ટી જેવાં કલાકારો છે.

## નેટફ્લિક્સ:

આ ઓટીટી ચેનલ પર કરણ જોહર નિર્મિત અને શશાંક ખેતાન દિગ્દર્શિત 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી' ફિલ્મ ૨૭મી નવેમ્બરે રજૂ થશે. તેમાં વરુણ ધવન, જાહ્ન?વી કપૂર, સાન્યા મલહોત્રા અને રોહિત શરાફ જેવાં કલાકારો છે. અત્યારે 'નેટફ્લિક્સ' પર યશ ચોપરા બેનરની ફિલ્મો રજૂ થઈ રહી છે. તેમાં ૨૮ નવેમ્બરે આખો દિવસ 'ધૂમ' સિરીઝની ફિલ્મ્સ જોવા મળશે. તે દિવસે 'ધૂમ', 'ધૂમ-ટુ' અને 'ધૂમ-થ્રી' એક સાથે જોવાનો લહાવો લેવા જેવો છે. આ ફિલ્મોમાં અભિષેક બચ્ચન, ઉદય ચોપરા, બિપાશા બાસુ, ઐશ્વર્યા, હૃત્વિક રોશન, આમિર ખાન અને જહોન અબ્રાહમ જેવા કલાકારો જોવા મળશે.આ સિવાય ૨૮ નવેમ્બરે એક અંગ્રેજી હોરર ફિલ્મ 'ફ્રેન્કેસ્ટાઈન' પણ જોઈ શકાશે.

## એમેઝોન-એમએક્સ પ્લેયર:

અહીં અત્યારે 'રોકી ઔર રાજા કી પ્રેમકહાની' , 'ફસ્ટ કોપી', 'જમના પાર', 'માય બોસ'- 'એવરીવન લવ્સ મી' 'સુરંગા', ઈત્યાદિ ફિલ્મ્સ અને સિરીઝો ધૂમ મચાવી રહી છે.

આ ઉપરાંત અહીં અત્યારે 'કૌન હોગા-આઈ પોપસ્ટાર'ની લોકપ્રિયતા ખૂબ જ છે. સિરીઝ 'ઈન્દ્રાણી-થ્રી અને અજય દેવગણ અભિનીત 'ભોલા' પણ આ ચેનલ પર લોકોને આકર્ષી રહી છે.



# ભારતે જીત્યો પહેલો બ્લાઇન્ડ વુમન્સ ટી-૨૦ વર્લ્ડ કપ

## ફાઇનલમાં નેપાળ ફક્ત ૧ જ બાઉન્ડરી ફટકારી શક્યું; ટુર્નામેન્ટમાં પાકિસ્તાન-ઓસ્ટ્રેલિયાને પણ હરાવ્યું



ભારતે પ્રથમ બ્લાઈન્ડ વુમેન્સ ૨૦ વર્લ્ડ કપ જીત્યો. રવિવારે કોલંબોમાં રમાયેલી ફાઈનલમાં ટીમે નેપાળને સાત વિકેટથી હરાવ્યું. સેમિફાઈનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું હતું.

પી. સારા ઓવલ સ્ટેડિયમ ખાતે, ભારત મહિલા ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. નેપાળ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ફક્ત ૧૧૪ રન બનાવી શક્યું. ભારતના બોલરોએ નેપાળના બેટર્સને ફક્ત એક જ બાઉન્ડ્રી ફટકારવા દીધી. ત્યારબાદ ભારત મહિલા ટીમે ૧૨ ઓવરમાં ફક્ત ૩ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું.

ઈન્ડિયા વુમેન્સ માટે, ફુલા સરીને ૨૭ બોલમાં ૪૪ રનની અણનમ ઈનિંગ રમી અને ટીમને ચેમ્પિયન બનાવી. ભારતે ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલ પણ માત્ર ૧૨ ઓવરમાં જીતી લીધી. ઓસ્ટ્રેલિયા વુમન્સે ૧૦૯ રન બનાવ્યા, પરંતુ ઈન્ડિયા વુમન્સે માત્ર એક વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. ટીમ ઈન્ડિયા સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અણનમ રહી.

શનિવારે રમાયેલી બીજી સેમિફાઈનલમાં નેપાળે પાકિસ્તાન મહિલા ટીમને હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. યજમાન શ્રીલંકા ટુર્નામેન્ટમાં ખાસ કંઈ કરી શક્યું ન હતું, તેણે પાંચ મેચમાંથી ફક્ત એક જ મેચમાં યુનાઈટેડ સ્ટેટ્સ સામે જીત મેળવી હતી.

છ ટીમની આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનની મેહરીન અલી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતી. તેણીએ છ મેચમાં ૬૦૦થી વધુ રન બનાવ્યા, જેમાં શ્રીલંકા સામે ૭૮ બોલમાં ૨૩૦ રનનો સમાવેશ થાય છે. તેણીએ ઓસ્ટ્રેલિયા સામે પણ ૧૩૦ રન બનાવ્યા. જોકે, સેમિફાઈનલમાં વહેલી બહાર થવાને કારણે તેની ટીમ ફાઈનલમાં પહોંચી શકી નહી.

# આફ્રિકા સામેની વન-ડેમાં કેએલ રાહુલ કેપ્ટન

## જાડેજા-પંતનું કમબેક, અભિષેકને ન મળી તક; ઈજાગ્રસ્ત શ્રેયસ-શુભમન બહાર, રોહિત-કોહલી ૯ મહિના પછી ભારતમાં મેચ રમશે

BCCIએ આફ્રિકા સામેની ODI સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્ત કેપ્ટન શુભમન ગિલ અને વાઈસ-કેપ્ટન શ્રેયસ અય્યર બહાર છે. વિકેટકીપર કેએલ રાહુલ ODI શ્રેણીમાં ટીમનું નેતૃત્વ કરશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી લગભગ નવ મહિના પછી ભારતમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા જોવા મળશે. ત્રણ મેચની ODI સિરીઝ ૩૦ નવેમ્બરથી શરૂ થવાની છે.

વિકેટકીપર કેએલ રાહુલે ત્રણેય ફોર્મેટમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. તેણે છેલ્લે ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકા સામેની વનડેમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું, જ્યાં ભારત ૮ વિકેટથી હારી ગયું હતું. તેણે ૧૨ વનડેમાં ટીમનું નેતૃત્વ કર્યું છે, જેમાં ૮ જીત અને ૪ હારનો સામનો કરવો પડ્યો છે.

વનડેઃ કેએલ રાહુલ (કેપ્ટન), રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, તિલક વર્મા, રુતુરાજ ગાયકવાડ, રિષભ પંત (વિકેટકીપર), નીતિશ રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ.

કોલકાતામાં ૧૪ થી ૧૬ નવેમ્બર દરમિયાન રમાયેલી પહેલી ટેસ્ટના બીજા દિવસે બેટિંગ કરતી વખતે ગિલને ગરદનમાં જકડાઈ જવાનો અનુભવ થયો. અસ્વસ્થતા વધુ ખરાબ થતાં તેણે ઈનિંગ્સની વચ્ચે જ રિટાયર્ડ હર્ટ થવું પડ્યું. મેચ ફક્ત ત્રણ દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ અને ભારત હારી ગયું.



ગિલ ગુવાહાટીમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટનો ભાગ નથી. જોકે તે ટીમ સાથે ગુવાહાટી ગયો હતો, પરંતુ પછીથી તે મુંબઈ પરત ફર્યો. હાલમાં તે મુંબઈમાં નિયમિત સ્કેન અને એક્સપર્ટ્સ સાથે પરામર્શ કરી રહ્યો છે.

BCCIના અધિકારીઓના મતે, ગિલની ઈજા નાની નથી. તે સ્નાયુની જટિલ સમસ્યા હોઈ શકે છે. ગિલને દુખાવો ઓછો કરવા માટે ઈન્જેક્શન આપવામાં આવ્યું છે અને તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. તે ૯ ડિસેમ્બરથી શરૂ થનારી T20 સિરીઝ ગુમાવે તેવી શક્યતા છે.

ગિલે સ્પાઈન સ્પેશિયાલિસ્ટ ડૉ. અભય નેનેની પણ સલાહ લીધી છે. તેમનો સંપૂર્ણ રિપોર્ટ મુખ્ય પસંદગીકાર અજિત અગરકરને મોકલ્યો છે. તેમની ફિટનેસ અસ્પષ્ટ હોવાથી, બોર્ડ કોઈ જોખમ લઈ રહ્યું નથી.

વાઈસ કેપ્ટન શ્રેયસ અય્યર પાંસળીની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને ઓછામાં ઓછા બે મહિના સુધી ટીમમાં પરત ફરે તેવી શક્યતા નથી. તેથી, ટીમને અનુભવી કેપ્ટનની જરૂર હતી.

રિષભ પંત પણ કેપ્ટનશીપની દોડમાં હતો, પરંતુ તેમણે છેલ્લા વર્ષમાં ફક્ત એક જ વન-ડે રમી છે. તેઓ ઈજાથી લાંબા સમય સુધી છટણી બાદ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં પરત ફર્યો હતો, તેથી પસંદગીકારોએ તેને કેપ્ટનશીપ આપવાનું ટાળ્યું હતું.

# મંધાના અને પલાશ મુછલના લગ્ન મુલતવી

## સ્મૃતિના પિતાની તબિયત બગડ્યા બાદ લેવાયો નિર્ણય

**સાંગલી, તા.૨૪**

મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના અને સંગીત દિગ્દર્શક પલાશ મુચ્છલના આજે યોજાનાર લગ્ન મુલતવી રાખવામાં આવ્યા છે. સ્મૃતિના મેનેજર તુહિન મિશ્રાના જણાવ્યા અનુસાર, લગ્ન મહારાષ્ટ્રના સાંગલીમાં થવાના હતા, પરંતુ સ્મૃતિના પિતાની નાદુરસ્ત તબિયતને કારણે, સમારોહ મુલતવી રાખવામાં આવ્યો છે. સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાને હાર્ટ એટેક આવ્યો હતો અને એમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, શનિવારે રાત્રે સાંગલીના સમડોલી રોડ પર આવેલા મંધાના ફાર્મ હાઉસમાં મહેંદી અને સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે બપોરે લગ્નની વિધિઓ શરૂ થવાની હતી. તેના થોડા સમય પહેલા જ સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાના અચાનક બીમાર પડી ગયા. તેમને તાત્કાલિક સારવાર માટે સાંગલીની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડોક્ટરોએ જણાવ્યું કે તેમની હાલત હાલમાં સ્થિર છે.

સ્મૃતિ મંધાનાના લગ્ન પહેલાના કાર્યક્રમોના ઘણા ફોટા અને વીડિયો સામે આવ્યા છે. ખાસ કરીને તેમના સંગીત સમારોહનો એક વીડિયો, જેમાં સ્મૃતિએ પલાશ મુછલ માટે ખાસ નૃત્ય કર્યું હતું, તે ચાહકોમાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. તેમના નૃત્યે માત્ર પરિવાર અને મહેમાનોને જ નહી, પરંતુ તેમના ચાહકોને પણ મંત્રમુગ્ધ કરી દીધા હતા.


સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલ ૨૦૧૯ માં મળ્યા હતા. તેઓ મુંબઈમાં એક પરસ્પર મિત્ર દ્વારા મળ્યા હતા. તેમની વચ્ચે મિત્રતા કેળવાઈ હતી જે પ્રેમમાં પરિણમી હતી. તેઓએ શાંતિથી તેમના સંબંધને આગળ ધપાવ્યો.



# શટલર લક્ષ્ય સેને ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યું

## માત્ર ૩૮ મિનિટમાં ફાઇનલ જીતી; જાપાનના યુશી તનાકાને હરાવ્યો

ભારતીય શટલર લક્ષ્ય સેને રવિવારે ઓસ્ટ્રેલિયન ઓપન સુપર ૫૦૦ ટાઈટલ જીત્યું. તેણે ફાઈનલમાં જાપાનના યુશી તનાકાને ૨૧-૧૫, ૨૧-૧૧ થી હરાવ્યો. લક્ષ્યે સિડની સ્પોર્ટ્સ સેન્ટર ખાતે માત્ર ૩૮ મિનિટમાં મેચ જીતી લીધી અને જીત પછી કાન પર આંગળીઓ રાખીને સેલિબ્રેશન કર્યું.



૨૪ વર્ષીય લક્ષ્ય, ઉત્તરાખંડના અલ્મોરાનો રહેવાસી છે. પેરિસ ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહ્યા બાદ તેણે ખરાબ ફોર્મનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ ટુર્નામેન્ટમાં તેણે શાનદાર વાપસી કરી. તેણે સેમિફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈના ચૌ ટિએન ચેનને હરાવ્યો.

આ વર્ષે ઓર્લિયન્સ માસ્ટર્સ અને યુએસ ઓપન (બંને સુપર ૩૦૦) જીતનાર વિશ્વના ૨૬મા ક્રમાંકિત તનાકાએ તેની સામે ઉત્તમ નિયંત્રણ, ચોક્કસ પ્લેસમેન્ટ અને ક્લીન પ્લેનું પ્રદર્શન કર્યું, અને મેચ સીધી ગેમમાં પૂરી કરી.

લક્ષ્યે શરૂઆતથી જ ગતિ પકડી અને ૬-૩ ની લીડ તરફ દોડ લગાવી. તનાકા નેટ, બેકલાઈન અને ઓવરહિટ શોટ પર ભૂલો કરતો રહ્યો. ૩૫ શોટની રેલી ભૂલમાં સમાપ્ત થઈ. બ્રેક સુધી લક્ષ્ય ૧૧-૮ થી આગળ હતો.

બ્રેક પછી લક્ષ્યનો રમત વધુ મજબૂત બન્યો. તેના બેકહેન્ડ સ્મેશ અને ક્રોસ-કોર્ટ વિનરથી તેને ૧૭-૧૩ની લીડ મળી. તનાકાની વારંવારની ભૂલોને કારણે લક્ષ્યને પાંચ ગેમ પોઈન્ટ મળ્યા, અને તેણે પહેલી તક ઝડપી લીધી.

બીજી ગેમ એકતરફી રહી. લક્ષ્યે શરૂઆતમાં ૮-૪ની લીડ મેળવી લીધી. તેનો બેકલાઈન જજમેન્ટ ઉત્તમ હતો, અને તનાકાએ શટલને પહોંચની બહાર મારવાનું ચાલુ રાખ્યું. લક્ષ્યે નેટ પર એક મહત્વપૂર્ણ રેલી જીતીને સ્કોર ૧૩-૬ કર્યો, પછી તેણે સ્મેશ ચાલુ રાખીને ૧૯-૮ની લીડ મેળવી.

તેના ૧૦ મેચ પોઈન્ટ હતા. પહેલો પોઈન્ટ ચૂકી ગયા પછી, તેણે બીજા જ પોઈન્ટ પર શક્તિશાળી ક્રોસ-કોર્ટ શોટ મારીને મેચ અને ટાઈટલ જીતી લીધું.

વિશ્વના ૧૪મા ક્રમાંકિત લક્ષ્યે છેલ્લે ૨૦૨૪માં લખનઉમાં સૈયદ મોદી ઈન્ટરનેશનલ (સુપર ૩૦૦) જીત્યું હતું. ત્યારથી આ તેની પહેલી મોટી સુપર ૫૦૦ ટાઈટલ છે. તે આ વર્ષે સપ્ટેમ્બરમાં હોંગકોંગ સુપર ૫૦૦ની ફાઈનલમાં પણ પહોંચ્યો હતો, પરંતુ ટાઈટલ જીતવામાં નિષ્ફળ ગયો હતો.

આ જીત સાથે, લક્ષ્ય આ સીઝનમાં BWF વર્લ્ડ ટૂર ટાઈટલ જીતનાર માત્ર બીજો ભારતીય બન્યો. આયુષ શેટ્ટીએ અગાઉ યુએસ ઓપન સુપર ૩૦૦ જીત્યું હતું. સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી-ચિરાગ શેટ્ટીની જોડી હોંગકોંગ અને ચાઈના માસ્ટર્સની ફાઈનલમાં પહોંચી હતી, જ્યારે કિદામ્બી શ્રીકાંત મલેશિયા માસ્ટર્સમાં રનર-અપ રહ્યો હતો.


# ભારતનું અઝલાન શાહ હોકીમાં છ વર્ષ બાદ ધમાકેદાર કમબેક...

ઈપોહ (મલયેશિયા): અહીં રવિવારે સુલતાન અઝલાન શાહ કપ હૉકી ટૂર્નામેન્ટની પ્રારંભિક મૅચમાં ભારતે ત્રણ વખત ચૅમ્પિયન બનેલા દક્ષિણ કોરિયાને અત્યંત રોમાંચક મુકાબલામાં ૧-૦થી હરાવીને વિજયી ગણેશ કર્યા હતા. છ વાર ચૅમ્પિયન બનેલું ભારત છેલ્લે ૨૦૧૯માં આ સ્પર્ધામાં રમ્યું હતું જેમાં ભારત રનર-અપ રહ્યું હતું, જ્યારે કોરિયા ચૅમ્પિયન બન્યું હતું અને હવે તેને ભારતે નવી ટૂર્નામેન્ટની શરૂઆતમાં પરાજિત કર્યું છે.

ભારત વતી અને મૅચનો એકમાત્ર ગોલ મોહમ્મદ રાહીલે મૅચના આરંભ બાદ ૧૫મી મિનિટમાં જ કર્યો હતો. ત્યાર પછી ભારતીયો વધુ ગોલ નહોતા કરી શક્યા, પરંતુ ભારતની મજબૂત સંરક્ષણ દીવાલને કારણે દક્ષિણ કોરિયાના ખેલાડીઓ સ્કોરને બરાબરીમાં પણ નહોતા લાવી શક્યા અને છેવટે હારી બેઠા હતા.

ભારત છ વર્ષ બાદ આ ટૂર્નામેન્ટમાં ફરી રમી રહ્યું હોવાથી દક્ષિણ કોરિયાના ખેલાડીઓ વધુ પડતા આત્મવિશ્વાસથી રમી રહ્યા હતા. જોકે દિલપ્રીત સિંહે ભારે જહેમત ઉઠાવીને રાહીલ માટે ગોલ કરવાનું આસાન કરી નાખ્યું હતું અને રાહીલે ગોલ કરી દેખાડ્યો હતો. ખરેખર તો ભારતની આ ' બી' સ્તરની ટીમ છે અને એણે કોરિયાની પડકારરૂપ ટીમને માત આપી હતી.


મેન ઈન બ્લૂની ટીમમાં મિડફીલ્ડમાં અભિષેક અને કૅપ્ટન સંજયનું પ્રભુત્વ હતું. તેમણે વારંવાર કોરિયન ખેલાડીઓને આગળ વધતા રોક્યા હતા. સોમવારે ભારતનો મુકાબલો બેલ્જિયમ સામે છે.



# બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકા ૪૮૯ રનમાં ઓલઆઉટ

## મુથુસામીની સદી, યાન્સેને ૯૩ રન બનાવ્યા; ભારત તરફથી કુલદીપ યાદવે ૪ વિકેટ લીધી

ભારત સામે ગુવાહાટી ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં સાઉથ આફ્રિકા ૪૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. બીજા દિવસની રમત સમાપ્ત થવા સુધી ભારતે કોઈ પણ નુકસાન વિના ૯ રન બનાવી લીધા છે. યશસ્વી જયસ્વાલ અને કેએલ. રાહુલ અણનમ પાછા ફર્યા. સાઉથ આફ્રિકાએ બરસાપારા સ્ટેડિયમમાં શનિવારે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. સાઉથ આફ્રિકાએ મેચના બીજા દિવસ સુધી બેટિંગ કરી.



સાઉથ આફ્રિકા માટે સેનુરન મુથુસામીએ ૧૦૯ અને માર્કો યાન્સેને ૯૩ રન બનાવ્યા. ભારત તરફથી કુલદીપ યાદવે ૪ વિકેટ લીધી. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને રવીન્દ્ર જાડેજાને ૨-૨ વિકેટ મળી. સાઉથ આફ્રિકાએ પહેલા દિવસે ૬ વિકેટ ગુમાવીને ૨૪૭ રન બનાવ્યા હતા. ટ્રિસ્ટન સ્ટબ્સે ૪૯ અને કપ્તાન ટેમ્બા બાવુમાએ ૪૧ રનની ઈનિંગ્સ રમી હતી. ત્રીજા દિવસની ગેમ સોમવાર સવારે ૯ વાગ્યાથી શરૂ થશે.

# ટીમ ઈન્ડિયા પર ફોલોઓનનો ખતરો તોળાયો

## ભારતે ૨૮ રન બનાવવામાં ૬ વિકેટ ગુમાવી દીધી; નીતિશ પછી જાડેજા પણ આઉટ થયો; યાન્સેનને ચોથી વિકેટ



ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ ગુવાહાટીમાં રમાઈ રહી છે. મેચનો ત્રીજો દિવસ અને બીજો સેશન ચાલુ છે. ભારતનો સ્કોર ૧૬૬/૭ છે. ટીમ તરફથી વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવ ક્રિઝ પર છે.

રવીન્દ્ર જાડેજા ૬, નીતિશ રેડ્ડી ૧૦, રિષભ પંત ૭, ધ્રુવ જુરેલ ૦, સાઈ સુદર્શન ૧૫, યશસ્વી જયસ્વાલ ૫૮ અને કેએલ રાહુલ ૨૨ રન બનાવીને આઉટ થયા. સાઉથ આફ્રિકા માટે માર્કો યાન્સેને ૪ વિકેટ લીધી. તો સાયમન હાર્મરે ૨ વિકેટ લીધી. કેશવ મહારાજને એક વિકેટ મળી.

ભારતને ઈનિંગ્સમાં સારી શરૂઆત મળી હતી. ટીમની બીજી વિકેટ ૯૫ રનના સ્કોર પર પડી. પરંતુ, આ પછી ૭ રન બનાવવામાં ૩ વિકેટ ગુમાવી દીધી. સાઉથ આફ્રિકાએ બરસાપારા સ્ટેડિયમમાં શનિવારે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. મેચના બીજા દિવસે રવિવારે ટીમ પહેલી ઈનિંગ્સમાં ૪૮૯ રન બનાવીને ઓલઆઉટ થઈ હતી. ભારતની સાતમી વિકેટ પડી. રવીન્દ્ર જાડેજા ૬ રન બનાવીને આઉટ થયો. તેને માર્કો યાન્સેને સાયમન હાર્મરના હાથે કેચ કરાવ્યો. માર્કો યાન્સેનની આ ચોથી વિકેટ છે. ભારતની છઠ્ઠી વિકેટ ૧૧૯ રનના સ્કોર પર પડી. નીતિશ રેડ્ડી ૧૦ રન બનાવીને આઉટ થયો. માર્કો યાન્સેને લેગ સ્ટમ્પની લાઈન પર શોર્ટ બોલ ફેંક્યો, જેને નીતિશ કંટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો. બોલ ગ્લવ્ઝને અડીને હવામાં ગયો અને એડન માર્કરમે પોતાની જમણી બાજુ ડાઈવ લગાવીને એક હાથે શાનદાર કેચ કર્યો.

ભારતની પાંચમી વિકેટ ૧૦૫ રનના સ્કોર પર પડી. રિષભ પંત ૭ રન બનાવીને આઉટ થયો. તેને માર્કો યાન્સેને વિકેટકીપર કાયલ વેરેનના હાથે કેચ કરાવીને પેવેલિયન મોકલ્યો. ધ્રુવ જુરેલ ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો. ભારતની ચોથી વિકેટ ૧૦૨ રન પર પડી. ૩૬મી ઓવરના ત્રીજા બોલ પર માર્કો યાન્સેને તેને કેશવ મહારાજના હાથે કેચ કરાવ્યો. હાર્મરે સતત બીજી ઓવરમાં વિકેટ મેળવી. તેણે ૩૫મી ઓવરના ત્રીજા બોલ પર સાઈ સુદર્શનને આઉટ કર્યો. સુદર્શને મિડવિકેટની ડાબી બાજુ શૉટ માર્યો, જ્યાં રાયન રિકેલ્ટને સારો કેચ પકડ્યો. સુદર્શને ૪૦ બોલ પર ૧૫ રન બનાવ્યા. હાર્મરે આ પહેલાં ૩૩મી ઓવરમાં યશસ્વી જયસ્વાલને આઉટ કર્યો હતો. ભારતની બીજી વિકેટ ૯૫ રન પર પડી. સાયમન હાર્મરે સાઉથ આફ્રિકાને બીજી સફળતા અપાવી. ૩૩મી ઓવરના બીજા બોલ હાર્મરે ઉછાળની સાથે બહારની તરફ ટર્ન કરાવ્યો. યશસ્વી જયસ્વાલ બોલને બરાબર સમજી ન શક્યો અને તેને ગલીની દિશામાં રમવા ગયો, પરંતુ તેમ કરી ન શક્યો. માર્કો યાન્સેને ડાઈવ લગાવીને શાનદાર કેચ પકડી લીધો. જયસ્વાલે ૯૭ બોલમાં ૫૮ રન બનાવ્યા, જેમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગો સામેલ હતો.યશસ્વી જયસ્વાલે ૮૬ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. તેણે ૨૯મી ઓવરના પહેલા બોલ પર ૨ રન લઈને ફિફ્ટી પૂરી કરી. પોતાની આ ઈનિંગ્સમાં તેણે ૬ ચોગ્ગા અને ૧ છગ્ગો લગાવ્યો. તેની ટેસ્ટ કરિયરની આ ૧૩મી અડધી સદી છે.




**ધ ડેલ્ટિન દમણ" ખાતે આયોજિત "૫૩મી GSADC ગુજરાત રાજ્ય વાર્ષિક ડેન્ટલ કોન્ફરન્સ" માં "ઇન્ડિયન ડેન્ટલ એસોસિએશન સુરત શાખા ૨૦૨૫"ને (૧) બેસ્ટ ઓલ રાઉન્ડર એક્ટિવિટી એવોર્ડ, (પહેલો પુરસ્કાર ), ઇડા સુરત શાખા (૨) બેસ્ટ પ્રેસિડેન્ટ એવોર્ડ (રનર્સ અપ ), ડો. સંદીપ જોશી (૩.) અલા લફા સ્કૂલ ડેન્ટલ ચેક અપ એવોર્ડ (પહેલું પુરસ્કાર), ડો. પાયલ મહેતા ડો. અંકિત અટોદરિયાને (પ્રમુખ ઇન્ડિયન ડેન્ટલ એસોસિએશન ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૩-૨૦૨૪) પ્રાપ્ત થયો છે.**

# કાલથી બે દિવસ પાલ અન્નપૂર્ણા મંદિરનો સાલગિરી મહોત્સવ

## સંગીતમય હનુમાન ચાલીસા અને ભંડારો, ૨૬મીએ યજ્ઞ, ૫૬ ભોગ, કુંવારિકા પૂજન સહિતના ભરચક કાર્યક્રમો યોજાશે

સુરત, તા.૨૪

શહેરમાં ભક્તોની આસ્થાનું કેન્દ્ર બનેલા પાલ અન્નપૂર્ણા મંદિરનો સાલગિરી મહોત્સવ આગામી તા. ૨૫ અને ૨૬મી નવેમ્બરે શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ઉજવાશે. આ બંને દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના ટ્રસ્ટી નિતીનભાઈ મહેતાએ જણાવ્યું હતું કે તા. ૨૫મીએ સાંજે ૪ વાગ્યે મહાપ્રસાદી એટલે કે જાહેર ભંડારો યોજાશે. ત્યારબાદ સાંજે ૬.૩૦ વાગ્યે મહાઆરતી અને રાત્રે ૮ વાગ્યે સંગીતમય હનુમાન ચાલીસાનું પઠન કરાશે. તા. ૨૬મીએ સવારે ૯ વાગ્યે યજ્ઞનો પ્રારંભ થશે અને પૂર્ણાહુતિ સાંજે ૪ વાગ્યે કરાશે. સવારે ૯ વાગ્યાથી છપ્પન ભોગ દર્શનનો લાભ લઈ શકાશે. કુંવારીકા પૂજનનો અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમ સાંજે ૪ વાગ્યે યોજાશે. સાંજે ૬.૩૦ વાગ્યે મહાઆરતી અને રાત્રે ૮ વાગ્યે ભજન સંધ્યા યોજાશે. નોંધનીય છે કે પાલ સ્થિત અન્નપૂર્ણા મંદિર છેલ્લા કેટલાક વર્ષોથી ભક્તોની આસ્થાનું મહત્વનું કેન્દ્ર બન્યું છે. અહીં બિરાજમાન સિદ્ધિ વિનાયક ગણપતિની પ્રતિમા આબેહૂબ મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર જેવી જ છે.

પાલ મંદિરે દર મંગળવારે તેમજ ચોથના દિવસોમાં હજારો ગણેશભક્તો દર્શને આવે છે અને તેમની મનોકામના પૂર્ણ થાય છે. આ સાથે જ મા અન્નપૂર્ણાના સાનિધ્યમાં એકલિંગજી મહાદેવ પણ બિરાજમાન છે, જે ભક્તોના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. કુંવારિકા પૂજન તેમજ જાહેર ભંડારા સહિતના કાર્યક્રમોમાં લોકોને સહભાગી થવા મંદિર સંચાલક મંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખેરગામની ગંગેશ્વરીનુ સાંસદ ખેલ મહોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન

## ગંગેશ્વરીએ લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

સુરત, તા.૨૪



સાપૂતારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તા. ૨૦/૧૧/૨૦૨૫ના રોજ સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫–૨૦૨૬ ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત રમતોમાં શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ તરફથી એકમાત્ર વિદ્યાર્થીની તરીકે માહલા ગંગેશ્વરી (બી.એસ.સી – દ્વિતીય વર્ષ)એ પ્રતિનિધિત્વ કર્યું હતું.જેમાં તેણીએ લોંગ જમ્પ અને દોડમાં સુંદર પ્રદર્શન કર્યું હતું.

ખેરગામ તાલુકાની બહેજ પ્રાથમિક શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ગંગેશ્વરી મહેશભાઈ માહલાએ બે વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં તેમણે લોંગ જમ્પમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ ૧૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ મેળવી ખેરગામ તાલુકાનું ગૌરવ વધાર્યું હતું.આ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ તેમને સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું.ગંગેશ્વરીનો આ ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન ખેરગામ તાલુકા, બહેજ પ્રાથમિક શાળા તથા શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ માટે ગૌરવની ક્ષણ બની રહી છે. તેમના આ સિદ્ધિભર્યા વિજયોથી અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવે છે.આ સિદ્ધિ બદલ બહેજ પ્રાથમિક શાળાનો પરિવાર તથા ગ્રામજનોએ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી

# વારાણસી સ્વર્વેદ મહામંદિરમાં ૨૫ હજાર કુડી યજ્ઞનું ભવ્ય આયોજન

## યજ્ઞમાં ૨૦૦ મેટ્રીક ટન સામગ્રીની આહુતિ અપાશે

સુરત, તા.૨૪

વારાણસી. વિહંગમ યોગ સંત સમાજની ૧૦૨મી વર્ષગાંઠ નિમિત્તે વારાણસીના ઉમરાહ સ્થિત સ્વર્વેદ મહામંદિર ધામ ખાતે ૨૫-૨૬ નવેમ્બરના રોજ યોજાવાનો ૨૫,૦૦૦ કુંડીય સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞ હવે પૂર્ણતાના તબક્કામાં પહોંચી ગયો છે. આ દિવ્ય કાર્યક્રમમાં, આશરે ૧,૫૦,૦૦૦ ભક્ત યુગલો એક જ સમયે એક જગ્યાએ બેસીને ૨૫,૦૦૦ હવન કુંડોમાં એક સાથે આહુતિ આપશે, જે તેને વિહંગમ યોગના ઈતિહાસનો સૌથી મોટો અને સૌથી મોટો યજ્ઞ બનાવશે. વિહંગમ યોગને સમર્પિત આ ઐતિહાસિક ક્ષણ, જે તેની ઉત્તમ આધ્યાત્મિક સાધના માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે, વિહંગમ યોગ સંસ્થાનને તેના શક્તિશાળી, વૈજ્ઞાનિક અને ઉત્તમ આધ્યાત્મિક સાધના માટે એક અનોખી સંસ્થા તરીકે સ્થાપિત કરે છે. આ ભવ્ય યાત્રામાં એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરવાનો છે: ૨૫,૦૦૦ કુંડ સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞ. સમગ્ર કેમ્પસમાં હવન કુંડના નિર્માણનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ મહાયજ્ઞ વિધિ માટે આશરે ૨૦૦ મેટ્રિક ટન હવન સામગ્રીની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સામગ્રીમાં ભારતીય વૈદિક લક્ષણા ગાય (ગો ધામ તીર્થ પથમેડા, રાજસ્થાન) માંથી શુદ્ધ બિલોના ઘી, ગાયના ઉત્પાદનો, કુદરતી ઔષધિઓ, દુર્લભ ઉપચાર અને આરોગ્યવર્ધક દવાઓ, સુગંધિત પદાર્થો, મીઠાઈઓ, પ્રસાદ, વૈદિક સામગ્રી અને યજ્ઞમાં વપરાતા પવિત્ર લાકડાનો સમાવેશ થાય છે, જે યજ્ઞ સ્થળને દૈવી તેજથી પ્રકાશિત કરશે.

# ઉકાઈ જમણા કાંઠા નહેર બુધવારથી સતત ૩૫ દિવસ સુધી બંધ રહેશે

## ૩૫ દિવસ સુધી નહેરમાં પાણી વહેશે નહીં

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વર પાલિકા અને નોટિફાઈડ વિભાગ જળસંકટ સામે ઝઝૂમવા ઉદ્યોગ જગત સજ્જ બન્યું છે. ૩૫ દિવસના પાણી કાપ માં રહેણાંક વિસ્તાર ને પ્રાધાન્ય : ઉકાઈ જમણા કાંઠા ની નહેર વિભાગ દ્વારા ૨૬ ડિસેમ્બર થી ૩૫ દિવસ માટે પાણી સપ્લાય પર કાપ મૂકવામાં આવનાર છે. જીઆઈડીસી તળાવ માં સંગ્રહ કરવા ઉપરાંત ઝઘડીયા જીઆઈડીસી માં થી પાણી લેવાનું આયોજન કરાયું છે. રહેણાંક માં સવારે ૬ થી વાગ્યા સુધી જયારે ઉદ્યોગો ને સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી પાણી મળશે. પાલિકા દ્વારા ૩૫ દિવસ ના પાણી જથ્થો સ્ટોર કરશે તો વધારાના ની જરૂરિયાત માટે બોર ની મદદ લેશે ઉકાઈ જમણા કાંઠા નહેર વિભાગ દ્વારા ૨૬ ડિસેમ્બર થી ૩૫ દિવસ માટે પાણી સપ્લાય પર કાપ મૂકવામાં આવનાર છે. નહેર વિભાગ આ સમય દરમિયાન કેનલમાં મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવશે અંકલેશ્વર જીઆઈડીસી રહેણાંક વિસ્તાર અને ઉદ્યોગનગરમાં પાણી પુરવઠો પહોંચાડતી ઉકાઈ નહેર વિભાગ દ્વારા ડિસેમ્બરથી ૩૫ દિવસ માટે મેન્ટેનન્સની કામગીરી ને પગલે પાણી કાપ નો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રહેણાંક માં સવારે ૬ થી વાગ્યા સુધી જયારે ઉદ્યોગો ને સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી પાણી મળશે. આ જળ સંકટ સામે ઝઝૂમવા ઉદ્યોગજગત સજ્જ થઈ ગયું છે. જોકે આ સમય દરમિયાન જીઆઈડીસી રહેણાંક અને ઉદ્યોગનગરમાં જળસંકટના એંધાણ વર્તાય રહ્યા છે.જોકે બીજી તરફ ઉદ્યોગોને મળતા પાણી પુરવઠામાં કાપ મુકીને રહેણાંક વિસ્તાર પ્રાધાન્ય આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. નોટિફાઈડ એરિયા ઓથોરીટી દ્વારા સંચાલિત રિઝર્વ તળાવમાંથી મળતો પાણી પુરવઠા પર કાપ મુક્યા બાદ પાણી નો વધુ પુરવઠો ઝઘડીયા જીઆઈડીસી પાસેથી મેળવવામાં આવશે,જેના કારણે રહેણાંક વિસ્તારમાં પાણીની વધુ ખેંચ ન પડે તેના પર તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવી રહ્યું છે બીજી તરફ અંકલેશ્વર પાલિકા ગામ તળાવ ફિલ્ટર પ્લાન્ટ ની ૩૦ દિવસ ની ક્ષમતા ના તળાવ માં સ્ટોરેજ કરવામાં આવશે તો લેકવ્યૂ પાર્ક ના તળાવ માં વધારા નો જથ્થો સ્ટોર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમજ પાલિકા ના ૨૨ બોર ઉપરાંત નવા બોર ઉભા કરવા નું પણ આયોજન કરાયું છે જેથી શહેર ની જનતા ને પૂરતા પ્રમાણમાં પાણી મળી શકે.



# સાવરકુંડલામાં સરદાર પટેલ યુનિટી માર્ચનું ભવ્ય આયોજન

## મહિલ કોલેજ પાસે સરદાર ચોકનું નિર્માણ કરાશે : મહેશભાઈ કસવાલા

સુરત, તા.૨૪

સાવરકુંડલા ભારતવર્ષના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન વર્ષની ઉજવણીના ભાગરૂપે, આજરોજ સાવરકુંડલા ખાતે 'સરદારજી૧૫૦ યુનિટી માર્ચ' (એકતા યાત્રા)નું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ પદયાત્રામાં હજારોની સંખ્યામાં નગરજનો, પદાધિકારીઓ અને સંતો-મહંતો જોડાયા હતા, જેનાથી સમગ્ર શહેરમાં રાષ્ટ્રભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

આ યુનિટી માર્ચમાં અમરેલીના લોકપ્રિય સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, અને જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, વિવિધ ધર્મના સાધુ-સંતોએ પણ પદયાત્રામાં જોડાઈને આશીર્વાદ આપ્યા હતા, જેણે યાત્રાને આધ્યાત્મિક અને સામાજિક એકતાનું સ્વરૂપ આપ્યું હતું. સરદાર પટેલ સોસાયટી વાડી ખાતેથી 'એકતાના સૂત્ર' સાથે આ યુનિટી માર્ચનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. પદયાત્રાનો કાફલો શહેરના મુખ્ય માર્ગો જેવા કે ગોપાલદાસ બાપુની ઝૂંપડી (કોચિંગ પાસે), સરદાર પટેલ સોસાયટી, પોલીસ સ્ટેશન, જૈન બોર્ડિંગ અને હોમગાર્ડ કચેરી જેવા વિસ્તારોમાંથી પસાર થયો હતો. સમગ્ર માર્ગ પર "એક ભારત, શ્રેષ્ઠ ભારત" અને "સરદાર પટેલ અમર રહો"ના ગગનભેદી નારાઓ ગુંજી ઉઠ્યા હતા. મોટી સંખ્યામાં નગરજનો હાથમાં તિરંગા સાથે આ યાત્રામાં જોડાયા હતા અને સરદાર સાહેબને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ભાવુકતા સાથે કહ્યું હતું કે, "આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આપણા શહેરમાં એક પણ જાહેર જગ્યાએ 'સરદાર સાહેબ'ની પ્રતિમા ન હોવી, એ આપણું દુર્ભાગ્ય છે." તેમણે આ સંકલ્પને પૂર્ણ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ કે.કે. હાઈસ્કૂલ અને મહિલા કોલેજ પાસે સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા સાથે નવો 'સરદાર ચોક' બનાવવામાં આવશે. તેમની આ જાહેરાતને નગરજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

### સૌથી ગીચ

પહેલા પાનાનું ચાલુ

૧૯૭૫માં ૨૬ લાખની વસતિ હતી તે ૨૦૫૦માં ૭૬ લાખની થઈ છે અને ૨૦૫૦ સુધીમાં તે ૮૨ લાખની થઈ શકે છે અને વિશ્વનું આઠમા નંબરનું સૌથી ધનિષ્ઠ વસતિ ધરાવતુ મહાનગર છે તેજ રીતે સુરત જે આજ રીતે આ ૧૯૭૫માં ૧૦ લાખની હતી તે ૨૦૨૫માં ૬૯ લાખની અને ૨૦૫૦ સુધીમાં તે ૮૦ લાખની થઈ જશે.

આ પ્રકારે ગીચ વસતિ એ લોકોના જીવન ધોરણને સીધી અસર કરે છે. શહેરીકરણમાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા મહત્વની છે જેનો અભાવ જોવા મળે છે અને સરકાર મોટા શહેરોની વધુ ચિંતા કરે છે અને નાના વિસ્તારોની ઉપેક્ષા કરે છે

### ચીફ જસ્ટીસ

પહેલા પાનાનું ચાલુ

ગ્રહણ સમારોહમાં હાજર રહ્યું. ભૂટાન, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, નેપાળ અને શ્રીલંકાના મુખ્ય ન્યાયાધીશો અને તેમના પરિવારોએ આ સમારોહમાં હાજરી આપી.વર્તમાન CJI બીઆર ગવઈનો કાર્યકાળ રવિવાર ૨૩ નવેમ્બરના રોજ સમાપ્ત થયો. જસ્ટિસ સૂર્યકાંત તેમની જવાબકારી સંભાળશે. જસ્ટિસ સૂર્યકાંત ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ નિવૃત્ત થશે અને તેમનો કાર્યકાળ લગભગ ૧૪ મહિનાનો રહેશે.જસ્ટિસ સૂર્યકાંતનો આખો પરિવાર હિસારના પેટવાડ ગામમાં રહે છે. તેમના મોટા ભાઈ માસ્ટર ઋષિકાંત તેમના પરિવાર સાથે ગામમાં રહે છે, જયારે એક ભાઈ હિસાર શહેરમાં રહે છે અને ત્રીજો ભાઈ દિલ્હીમાં રહે છે.સૂર્યકાંત ઉપરાંત તેમના ત્રણ ભાઈઓ - ઋષિકાંત, શિવકાંત અને દેવકાંતને પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. મોટા ભાઈ માસ્ટર ઋષિકાંતે જણાવ્યું હતું કે આખો પરિવાર એક દિવસ પહેલા દિલ્હી આવી ગયો હતો.

### ઉત્તરાખંડના

પહેલા પાનાનું ચાલુ

આવ્યો છે. તેના બદલે, પરિવારોને માંડુઆ અને ઝાંગોરા જેવા સ્થાનિક અનાજથી બનેલી પરંપરાગત ગઢવાલી થાળી પીરસવાનું કહેવામાં આવ્યું છે. મોંઘી ભેટો અને વૈભવી વસ્તુઓના વિનિમય પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### મહારાષ્ટ્રમાં

પહેલા પાનાનું ચાલુ

વિભાજીત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. મુંબઈમાં પોતાના પક્ષના કાર્યકરોને સંબોધતા, ઠાકરેએ ભાજપને ષડયંત્રમાં સામેલ પક્ષ ગણાવ્યો. ઠાકરેએ કહ્યું, "ભાજપ અને આરએસએસ પોતે ઝેર ફેલાવી રહ્યા છે અને અમને દોષી ઠેરવી રહ્યા છે.

### સિંધ પ્રાંત

પહેલા પાનાનું ચાલુ

કરીને સૈન્ય સતામાં પ્રભુત્વ ધરાવે છે તેની સામેના આંતરિક અસંતોષમાં રાજનાથના વિધાનોથી પલીતો ચપાશે તેવો ભય પાકને છે.તો બીજી તરફ ભારતે તોપનું નાળચું સિંધ બાજુ ફેરવ્યુ છે તેવુ માની પાકે હવે કાશ્મીર સમસ્યા મુદ્દે વાટાઘાટની પણ ઓફર કરી છે. પાકે સાથોસાથ બણગો ફુકયો છે કે તે તેની સુરક્ષા-આઝાદીની રક્ષા કરવા તૈયાર છે અને આરોપ મુકયો કે આ પ્રકારના વિધાનોથી ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા જોખમાઈ શકે છે....

રાજનાથ સિંઘે L.K.અડવાણીના પુસ્તકનાં અંશો ટાંકયા હતા

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે સિંધ આજે ભારતનો ભાગ નથી, પરંતુ સરહદો ગમે ત્યારે બદલાઈ શકે છે અને સિંધ ભારતમાં પાછું આવી શકે છે. એક કાર્યક્રમમાં બોલતા, તેમણે સિંધના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને યાદ કર્યું.

સિંધ ૧૯૪૭ના ભાગલા પછી આ પ્રદેશ પાકિસ્તાનમાં ગયો. ત્યાં રહેતા મોટાભાગના સિંધી હિન્દુઓ ભારતમાં સ્થળાંતર કરી ગયા. રાજનાથ સિંહે કહ્યું કે લાલકૃષ્ણ અડવાણીએ તેમના પુસ્તકમાં લખ્યું છે કે તેમની પેઢીના સિંધીઓ હજુ પણ સિંધના ભારતથી અલગ થવાને સ્વીકારી શક્યા નથી.

તેમણે કહ્યું કે સિંધુ નદી હંમેશા ભારતના હિન્દુઓ માટે પવિત્ર રહી છે અને સિંધના ઘણા મુસ્લિમો પણ તેની શુદ્ધતાને આબ-એ-ઝમઝમ પાણીની જેમ પવિત્ર માનતા હતા.

રાજનાથ સિંહે કહ્યું- આજે સિંધ ભલે ભૌગોલિક રીતે ભારતમાં ન હોય પરંતુ સભ્યતા અને સંસ્કૃતિની દ્રષ્ટિએ તે હંમેશા ભારતનો ભાગ રહેશે. તેમણે વધુમાં કહ્યું કે સરહદો બદલાઈ શકે છે અને કોણ જાણે કાલે સિંધ ભારતમાં પાછું આવી શકે છે.

### પેશાવરમાં અર્ધ લશ્કરી

પહેલા પાનાનું ચાલુ

એફસી એ પાકિસ્તાનનું એક નાગરિક લશ્કરી દળ છે, જેનું મુખ્ય મથક ગીચ વિસ્તારમાં અને લશ્કરી છાવણીની નજીક આવેલું છે.

એક અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે સેના અને પોલીસે વિસ્તારને ઘેરી લીધો છે અને પરિસ્થિતિને નિયંત્રિત કરી રહ્યા છે કારણ કે અમને શંકા છે કે મુખ્યાલયની અંદર કેટલાક હુમલાખોરો છે. હુમલા પછી તરત જ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો સામે આવ્યા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે એફસી ચોક મુખ્ય સદર ખાતે વિસ્ફોટો સંભળાયા હતા.પાકિસ્તાનમાં તાજેતરના મહિનાઓમાં આતંકવાદી ઘટનાઓમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં. સપ્ટેમ્બરમાં, ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં એફસી મુખ્યાલય પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં છ સૈનિકો અને પાંચ હુમલાખોરોના મોત થયા હતા.

### ચેમ્બરના

પેજ-૨ પાનાનું ચાલુ

મુલાકાત લઈ રહયા છે.ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર અને સીટેક્ષ એક્ષ્પોના ચેરમેન શ્રી સુરેશ પટેલે જણાવ્યું હતું કે, ગઈકાલે પ્રથમ દિવસે જ ૯૪૫૦ બાયર્સ અને વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લીધી હતી. જ્યારે આજે બીજા દિવસે ૧૫૩૮૦ બાયર્સ અને વિઝીટર્સ આ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. આમ બે દિવસ દરમ્યાન કુલ ૨૪,૮૩૦ વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લેતા તેનો બહોળો લાભ એકઝીબીટર્સ તેમજ સુરતની સમગ્ર ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને મળી રહયો છે.

આ બે દિવસ દરમ્યાન દેશના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, મુંબઈ, સુરેન્દ્રનગર, સિદ્ધપુર, કોલ્હાપુર, કોલકાતા, ભિલવાડા, ઈન્દોર, ઈચ્છલકરંજી, ભાવનગર, વારાણસી, નાશિક, માલેગાવ, ડુંગરપુર, હૈદરાબાદ, અમરેલી, અંબ્રામા, ઈરોડ, નવી દિલ્હી, પૂણે, ઔરંગાબાદ, કોઈમ્બતુર, તિરૂપુર, પાટણ, સોલાપુર, ઈટવા, ચેન્નાઈ, ભુજ, બિકાનેર, જોધપુર, ગાઝિયાબાદ, બકસર, અંબાલા, વીરપુર, પ્રતાપગઢ, બદરીનાથપુરી, બક્ષદ (રાજસ્થાન), બેંગ્લોર અને સિલચુરના વિઝીટર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

### સુરત નવી સિવિલ

પેજ-૨ પાનાનું ચાલુ

દાખલ કરાયા હતા. ત્યા તેમની ગંભીર હાલત હોવાથી ઈમરજન્સી વાર્ડમાં દાખલ કર્યા હતા. જયાં સારવાર બાદ ICUમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા.

તા.૨૧મી નવેમ્બરના રોજ બપોરે આર.એમ.ઓ ડો.કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડો.પ્રયાગ મકવાણા, ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિએ પંચુને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપદાદા દેશમુખના માર્ગદર્શન હેઠળ ઓડિશા સમાજના અગ્રણીઓનો સંપર્ક કરી કાઉન્સેલિંગ સાથે સમજણ આપવાનું નક્કી કરાયું હતું.

વિશેષ કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે મૃતકના પત્નીની સહમતિ લેવી જરૂરી હોય છે. બ્રેઈનડેડના પત્ની ઓડિશા ખાતે ૧૧ વર્ષીય દિકરી રૂપાલી અને ચાર મહિનાના દિકરા રોશન સાથે રહે છે. જેથી ડો.નિલેશ કાછડિયા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, ડો.કેતન નાયક તથા ઓડિશા સમાજના અગ્રણી શ્રીકાંત રાઉતે સહિતના અગ્રણીઓએ બ્રેઈનડેડ પંચુભાઈના પત્ની અને ભાઈ સહિત પરિવાર સાથે સતત સંપર્કમાં રહીને અંગદાન બાબતે સમજણ આપી હતી. IEC–SOTTO ઓડિશાના પ્રતિનિધિ સુમને ઓડિશા સ્થિત નિવાસસ્થાને રહેતા પત્ની રજની પંચુ પ્રધાનને ઉડીયા ભાષામાં અંગદાનની સમજણ આપી તેની લેખિત અને વિડીયોગ્રાફી કરી સહમતિ મેળવી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

અંગદાન પ્રક્રિયામાં જિલ્લા પોલીસનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. જેના કારણે સંપૂર્ણ પ્રક્રિયા ઝડપથી અને સરળતાથી પૂર્ણ થઈ. ઓડિશા સરકાર દ્વારા પણ જરૂરી દસ્તાવેજો માટે સહયોગ મળ્યો હતો. નવી સિવિલના પ્રતિનિધિઓએ બે દિવસ સુધી પરિવાર સાથે કાઉન્સેલિંગ કર્યું. આ ૪૮ કલાકના પ્રયત્નો બાદ પરિવારસાથે ડો.નિલેશ કાછડિયા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા અને ઓડિશા સમાજના અગ્રણી શ્રીકાંત રાઉતના પ્રયત્નોથી અંગદાન માટે તૈયાર થયો અને સમંતિ આપતા અંગદાન બાદ લીવર, બે કિડની અમદાવાદની IKDRC હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આમ, માત્ર ૧૨ કલાકમાં બીજું સફળ અંગદાન થવાથી કુલ ૬ દર્દીઓને નવજીવન મળશે. નોંધનીય છે કે, ૧૨ કલાકના સમયગાળામાં બે અંગદાનમાં મહારાષ્ટ્રના થાણે જિલ્લાના માહિમના પાટીલ પરિવાર દ્વારા પણ સ્વજન ૨૮ વર્ષીય બ્રેઈનડેડ સ્વજન અક્ષય વિલાસ પાટીલના લીવર, બે કિડનીના દાન બાદ આજે પંચુ પ્રધાનનું ૮૫મુ અંગદાન થયું છે.

સુરત નવી સિવિલ હોસ્પિટલની ટીમ, SOTTOના સભ્યો, ઓડિશા સમાજ પરિવારના ટીમવર્ક અને પરસ્પર સહકારને કારણે વધુ ત્રણ પરિવારોમાં નવી રોશની ફેલાઈ છે.

### ચેમ્બર અને સ્કોબા

પેજ-૨ પાનાનું ચાલુ

દિલ્હીના સીઈઓ શ્રી પ્રભાત ચતુર્વેદીએ એન.યુ.સી.એફ.ડી.સી.ની પહેલ, ભવિષ્યના રોડમેપ અને સહકારી બેંકોને તેમની સેવાઓનું આધુનિકીકરણ અને વિસ્તરણ કરવા માટે સક્ષમ બનાવવાના હેતુથી નવીનતમ ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

NAFCUB (નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો–ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિમિટેડ)ના વાઈસ પ્રેસિડેન્ટ અને કોસ્મોસ કો–ઑપ બેંક લિમિટેડના ભૂતપૂર્વ ચેરમેન શ્રી મિલિંદ કાલેએ સહકારી બેંકિંગ ક્ષેત્રને મજબૂત કરવા માટે મજબૂત શાસન માળખા, ડિજિટલ પરિવર્તન અને જોખમ ઘટાડવાની વ્યૂહરચનાઓની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે સહાકારી ક્ષેત્ર ગરીબ અને મધ્યમ વર્ગનું છે. આર્થિક કટોકટી આવી ત્યારે પણ સહકારી બેન્કોમાં બધી બેંકોને અસર ન થઈ. સહકારી બેન્કોએ તેમનું આગવું સ્થાન અને ગ્રાહકોનો વિશ્વાસ અને શાખ એવી રીતે જાળવી રાખ્યો છે કે આજે મોટી મોટી બેંકોએ ગ્રાહકો પાસે જવું પડે છે જયારે ગ્રાહક ખુદ સહકારી બેંક સુધી આવે છે. સરકાર પણ ઈચ્છે છે કે સહકારી બેંકો વૃદ્ધિ પામે.

સ્કોબાના અધ્યક્ષ શ્રી ગૌતમ વ્યાસે કહ્યું કે આપણે ત્યાં સહકારી બેંકોનો ખૂબ ભવ્ય ઈતિહાસ રહ્યો છે. ગઈકાલની સહકારી બેંકો અને આવતી કાલની સહકારી બેંકો વચ્ચે ટેકનોલોજી છે. એ ફેરફારોને આત્મસાત કરીએ, ૫ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી અને વિકસિત ભારતનાં વિઝનમાં સહકારી બેંકોની મહત્વની ભૂમિકા રહેવાની છે, આપણે સાથે મળીને એ તકનો લાભ લઈએ.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટર શ્રી સતિષ મરાઠેએ કહ્યું કે ગુજરાતની બધી સહકારી બેંકો સમગ્ર દેશ માટે રોલ મોડલ છે. હું તો મેનેજમેન્ટ સંસ્થાઓને પણ કહું છું કે ગુજરાતની અર્બન સહકારી બેંકોના મોડલનો અભ્યાસ કરે. ચાલુ વર્ષના એડવાન્સ ડેટા મુજબ મેં નોંધ્યું છે કે સમગ્ર દેશમાં અર્બન કો.ઓ. બેંકોનું પ્રદર્શન છેલ્લા ૫ વર્ષમાં સૌથી સરસ છે. સહકારી બેંકો ખૂબ સરસ કામ કરી રહી છે, તેમણે પ્રચાર અને માર્કેટિંગ વધારવાની જરૂર છે. દેશની અર્થવ્યવસ્થાનો ચિતાર આપતા શ્રી મરાઠેએ કહ્યું કે, દાયકા પહેલા નાજુક પાંચમાં ગણાતું આપણું અર્થતંત્ર આજે ટોપ પાંચમાં છે, ત્રીજા ક્રમે આવવાની તૈયારી છે. મેન્યુફેકચરિંગ, કૃષિ અને સેવા એમ ત્રણેય ક્ષેત્રો ખૂબ સારો દેખાવ કરી રહ્યા છે. એસએમઈની સંખ્યા શહેરી અને ગ્રામીણ બંનેમાં સતત વધી રહી છે. સરકારે કૃષિ માટે પુશ આપીને એગ્રો પ્રોસેસિંગને પ્રોત્સાહન આપ્યું છે, દેશમાં વિકેન્દ્રીત વેરહાઉસનો વિશ્વનો સૌથી મોટો પ્રોજેક?ટ શરૂ થયો છે. બેંકિંગ ક્ષેત્ર આજે જે મજબૂતાઈએ છે એટલું પહેલાં કયારેય ન હતું. એનપીએ લેવલ આંતરરાષ્ટ્રીય ધારાધોરણ કરતાં સારું છે. ફૂગાવો ઐતિહાસિક રીતે નિમ્ન છે. આમ બેન્કીંગ સેકટર ખાસ કરીને સહકારી બેંકો માટે વૃદ્ધિની ઘણી તકો અને અનુકૂળ વાતાવરણ છે. દરેક બેંક વૃદ્ધિ માટે વિઝન ડોકયુમેન્ટ બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે સહકારી બેંકોએ સારી રીતે મૂડી સંપન્ન રહેવાની જરૂર છે. કોવિડ પછી આરબીઆઈએ તમામ બેંકોને મૂડી વધારવા કહ્યું હતું.

સહકારી બેંકો પોતીકી મિલકતની ચિંતા કરે છે એમ ટેકનોલોજી પાછળ ખર્ચે શ્રી મરાઠેએ કહ્યું કે આજે બેંકિંગ વધારે જટિલ બન્યું છે. ટેકનોલોજી માટે જોઈએ એટલું કામ હજી થયું નથી તે ચિંતાનો વિષય છે. સહકારી બેંકોનું બોર્ડ બ્રાન્ચ પોતીકી મિલકતમાં હોય એની ચિંતા કરે છે, એ સારું પણ છે પણ સાથે ટેકનોલોજી પાછળ પણ ખર્ચ કરે તો વધુ સ્પર્ધાત્મક બનશે.

ત્યારબાદ ટેકનિકલ સેશનની શરૂઆતમાં શ્રી પ્રભાત ચતુર્વેદીનો પરિચય શ્રી દેવેન ચોકસીએ આપ્યો હતો. શ્રી ચતુર્વેદીએ કહ્યું કે સહકારી બેંકો માટે મુખ્ય પડકાર ટેકનોલોજી, સાયબર સુરક્ષા અને ખર્ચનો છે. આ માટે છત્ર સંસ્થા એન.યુ.સી.એફ.ડી.સી ઘણી બધી પહેલ કરી રહ્યું છે. લોન માટે પોલિસી બજાર જેવું પ્લેટફોર્મ હોવું જોઈએ, ઝીરોધા અને ગ્રો જેવી ઓનલાઈન ટ્રેડિંગ એપમાં સહકારી બેંકો સામેલ થવી જોઈએ. તેમણે કહ્યું કે ઘટતી થાપણો જેવા પડકારો પણ છે. તેમણે એસએમઈ માટે ઈનોવેટિવ કરન્ટ એકાઉન્ટ, સગીરો માટેની પ્રોડકટસ, યુપીઆઈ ચાર્જ બેંકો માટે ઘટે એ માટેનાં પગલાં વિશે વાત કરી. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં છે એવી સહિયારી કોર બેંકિંગ સિસ્ટમ નજીકના ભવિષ્યમાં શરૂ થશે જેમાં નાની બેંકો પણ જોડાઈ શકે.

### માસમા

પેજ-૨ પાનાનું ચાલુ

સમયમાં સૌથી પાયાની જરૂરિયાત છે તે આ અભ્યાસ પરથી જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ અભ્યાસનાં તારણ માટે શાળા તેમજ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને Good touch-bad touch ની પણ સમજ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને માસમાનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર આશા ગોપાણી દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

છેલ્લા પાનાનું ચાલુ

### પીએસઓ

સ્ટેશનની પ્રિમાઈસીસમાં જ થયેલા આપઘાતને લઈ પોલીસ બેડામાં પણ ભારે ચર્ચા થઈ રહી છે. પોલીસ સ્ટેશનમાં બનેલી આટલી ગંભીર ઘટનામાં તે પણ ફરિયાદ આપવા આવેલા ફરિયાદીએ કરેલા આપઘાતની આ ઘટનામાં ઉચ્ચ સ્તરે તપાસ થાય તે જરૂરી બન્યું છે. પીઆઈ એન.કે.કામળીયાના કહેવા મુજબ મૃતકની ઓળખ થઈ નથી. પોલીસની પ્રાથમિક તપાસમાં તે માનસિક અસ્વસ્થ હોવાનું જણાઈ રહ્યું છે. જોકે, તે ક્યાનો છે અને તેનું નામઠામ શુ છે તે જાણવા મળ્યું નથી.

### પરવટ પાટિયા

જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ભાવના જ્વેલર્સના માલિક હેમરામ ચૌધરીએ જણાવ્યું હતું કે, મારી દુકાન પરવટ પાટિયા પર આવેલી છે. સવારે મેં ૯ વાગ્યે દુકાન ખોલી, ત્યારે માલુમ પડ્યું કે લોકર તૂટેલું હતું. બાથરૂમની અંદરથી આવેલો માણસ હોય તેવું લાગી રહ્યું છે. બાજુમાં કપડાની દુકાન છે. કપડાની દુકાનમાંથી એન્ટ્રી કરી છે, અને પછી બાજુમાં ચપ્પલની દુકાન છે, ત્યાંથી પ્રવેશ કરીને મારી દુકાનની અંદર આવ્યો છે. એક માણસ આરામથી આવી શકે એટલી જગ્યામાં હોલ કરેલી છે. જ્યારે સ્ટોક લઈશું ત્યારે ખબર પડશે કે કેટલી ચોરી થઈ છે. વધુમાં જણાવ્યું હતું કે, પોલીસને જાણ કરી દીધી છે, તેઓ અહીં જ છે. પોલીસવાળા ઈન્કવાયરી કરી રહ્યા છે. સીસીટીવીમાં એક માણસ દેખાય છે, જેણે મોઢું બાંધેલું છે. એવું જ લાગી રહ્યું છે કે બાજુવાળો જ હોઈ શકે, કપડાની દુકાનવાળો જ લાગી રહ્યો છે. બાજુવાળી દુકાનનો માલિક ક્યાં ગયો છે તે ખબર નથી. સવારથી તેની દુકાન પણ બંધ છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૨૪ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ઠંડીના ચમકારા સાથે રખડતા કુતરાઓનું હાઉં-હાઉં



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
સુરત શહેરમાં ફરી કુતરાઓનો આતંક જોવા મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે સચીનના ગભેણી ખાતે ૪ વર્ષિય માસુમ બાળકને ૪૦ જેટલા બચકા ભરતા માસુમ બાળક ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો. નવી સિવિલ હોસ્પિટલમાં બાળકની સારવાર ચાલી રહી છે ત્યારે ૨૪ જ કલાકમાં સુરત સિટીમાં ૨૦ જેટલા કુતરા કરડવાના બનાવ નોંધાયા છે. દરમિયાન આજે સવારે ભટાર વિસ્તારમાં પણ એક ૮ વર્ષિય બાળકને શ્વાનને હુમલો કરતા બાળક ભાગવા જતા પડી ગયો હતો. જોકે પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ લઈ આવ્યા હતા. જ્યાં ડોગ બાઈટનું તેને ઈન્જેકશન આપવામાં આવ્યું હતું.

સુરત શહેરમાં કુતરાઓનો આતંક જોવા મળી રહ્યો છે. ૨૪ કલાકમાં સચીનના ગભેણી અને આજે સવારે ભટાર વિસ્તારમાં ૮ વર્ષિય બાળકને કુતરા કરડવા દોડતા બાળક બચવા જતા પડી ગયો હતો. કુતરાએ બચકા ભર્યા હોવાની શંકાએ પરિવાર તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો જ્યાં તેને ડોગ બાઈટનું ઈન્જેકશન મુકવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્ત બાળક પનાસગામ ખાતે રહેતો ૮ વર્ષિય ક્રિષ્ના પાલ હોવાનું જાણવા મળ્યું છે.

જાણકારોનું કહેવું છે કે, શિયાળાની ઋતુમાં શ્વાન વધુ હિંસક બનતા હોય છે. ત્યારે નવી સિવિલ હોસ્પિટલમાં પ્રતિદિન ડોગ બાઈટના કિસ્સા વધી રહ્યા છે. નવી સિવિલ હોસ્પિટલમાં સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં જ ૮૦૦ થી ૧ હજાર ડોગ બાઈટના કેસ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

### નવી સિવિલમાં પ્રતિદિવસ ૫૦ જેટલા ડોગ બાઇટના કેસ

નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના સુપરવિઝન કરતા ડોક્ટર ભરતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રતિ દિવસ ૫૦થી ૮૦ જેટલા ડોગ બાઈટના કેસ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં આવતા રહે છે. ટ્રોમાં સેન્ટરમાં ડોગ બાઈટના ઈન્જેકશન દર્દીને આપવામાં આવે છે. જો કોઈ બાળક વધુ ગંભીર હોય તો તેને રેસીડન્ટ સર્જન પાસે મોકલાઈ છે. ત્યારબાદ તેની સારવારની જરૂર હોય તો તેને વોર્ડમાં મોકલવામાં આવે છે. મલ્ટીપલ ઈન્જરી હોય તેવા કેસમાં સર્જન દ્વારા દર્દીનું ધ્યાન રાખવામાં આવે છે.

## શહેરમાં રખડતાં કુતરાઓનો આતંક વધ્યો, ભટારમાં બાળક સહિત બે પર હુમલો

### સરકારી ચોપડે ૨૦૨૪-૨૦૨૫માં નોંધાયેલા ડોગ બાઈટના કેસો

| માસ | 2024 | | | 2025 | | |
|---|---|---|---|---|---|---|
| | નવા | જૂના | કુલ | નવા | જૂના | કુલ |
| જાન્યુઆરી | 1085 | 2240 | 3325 | 967 | 1911 | 2878 |
| ફેબ્રુઆરી | 929 | 1946 | 2875 | 837 | 1689 | 2526 |
| માર્ચ | 1032 | 2036 | 3068 | 899 | 2000 | 2899 |
| એપ્રિલ | 998 | 2002 | 3000 | 937 | 1768 | 2705 |
| મે | 946 | 1892 | 2838 | 824 | 1772 | 2596 |
| જૂન | 823 | 1673 | 2496 | 807 | 1637 | 2444 |
| જુલાઈ | 665 | 1380 | 2045 | 1117 | 2174 | 3291 |
| ઓગસ્ટ | 679 | 1296 | 1975 | 924 | 2011 | 2935 |
| સપ્ટેમ્બર | 743 | 1381 | 2124 | 882 | 1813 | 2695 |
| ઓક્ટોબર | 785 | 1422 | 2207 | 1035 | 1882 | 2917 |
| નવેમ્બર | 788 | 1513 | 2301 | | | |
| ડિસેમ્બર | 910 | 1683 | 2593 | | | |
| કુલ | 10383 | 20464 | 30847 | 9229 | 18657 | 27886 |

# વારી સોલાર ગ્રૂપના દરોડામાં મળેલા થોકબંધ બેનંબરી વ્યવહારોથી કેટલાકની ઉંઘ હરામ

### હવાલા કૌભાંડની શંકાને પગલે આયકર વિભાગે જપ્ત કરેલા દસ્તાવેજો-હિસાબોની ઝીણવટભરી તપાસ શરૂ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
સોલાર પેનલની આયાત-નિકાસના વ્યવસાયી સાથે સંકળાયેલા વારી એનર્જી ગ્રૃપ પર ઈન્કમટેક્ષ વિભાગના દરોડામાં હવાલા કૌભાંડ પણ થયું હોવાની શક્યતાને પગલે ખળભળાટ મચી ગયો છે. સતત પાંચ દિવસ સુધી વાર ગ્રૃપના વિવિધ સ્થળોએ ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા કરાયેલા સર્ચ દરમિયાન થોકબંધ જમીન સંદર્ભના દસ્તાવેજો હિસાબો મળી આવ્યાં હતા. હાલ ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા તમામ હિસાબો, દસ્તાવેજો, સહિતની સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વારી ગ્રૃપના સંચાલકો દ્વારા સુરતથી લઈને વાપી સુધીમાં કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટ (રોકાણ) કર્યુ હોવાના હિસાબો મળી આવતા ઈન્કમટેક્ષ વિભાગ પણ ચોંકી ઉઠ્યું હતું. જ્યાં જ્યાં જમીનમાં રોકાણ કરવામાં આવ્યા છે. ત્યાં ત્યાં વ્યવહાર બારોબાર એટલે કે હવાલા મારફતે થયો હોવાની શંકા સેવાઈ રહી છે. એમ કહેવાય છે કે કરોડો રૂપિયા હવાલા મારફતે ચૂકવાયાં છે. હાલ તો ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા આગામી સમયમાં સીઝ કરાયેલા દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. આ તપાસ દરમિયાન હવાલા કૌભાંડ આચરાયાનું ધ્યાનમાં આવશે. તો ઈડીને પણ તપાસમાં જોતરાઈ તો નવાઈ નહીં. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ નવસારી, વાપી, વલસાડ અને સુરતમાં વારી સોલાર યુનિટ પર દરોડા દરમિયાન કરોડો રૂપિયાના બેનંબરી વ્યવહારો મળી આવ્યાં હોવાનું કહેવાય છે. આ તમામ બેનંબરી વ્યવહારો અંગે તપાસ બાદ સર્ચ કે સર્વે અન્ય પાર્ટીઓને ત્યાં પણ થઈ શકે છે.

# પત્નીને લંડન લઈ જવા પતિએ રૂા.૨૫ લાખની માગણી કરી

**સાસરિયાના ત્રાસથી પરિણીતાની પોલીસ ફરિયાદ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
લગ્ન બાદ લંડન પરત જવા માટે પરિણીતાને દબાણ કરતા પતિ સહિત સાસરીયાઓ સામે સુરત મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. મુળ વડોદરાના વતની એવા સાસરીયાઓ અને પતિ લંડન જવા માટે વર્કપરમીટ માટે પિયરમાંથી રૂ.૨૫ લાખ લઈ આવવા પરિણીતાને દબાણ કરતા હતા જોકે પત્ની પિયરમાં રહેતી હોય તેને તેડી જવા માટે પતિ ના કહેતો હોય આ મામલો મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

વડોદરાના સિનોર તાલુકાના સાધલી ગામના ટેકરા શેરી ખાતે રહેતા નિર્મિત પ્રવિણ પટેલના લગ્ન સુરતના એક પરિવારની પુત્રી સાથે થયા હતા. લગ્ન બાદ પરિણીતાને પતિ લંડન રહેવા જવા માટે દબાણ કરતો હતો. તેમજ સાસુ સસરા અને દિયર લંડન રહેવા માટે પરિણીતાને ફોન કરીને પરેશાન કરતા હતા. પિયરથી દહેજમાં કઈ લાવી ન હોય લંડન વર્કપરમીટ માટે રૂ.૨૫ લાખની માંગણી કરી સતત પરિણીતાને ત્રાસ આપવામાં આવતો હોય આ મામલે ગઈકાલે પરિણીતા દ્વારા મહિલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

# પીએસઓએ કહ્યું ‘ઉપર જઈને ફરિયાદ આપ, ને યુવકે ત્રીજા માળેથી મોતનો ભુસ્કો માર્યો

### ફરિયાદ નોંધાવવા બે વખત પીએસઓ પાસે મૃતક આવ્યો હતો : યુવક કોણ છે? એ હજુ જાણી શકાયું નથી, માનસિક બિમાર હોવાની સંભાવના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
લિંબાયત પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપવા આવેલો એક અજાણ્યો યુવક બે વખત પીએસઓ પાસે આવ્યો હતો. યુવક બીજી વખત આવ્યો તો પીએસઓએ કીધું કે ફરિયાદ આપવી હોય તો ઉપર જઈને (પોલીસ કર્મચારી પાસે) આપી દો. ત્યારબાદ આ યુવક પોલીસ સ્ટેશનના ત્રીજા માળે ગયોને ઉપરથી નીચે કુદકો મારી આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. મરનાર યુવકને હાલ પોલીસ માનસિક અસ્વસ્થ હોવાનું જણાવી રહી છે. જ્યારે મરનારની ઓળખ સુદ્ધા થઈ નથી. મૃતકે ક્યાં કારણોસર પગલું ભર્યું તે તપાસનો વિષય છે.

લિંબાયત પોલીસના સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ આજે સવારે ૯.૩૦ વાગ્યા બાદ એક અજાણ્યા યુવકે (અંદાજિત ઉ.વ.૩૫ થી ૪૦) લિંબાયત પોલીસ સ્ટેશનના ત્રીજા માળે જઈ ઉપરથી કુદકો મારી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ પાસેથી પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું હતુ કે, આ યુવક પોલીસ સ્ટેશને ફરિયાદ આપવા આવ્યો હતો. હાજર પીએસઓ હે.કોન્સ્ટેબલ રજનીકાંત પાસે આ યુવક ૯.૩૦ વાગ્યાની આસપાસ બે વખત આવ્યો હતો. આ યુવક પીએસઓ રજનીકાંત પાસે બીજી વખત આવ્યો હતો, ત્યારે રજનીકાંતભાઈએ જણાવ્યું હતુ કે, તમને ફરિયાદ આપવી હોય તો ઉપર જઈને આપી દો. જેથી આ યુવક ઉપર બેસતા પોલીસવાળા પાસે જવા નિકળ્યો હતો. ત્યારબાદ આ યુવક પોલીસ સ્ટેશનના ત્રીજા માળે પહોંચી ગયો હતો અને ત્રીજા માળેથી નીચે ઝંપલાવી દઈ મોતને વ્હાલું કરી લીધું હતું.

ફરિયાદ આપવા આવેલા અજાણ્યા યુવકે કરેલા આપઘાત અંગે અનેક શંકાકુશંકા સેવાઈ રહી છે. હાલ લિંબાયત પોલીસ તરફથી મૃતકે કરેલા આપઘાત પ્રકરણ અંગે સચોટ કારણ જાણવાની તજવીજ હાથ ધરાઈ છે. લિંબાયત પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# મગદલ્લા બંદર પાસેથી ગાંજા સાથે રિક્ષાચાલક ઝડપાયો

**ક્રાઈમ બ્રાંચે રૂા.૨૨,૮૦૦ની કિંમતનો ગાંજો જપ્ત કર્યો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
મગદલ્લા બંદર પાસે રહેતો રીક્ષા ચાલક ઉત્કલનગર રેલવે ટ્રેક પાસેથી ગાંજાનો જથ્થો લાવી તેને વેચાણ કરવા ફરતો હોય ડુમસ મગદલ્લા બંદર રત્ન રણછોડનગરમાંથી તેને એલસીબી ઝોન-૭ની ટીમે ઝડપી પાડ્યો હતો. રૂ.૨૨,૮૦૦ની કિંમતનો ગાંજો પોલીસે કબ્જે કરી તેની પુછપરછ હાથ ધરી હતી.

શહેરમાં ગાંજાનું છુટક વેચાણ કરનારાઓ પણ વધી ગયા હોય તેમ દિન પ્રતિદિન ગાંજાનું વેચાણ કરનારા પોલીસને હાથ લાગી રહ્યા છે. દરમિયાન સુરત લોકલ ક્રાઈમ બ્રાંચ ઝોન-૭ દ્વારા ડુમસ મગદલ્લા બંદર પાસે રત્ન રણછોડ નગર ખાતે રહેતા અને મુળ રાજસ્થાનના બિકાનેરના વતની વિક્રમસિં માનસિંહ રાજપુત ઉ.વ.૩૩ને ઝડપી પાડ્યો હતો. રીક્ષા ચાલક વિક્રમસિંહ પાસેથી ૪૫૬ ગ્રામ ગાંજો, પ્લાસ્ટીકની પડેકી, મોબાઈલ સહિતની મત્તા પોલીસે કબ્જે કરી હતી. તેની પુછપરછ કરતા તે વરાછા રેલવે બ્રીજની નીચે થી કોઈ અજાણ્યા ઈસમ પાસેથી ગાંજો લાવ્યો હોવાનું કબુલ્યું હતું. આ મામલે એલસીબી ઝોન-૭ દ્વારા ડુમસ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

# રૂદરપુરામાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી ધમકી આપી દાગીના લઈ પ્રેમી ફરાર

**આલુપુરી વેચનાર મિતેશ કોસંબીયા રૂા.૧૯.૮૧ લાખના દાગીના કબાટ ખોલી લઈ ગયો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
રૂદરપુરા વિસ્તારમાં રહેતી યુવતીને પ્રેમમાં પાડી તેનો વિશ્વાસ જીતી લઈ આલુપુરીનો ધંધો કરતા યુવાને મારે ઘણુ દેવુ થઈ ગયું ચે તુ મને તારા ઘરના કબાટની ચાવી આપ અડધો કલાકમાં પાછી આપી દઈશે તેમ કહી ડુપ્લીકેટ ચાવી બનાવડાવી લઈ મોકો મળતા જ કબાટમાંથી રૂ.૧૯.૮૧ લાખના સોનાના ઘરેણા કાઢી લઈ યુવતીને જો કોઈને જાણ કરશે તો તારુ મર્ડર કરાવી નાંખીશ તેવી ધમકી આપી છેતરપિંડી કરી હતી. આ મામલે ગઈકાલે યુવતીના પિતા દ્વારા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી. અઠવાલાઈન્સ પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર રૂદરપુરા સાંઈબાબા મંદિર પાસે નવો મહોલ્લામાં રહેતો મિતેશ મહેન્દ્રભાઈ કોસંબીયા ઉ.વ.૩૫ આલુપારીનો ધંધો કરે છે. દરમિયાન તેના મહોલ્લામાં જ રહેતી એક યુવતીના તે સંપર્કમાં આવ્યો હતો. મિતેશે યુવતીને પ્રેમ જાળમાં ફસાવી હતી અને તેનો ભરોસો જીતી લીધો હતો. સને ૨૦૨૩ના સમયગાળામાં મિતેશ યુવતીના ઘરે ગયો હતો અને તેને વાતોમાં પાડી મારે ઘણુ દેવુ થઈ ગયું છે. તેમ કહી ઘરના કબાટની ચાવી મેળવી લીધી હતી. ત્યારબાદ આ ચાવી જેવી ડુપ્લીકેટ બનાવી લઈ મિતેશે ગઈ તા.૧૭-૪-૨૦૨૫ના રોજ યુવતી ઘરે એકલી હતી તે સમયે મિતેશે વાતોમાં ભોળવીને યુવતીના ઘરના કબાડમાંથી રૂ.૧૯.૮૧ લાખના ઘરેણા કાઢી લીધા હતા. યુવતીએ તેને આ બાબતે પુછતા તુ પંચાયત ન કર, મારે ઘણુ દેવુ થઈ ગયું છે. તારા ઘરમાં રહેલા ઘરેણા કાઢીને લઈ જાઉં છું અને હું તને થોડા સમયમાં મારૂ દેવુ ચુકવી ઘરેણા પરત આપી દઈશ. તેમ કહી યુવતીને પટાવી ફોસલાવીને ઘરેણા કાઢી લઈ જો આ અંગે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘરેણા પરત નહીં કરી યુવતીને પ્રેમજાળમાં ફસાવી છેતરપિંડી કરી જનાર મિતેશ કોસંબીયા સામે ગઈકાલે પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

# જીએસટી કૌભાંડમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન

**આરોપી નિમેશ ખીમાણીએ અખિલ એન્ટરપ્રાઈઝ પેઢીનો જીએસટી, આઈડી અને પાસવર્ડનો દુરૂપયોગ કર્યો હતો**

**સુરત.તા.૨૪**
ગુજરાત હાઈકોર્ટે ૧૫,૧૭,૮૯,૧૪૯ની રકમના બોગસ બિલિંગ દ્વારા ખોટી રીતે જી.એસ.ટી. ક્રેડિટ મેળવવાના અને આર્થિક લાભ મેળવવાના પૂર્વ આયોજિત કાવતરાના ગુનામાં ઝડપાયેલા આરોપી નિમેશ વિનોદરાય ખિમાણીને જામીન આપ્યા છે.

આરોપી નિમેશ ખીમાણી (રહે. ગાયત્રીનગર-૩, બસ સ્ટેન્ડ પાછળ, ગોંડલ, રાજકોટ) અને સહ આરોપીઓ સાથે મળીને ફરિયાદી અખિલ રાજેશ સોખલિયાની ’અખિલ એન્ટરપ્રાઈઝ’ નામની પેઢીના જી.એસ.ટી. આઈડી/ પાસવર્ડનો દૂર ઉપયોગ કરીને અખિલ સેખલિયાની જાણ બહાર બોગસ બિલિંગ કરી રૂા.૧૫.૧૭ કરોડની બોગસ બિલિંગથી વ્યવહારો દર્શાવી ગેરકાયદેસર નાણાના ટ્રાન્જેકશનો કર્યા હતા. આ મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચે આ આરોપી નિમેશ ખીમાણીની ધરપકડ કરી હતી.

સુરતના એડવોકેટ શફવાન એચ. ઓલપાડવાલા, આફતાબ એ. ત્રિવેદી અને હાઈકોર્ટના વકીલ અલ્વીરા કચરાએ કોર્ટ સમક્ષ એવી દલીલો રજૂ કરી હતી કે આરોપી પર લગાવાયેલા તમામ આરોપો ખોટા છે, જેને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા છે.

# કુખ્યાત સદ્દામ-ગોડીલ ગેંગ વિરૂદ્ધની તપાસના આર્થિક રેકર્ડ ઈડીને સુપ્રત કરાશે

**એસઓજી પોલીસ દ્વારા આરોપીઓના મિલકત સંબંધી દસ્તાવેજોની તપાસ શરૂ કરી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
સદ્દામ-ગોડીલ ગેંગ વિરૂદ્ધ ટૂંક સમયમાં ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પ્રાથમિક તપાસ શરૂ કરી દેશે. સુરત પોલીસ દ્વારા સદ્દામ-ગોડીલ ગેંગે ગુનાહિત પ્રવતિના આધારે મેળવેલા નાણા ક્યા ઈન્વેસ્ટ કર્યા, કોની સાથે ઈન્વેસ્ટ કર્યા તેની માહિતી એકત્ર કરીને ટૂંક સમયમાં જ ઈ.ડી.ને પ્રોવાઈડ કરવામાં આવશે તેવું સુરત એસઓજીદ્વારા જાણવા મળ્યું હતું. સદ્દામ-ગોડીલ ગેંગે રાંદેર ગોરાટ રોડના મોટા માથાઓ સાથે પણ ધંધાકીય ઈન્વેસ્ટમેન્ટ કર્યુ છે. જેથી આ ગેંગ સાથે સંકળાયેલા લોકોની પણ માહિતી એકત્રીત કરાઈ રહી છે.

સુરત શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં ઈમ્તીયાઝ ઉર્ફે સદ્દામ ઈકબાલ બચાવ (રહે.અલ્ફેશાની ટાવર, અડાજણ પાટિયા) અને શાહીદ શબ્બીર ગૌડીલ (રહે.ટ્વીન હાઈટ્સ, રાંદેર) તેમજ ફૈઝલ ગોડીલ સામે ખંડણીની ફરિયાદો નોંધાઈ હતી. દરમિયાન સુરત પોલીસ કમિશનરના આદેશ બાદ ઈમ્તીયાઝ અને શાહીદ વિરૂદ્ધ ગુજસીટોકનો પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઈમ્તીયાઝ ઉર્ફે સદ્દામ જીએસટી કૌભાંડમાં પણ અગાઉ પકડાઈ ચૂક્યો હતો. જયારે ઈમ્તીયાઝ સદ્દામ અને શાહીદ ગૌડીલ યુએસડીટી ક્રિપ્ટો કરન્સીનો પણ ઉપયોગ કરતો હોવાની વિગતો સામે આવી હતી. દરમિયાન હવે ઈમ્તીયાઝ સદ્દામ અને શાહીદ ગૌડીલની ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(સુરત) દ્વારા પૂછપરછ કરવામાં આવશે.હાલ સુરત ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સુરત પોલીસ કમિશનરને એક પત્ર લખી ઈમ્તીયાઝ ઉર્ફે સદ્દામ અને શાહીદ ગૌડિલ સામે નોંધાયેલી ખંડણી, યુએસડીટી ટ્રાન્ઝેકશન અને જીએસટી કૌભાંડ અંગેની નોંધાયેલી ફરિયાદ અંગે વિગતો માગી છે. જે અંગે આરોપીએ ગુનાહિત પ્રવત્તિઓમાંથી મેળવેલા નાણાથી મિલકતો વસાવી છે કે કેમ, હવાલા કૌભાંડ તેમજ આર્થિક વ્યવહારો અંગે ઈડી તપાસ કરશે. જો ઈડીને તપાસ દરમિયાન પુરાવા મળશે તો એન્ટી મની લોન્ડરીંગએક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવશે. હાલ સુરત એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ સદ્દામ-ગોડીલ સાથે સંકળાયેલા લોકોની પણ માહિત્રી ઈડીને આપવામાં આવશે. સદ્દામ તેમજ તેની સાથે સંકળાયેલા લોકોના નામે લેવાયેલી મિલકતો અને બેંકની વિગતો પણ આપવામાં આવશે.

**ઉમરગામમાં ટીવી સિરિયલનું શુટિંગ નિહાળતી વેળા બનેલી ઘટના**

# મહિલાના વારસદારોને ૨.૨૫ કરોડનો ક્લેઈમ ચૂકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

### વીમા કંપનીએ ક્લેઈમ નકારતા મૃતકના વારસદારોએ ગ્રાહક કોર્ટમાં ઘા નાંખી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**
ઉમરગામ ખાતે ટીવી સીરીયલનું શુટીગ જોતી વેળા સ્ટેજ પરથી પડી ગયા બાદ મૃત્યુ પામનાર મહિલાના વારસોને રૂ.૨.૨૫ કરોડનો ક્લેઈમ ચૂકવવા વિમા કંપનીને ગ્રાહક કોર્ટે આદેશ કર્યો હતો

સુરત શહેરમાં રહેતા સંજય અગ્રવાલના પત્ની દીપમાલા અગ્રવાલ ગત.તા.૪.૧૦.૨૦૧૦ના રોજ વલસાડ ખાતે ઉમરગાના વૃંદાવન સ્ટુડિયોમાં રાધા-ક્રિષ્ણા સિરીયલનું શુટીંગ જોવા ગયા હતા. શુટીંગ જોવા માટે દીપમાલા સ્ટેજ ઉપર ઉભા હતા તે દરમિયાન બેલેન્સ ન જળવાળા સ્ટેજ ઉપરતી નીચે પડ્યા હતા. જેમાં તેમને કમરના ભાગે ઈજા પહોંચી હતી. સારવાર માટે દીપમાલાને સુરતની ખાનગી હોસ્પિ.માં દાખલ કરાયા હતા. સારવાર દરમિયાન ઈજાઓના કારણે કમરની નીચેનો ભાગ પેરેલાઈઝ્ડ થઈ ગયો હતો. અને ૨૫.૧૦.૨૦૨૦ના રોજ સારવાર દરમિયાન મોત થયું હતું. ત્યારબાદ મૃતક દીપમાલાના પતિ અને બાળકોએ વીમા અન્વયે રૂ.૨.૨૫ કરોડનો પર્સનલ એક્સીડન્ટ ઈન્સ્યુરન્સનો ક્લેઈમ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિ. સમક્ષ કર્યો હતો. જોકે, આ ઈન્સ્યોરન્સ કંપનીએ ક્લેઈમ નામંજૂર કરી કારણ આપ્યુ હતુ કે ગુજરનાર દીપલામાનું પોસ્ટમોર્ટમ કરાવ્યું ન હોવાનું અને વીમા પોલીસીની શરતો મુજબ પીએમ રિપોર્ટ વીમા કંપની સમક્ષ રજૂ કર્યો ન હોવાથી ક્લેઈમ મળવા પાત્ર નથી.

જેથી મૃતકના વારસોએ સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રા?ચી અર્પીત દેસાઈ અને ઈશાન દેસાઈ મારફતે વિમા કંપની પાસેથી ક્લેઈમની રકમ મેળવવા કેસ કર્યો હતો. ફરિયાદી તરફે દલીલો થઈ હતી કે, ટ્રીટીગ ડોક્ટર દ્વારા મૃતકનું હાઈટ પરથી પડી જવાના કારણે મોત થયું હોવાનુ પ્રમાણીત કર્યું છે જે વિશે કોઈ શંકાનું કારણ નથી. અઠવા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગની નોંધ કરાવવામાં આવી હતી. અઠવાપોલીસે પીએમ કરવા પણ જણાવ્યું ન હતું. વળી, પીએમ રીપોર્ટ ન હોય તો પણ વીમા કંપની એક્સીડેન્ટનો ક્લેઈમ નામંજૂર કરી શકે નહીં એવી રજૂઆત કરી હતી. સુરત ગ્રાહક કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ જણાવ્યું હતુ કે વીમા કંપની તરફથી પીએમ રિપોર્ટ ન હોવાથી ક્લેઈમ રદ કરવાનો નિર્ણય ખોટો છે. વીમા કંપનીએ મૃતક મહિલાના પતિ અને ત્રણ સંતાનોને ક્લેઈમની રકમ રૂ.૨.૨૫ કરોડ ૮ ટકાના વ્યાજ સાથે ચૂકવી આપવા તેમજ શારીરિક માનસિક ત્રાસ માટેના રૂ.૫૦ હજાર વળતર તરીકે અને કાનૂની કાર્યવાહી માટેના રૂ.૨૫ હજાર પણ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# પરવટ પાટિયાની ભાવના જ્વેલર્સમાં ચોરી કરવા બે દુકાનમાં ગાબડું પાડી તસ્કરો ઘૂસ્યાં

**પુણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી ભાવના જ્વેલર્સમાં લાખો રૂપિયાના દાગીનાની ચોરી**




**સુરત, તા. ૨૪**
પુણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પર્વત પાટિયા વિસ્તારમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ચોરીની ઘટના સામે આવી છે, જેમાં બે જેટલી દુકાનોની દીવાલમાં બાકોરું પડીને ’ભાવના જ્વેલર્સ’માંથી સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરવામાં આવી છે.

ચોરે ખૂબ જ આયોજનબદ્ધ રીતે આ ઘટનાને અંજામ આપ્યો હતો. જ્વેલર્સની દુકાનમાં સીધો પ્રવેશ કરવાને બદલે, તેઓએ બાજુની દુકાનોનો સહારો લીધો હતો. ચોર શખ્સોએ સૌપ્રથમ નાગનેશી જેન્ટ્સ વેર (કપડાની દુકાન)માં પ્રવેશ કર્યો હતો. કપડાની દુકાનની દીવાલમાં બાકોરું પાડ્યું અને બાજુમાં આવેલી ફૂટવેરની (શૂઝની) દુકાનમાં પ્રવેશ કર્યો હતો. ફૂટવેરની દુકાનમાંથી પણ આશરે બેથી અઢી ફૂટ જેટલું મોટું બાકોરું પાડીને ચોર ઈસમ જ્વેલર્સની દુકાનમાં ઘૂસ્યો હતો. ચોર જ્વેલર્સની દુકાનમાં રહેલા બાથરૂમ વાટે પ્રવેશ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જ્વેલર્સની દુકાનમાં પ્રવેશ્યા બાદ ચોર શખ્સે દુકાનમાં રાખેલી તિજોરીને તોડવાનો પ્રયાસ કર્યો હતો અને દુકાનની અંદર રાખેલા સોના-ચાંદીના કીમતી ઘરેણાંની ચોરી કરી હતી. ચોરીનો ચોક્કસ આંકડો હજુ સુધી જાણી શકાયો નથી, પરંતુ તે મોટો હોવાની આશંકા છે.

ચોર શખ્સ દુકાનમાં પ્રવેશ કરતી વખતે સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો, જેમાં તે મોઢે રૂમાલ બાંધેલો જોવા મળે છે. જોકે, દુકાનમાં પ્રવેશ કર્યા બાદ ચોર દ્વારા સીસીટીવી કેમેરા પણ બંધ કરી દેવાયા હતા, જે સૂચવે છે કે ચોર જાણભેદુ હોઈ શકે છે.

ચોરીની આ સમગ્ર ઘટનામાં જ્વેલર્સની બાજુમાં આવેલ શૂઝ અને જેન્ટ્સ વેરના દુકાનદારો શંકાના દાયરામાં છે, વહેલી સવારે જ્યારે વેપારીને ચોરીની જાણ થઈ, ત્યારે તાત્કાલિક પુણા પોલીસને

અનુસંધાન પાના ૭ પર